॥ હરિઃૐ ॥



પૂજ્ય શ્રીમોટા

# જીવનપ્રવાહ

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનપ્રવાહ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૫ | ૧૦૦૦ | ત્રીજી | ૨૦૦૭ | ૨૫૦ |
| બીજી | ૨૦૦૧ | ૨૦૦૦ | ચોથી | ૨૦૧૨ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૨૪ + ૨૨૦ = ૨૪૪

❑ કિંમત : **રૂ. ૨૦/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ )

પૂજ્ય શ્રીમોટાના પ્રેમભાવથી રંગાયેલા, હરિઃૐ આશ્રમ, સુરતની જરૂરિયાત માટે સહાયરૂપ થવાની જેમની હરહંમેશ ભાવના રહી છે, તેવા ગામ અંત્રોલી, તા. પલસાણા, જિ. સુરતના વતની

**શ્રી પરેશસિંહ હરિસિંહ બારડ**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી નયનાબહેન પરેશસિંહ બારડ**

અને તેમનાં માતાપિતા

**સદ્ગત શ્રી હરિસિંહ પ્રભાતસિંહ બારડ**

અને

**સદ્ગત શ્રીમતી શાંતાબહેન હરિસિંહ બારડ**ને

**'જીવન પ્રવાહ'**ની આ ચોથી આવૃત્તિ સમર્પિત કરતાં અમો ધન્યતાની અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૫મો જન્મદિન
ભાદરવા વદ ચોથ, સં. ૨૦૬૮
તા. ૪-૧૦-૨૦૧૨

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ,
સુરત

॥ હરિ:ૐ ॥

# સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ )

## શ્રી ડૉક્ટર ભૂપેન્દ્રભાઈ ક્લાર્કને

**સસ્નેહ**

**સમર્પણ**

તા. ૨૦-૪-૧૯૭૫ **-મોટા**
રામનવમી, ૨૦૩૧

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

સુરતમાં રાંદેરની પાસે કુરુક્ષેત્રમાં એક હરિઃૐ આશ્રમ આવેલો છે અને તેમાં પૂજ્ય શ્રીમોટા નામે એક સંત રહે છે. એવી વાત ઘણી વાર સાંભળેલી, પરંતુ ત્યાં ગયેલા નહિ કે પૂજ્ય શ્રીમોટાને જોયેલા પણ નહિ.

થોડા દિવસ પહેલાં મનમાં થઈ આવ્યું કે ચાલો, આશ્રમમાં ફરવા જઈએ અને પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરી આવીએ. સદ્‌ભાગ્યે અમે ગયા ત્યારે પૂજ્ય શ્રીમોટા આશ્રમમાં જ હતા, એટલે દર્શન કરીને તેમની પાસે બેઠા. તેમણે અમારાં નામ, ઠામ, વ્યવસાય વગેરે બાબતે પૂછ્યું. ત્યાં એમના ફરવા જવાનો સમય થયો એટલે સૌ ઊઠ્યાં.

તેમને બેસવાની એક હાથગાડી આવી, તેમાં તેઓશ્રી બેઠા અને હાથગાડી ચાલી અને અમો સૌ પણ તેમની પાછળ ચાલ્યાં. રસ્તામાં પૂજ્ય શ્રીમોટા ભજનો બોલતા હતા અને ભાઈ ચૂનીભાઈ તમાકુવાળા તે લખી લેતા હતા. આવી રીતે આખે રસ્તે જતાં અને આવતાં પૂજ્ય શ્રીમોટા ભજનો બોલ્યે ગયા અને ભાઈ ચૂનીભાઈ તે લખતા ગયા. અમને આ ભજનો સાંભળવાની બહુ મજા આવી. ભગવાનના ભક્તને મોંએથી આવાં ભજનો સાંભળવાની તક મળી, તેથી અંતરમાં અમે ઘણા રાજી થયા અને બીજે દિવસે પણ આવવાનું નક્કી કર્યું.

બીજે દિવસે સમયસર અમે આશ્રમમાં પહોંચી ગયા. પૂજ્યશ્રીએ અમારા ખબરઅંતર પૂછ્યા અને ફરવાનો સમય થતાં અમે પણ સૌની સાથમાં જોડાયા. ગઈકાલની જેમ રસ્તે પૂજ્ય શ્રીમોટા ભજનો બોલતા ગયા અને ભાઈ ચૂનીભાઈ તમાકુવાળા તે

લખતા ગયા. પૂજ્યશ્રીના સ્વમુખેથી અમને ભજનો સાંભળવાનાં મળ્યાં તેથી અમને ઘણો આનંદ થયો. પછી તો પૂજ્યશ્રી પાસે દરરોજ જવાનું અમને મન થવા માંડ્યું અને એ રીતે અમો તેમની પાસે દરરોજ જતા અને ભજનો સાંભળવાનો લહાવો લેતા.

પૂજ્યશ્રીનાં ભજનો સાંભળવાનો જેમ એક લહાવો છે તેમ તેમને મળવાનો પણ એક લહાવો છે. સ્વજનને બોલાવવા, તેમના ખબરઅંતર પૂછવા, તેમના સંસારવહેવારની બાબતોમાં રસ લેવો, તેમના વેપાર વાણિજ્ય વિશે સલાહ આપવી, આ બધું તેઓશ્રી એવી અનોખી રીતે કરતા હોય છે કે તેઓ જાણે અંતરમાં વસી જાય અને આપણા લાગે. આ પ્રપંચકાળમાં જ્યારે કોઈ કોઈનું નથી ત્યારે સામેથી આવીને એક સંત આપણો હાથ પકડે છે તે એક ભગવાનની કૃપા નહિ તો બીજું શું ? અમને પૂજ્ય શ્રીમોટાની વાતોમાં અને ભજનોમાં ઘણો રસ પડવા માંડ્યો.

આ **'જીવનપ્રવાહ'** પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના કેવી રીતે કરી તેને ભજનોમાં આલેખી છે. પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનાની શરૂઆત સ્મરણથી કરેલી છે. સ્મરણને તેઓ અગત્યનું ગણે છે અને તેથી જ તેઓ સ્મરણ ઉપર વિશેષ ઝોક આપે છે અને તેથી જ સ્મરણ વિશે સ્ફોટ કરતાં તેઓ લખે છે :-

***'નમાલું ના સ્મરણ કિંતુ સ્મરણ તાકાતવાળું છે,***
***ન ખાલી વાત ફોકટ આ, અનુભવીને જ ગાયું છે.'***

જે સ્મરણથી નરસિંહ મહેતા, મીરાં જેવાં ભક્તો તરી ગયાં અને બીજાને તાર્યાં તે કોના બળે ? ભગવાનના સ્મરણના બળે. આ વાતો કોણ નથી જાણતું ? કેટલાય ક્ષુદ્ર માણસો ભગવાનના નામના બળે કેટલા મહાન થઈ ગયા છે તેની વાતો જાણીતી છે. સ્મરણનું મહત્ત્વ ગાતાં પૂજ્ય શ્રીમોટાએ યોગ્ય જ લખ્યું છે કે :-

*'સ્મરણથી માતબર જીવન કૃપાથી તો થયેલું છે,*
*જીવન જીવવાની જડીબુટ્ટી સ્મરણમાંથી મળેલી છે.'*

આમ, સાધનામાં સ્મરણ કેટલું મદદકર્તા છે, તે આના ઉપરથી સમજી શકાશે. શ્રેયાર્થી જેમ જેમ સ્મરણ કરતો જાય છે અને તેનું સ્મરણ જેમ જેમ દઢ થતું જાય છે તેમ તેમ એને હવે આગળ શું કરવું તેની કંઈક સ્ફુરણા અને પ્રેરણા થતી જાય છે.

આ રીતે સાધનાપથમાં ભગવાન કોઈને અધવચ રાખતો નથી. પરંતુ જેવી જેની મહત્ત્વાકાંક્ષા, મથામણ અને પુરુષાર્થ તેવો તેને માર્ગ કરી આપે છે. ખરી રીતે તો શ્રેયાર્થીની તમન્ના અને તેનો અનુભવ જ તેને સાધનાને માર્ગે આગળ દોરી જાય છે. તે વિશે પોતાનો અનુભવ ટાંકતાં પૂજ્ય શ્રીમોટા લખે છે કે :-

*'જીવનપથની કશી નહોતી સમજદારી હૃદય મુજને,*
*ચલાયું જેમ આગળ છે, છતી સમજણ થઈ ત્યારે.'*

કારણ કે સાધના વિશે શ્રેયાર્થી જે જે સાધનો કરતો હોય છે તેનાં ખ્યાલો, સમજણ વગેરે આપોઆપ તેનામાં છતા થાય છે. અને તેમ થતાં-

*'સમજ ધ્યેય પરત્વેની ન ખાલી તે પડી રહે છે,*
*ક્રિયાવંત થતી રહેતી સમજનું એ જ લક્ષણ છે.'*

જગતમાં બધાં જ બધું જ યોગ્ય રીતે જ કરતાં હોય છે એવું બનતું હોતું નથી, જો તેમ થતું હોય તો તેનું પરિણામ પણ તેવું જ આવે. આ હકીકત શ્રેયાર્થીને પૂજ્ય શ્રીમોટાની નીચેની બે પંક્તિઓ વાંચતાં તુરત સમજાશે.

*'થયા વિના પૂરેપૂરું, બધી રીત પોલું સંપૂર્ણ,*
*કદી પણ વાંસળીથી તો શકે ના નીકળી સૂર.'*

શ્રેયાર્થીએ સાધનામાર્ગમાં તેની સમજણો, માન્યતાઓ, આગ્રહો આ બધાંયને દેશવટો દેવો પડશે. એક માણસ જીવન એક રીતે જીવે છે તો બીજો બીજી રીતે જીવે છે, એવું પણ જગતમાં આપણે જોઈએ છીએ અને તેઓ બંને તેમની રીતે સાચા હોય છે. એટલે શ્રેયાર્થી જો જીવનને પોતાની સમજણના બીબામાં જ ઢાળશે તો તે ખોટે માર્ગે દોરવાશે, કારણ કે :-

*'જીવન ના સાંકડું ક્યાંયે સમુદ્રથીય મોટું છે,*
*મપાયું તો જીવન કદી પણ મપાવાનું જરી ના છે.'*

ઉપરની પંક્તિઓ જીવનને સમજવા માટે કેટલી યથાર્થ છે, એ જો શ્રેયાર્થી સમજે તો તેની સાધનાકૂચમાં તે આડેઅવળે ન રોકાતાં તેને જે સ્ટેશને પહોંચવું છે તે જ સ્ટેશને જઈને તે ઊભો રહેશે, કારણ કે :-

*'પ્રગટતો ભાવ જો રહે છે, વળી જો ચેતનાત્મક તે,*
*અસર તેની ફરી વળીને રૂપાંતર તે કરાવે છે.'*

*'જીવનમાં ભાવ પ્રત્યક્ષ થતો સાકાર જ્યાં રહે છે,*
*જીવનનું નવજીવન થાતાં પછી ના વાર લાગે છે.'*

આ **'જીવનપ્રવાહ'**માં આવાં ભાવનાત્મક અને પ્રેરણાત્મક લખાણો શ્રેયાર્થીને તેની સાધનામાં માર્ગદર્શક થઈ પડશે.

સંસારવહેવારમાં ઘણા લોકો ભગવાનના ભક્તને વિશે એવું કહેતા સાંભળવામાં આવ્યા છે કે ભગવાનના ભક્તને તો ભગવાનનું નામ લીધા કરવાનું. એને ઓછી કાંઈ બીજી જવાબદારી છે ? આવા લોકોને કઈ રીતે સમજાવવું કે ભગવાનના ભક્તને જેટલી જવાબદારી છે એટલી જવાબદારી બીજા કોઈને હોતી નથી. પણ એટલું ખરું કે સામાન્ય માણસને તેની જવાબદારીનો મન

ઉપર જે બોજો રહે તેવો બોજો ભગવાનના ભક્તના મન ઉપર રહેતો નથી. આ બાબતને પૂજ્ય શ્રીમોટાએ નીચેની બે પંક્તિઓમાં વ્યક્ત કરી છે :-

*'કશી ના જવાબદારી છે, છતાં પણ જવાબદારી છે,*
*શી માથાભારે જીવનની કથની મુજ સૂક્ષ્મ એવી છે !'*

પૂજ્ય શ્રીમોટાના સ્વમુખેથી આ **'જીવનપ્રવાહ'**નાં કેટલાંય ભજનો અમે સાંભળ્યાં છે અને તેનો આસ્વાદ લીધેલો છે. પૂજ્ય શ્રીમોટાનાં ભજનોની ખરી ખૂબી તો એ છે કે તે બોલતાં વાર જ સમજાઈ જાય છે. આથી જ તેમનાં ભજનોમાં અમને વધુ રસ પડ્યો અને આ ભજનો દ્વારા જ તેમની નજીકમાં અવાયું. જેમ અમને આ ભજનોમાં રસ પડ્યો તેમ સૌને તેમાં રસ પડશે એવી આશા છે.

પૂજ્ય શ્રીમોટા સાથે અમારી આત્મીયતાની જે ગાંઠ બંધાઈ છે, તે દિવસે દિવસે મજબૂત બનો અને તેમના સાંનિધ્યમાં રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાવ એ જ પ્રાર્થના.

તા. ૧-૫-૧૯૭૫, સુરત **રામજીભાઈ જીવરાજભાઈ પટેલ**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

આ વખતે એટલે કે તા. ૧૬-૩-૧૯૭૫ના રોજ સુરત આશ્રમમાં આવવાનું થયું ત્યાર પછી મારા શરીરને બહુ દુઃખ, બહુ વેદના થવા લાગી, ભયંકર વેદના થવા લાગી.

'ભયંકર વેદના કેવી અસહ્યાતીત લાગે છે.' એટલે મેં નંદુભાઈને કહ્યું કે 'શરીરને બહુ વેદના થાય છે, આમ તો હું સ્મરણ ભજન કર્યાં કરું છું, પણ હવે એમ થાય છે કે હું જાણે કે ભજન લખું, એમાં મારો જીવ વધારે પરોવાય. અને હું ગઝલમાં લખું તો !' નંદુભાઈ કહે કે 'હા એમ કરો !' એટલે મેં તો ત્યારથી લખવા માંડ્યું, અને નક્કી કર્યું કે ૨૦૮ ભજનો લખવાં. અને ભગવાનની કૃપાથી કોઈ છપાવનાર તો મળી જશે, અને એમ એવી રીતે લખવા માંડ્યું. રોજ સવારે મને ગાડીમાં બેસાડીને સુરત શહેરમાંથી આવતા ભાઈઓ ફરવા લઈ જતા ત્યારે હું મોઢેથી ભજન બોલું અને ભાઈ ચૂની કાગળમાં લખી લે.

ત્યારે કંઈ વિચારવાનું મારે ખાસ રહેતું નહિ. માત્ર હું બોલ્યે જતો અને એ લખ્યે જતો. એમ રોજ છ-સાત કદીક આઠ ભજનો થાય, અને બાકીનાં હું આશ્રમે બધાં બેઠા હોય તોપણ લખી લેતો. કોઈક વાર ૧૧-૧૨ પણ થઈ જતાં. એવી રીતે આ ભજનોનો સંગ્રહ એકઠો થયો છે. અને ભાઈ રજનીભાઈએ સારા અક્ષરે તે બધું ઉતાર્યું છે. મથાળાં તો અમે કરી આપતા અને રજનીભાઈ તે સારા અક્ષરે ઉતારી આપતા. એ બધું લખાણ પછી મેં એક ભાઈને મોકલી આપ્યું અને તેમણે વર્ગીકરણ કરીને પ્રેસમાં આપવા યથાયોગ્ય કરી તૈયાર કરી આપ્યું.

આ **'જીવનપ્રવાહ'**માં જે ગીતો છે, તે ગઝલના ઢાળમાં છે. ગઝલ એ દિલની ઊર્મિઓને વ્યક્ત કરવાનું એક સારું સાધન છે. ઊર્મિ, લાગણી, ભાવ, પ્રેમ એવાં બધાંને વ્યક્ત થવાને માટે ગઝલનો ઢાળ બહુ સરળતાભર્યો છે. આમ, બધું જાણતો હોવા છતાં આ પુસ્તકમાં જે ગઝલો લખાઈ છે તેમાં લાગણી, ભાવ, પ્રેમ વગેરે બધું નથી એમ તો નહિ, પરંતુ એમાં તર્ક, દલીલ વગેરે બધું પણ આવે છે, જે ગઝલમાં ના શોભે, તેમ છતાં મેં બધું લખી તો માર્યું છે.

આ મારાં ભજનો, એ મારા સાધનાના કાળમાં મારા જીવનમાં ભગવાનને અનુભવવાને મારાથી જે રીતની મથામણ અને સાધના થઈ છે, તેના ઈતિહાસનો આમાં ઉલ્લેખ છે અને તેની ખૂબી એ છે કે તે છેક નીચેથી લઈને છેક ઉપર જાય છે. climax માં આવે છે. એટલે કે દા.ત. હું એમ કહું કે હું આવો હતો, જીવદશામાં આવો હતો, આવો હતો, એમ જણાવીને આખરે પછી ઊંચામાં ઊંચી સ્થિતિ થઈ હોય તેનું વર્ણન આવે છે. એ એક રીતે મારા જીવનમાં, હું જીવદશામાં કેવો હતો અને મારી પ્રકૃતિ, સ્વભાવ કેવાં હતાં, તે પણ બધું સ્પષ્ટતાથી-ખુલ્લું લખ્યું છે, એમાં કોઈ સંકોચ રાખ્યો નથી, કારણ મારે તો મારા ભગવાનની આગળ બધું ખુલ્લું જ છે. આમ તો હું ખુલ્લો થઈ જ ગયેલો છું અને સમાજની આગળ પણ એ રીતે ખુલ્લા થઈને બધું લખ્યું છે.

અત્યાર સુધીમાં કેટલાં બધાં મારાં આવાં ભજનો બહાર પડ્યાં છે, તેમાં મારા તે તે કાળના પ્રકૃતિનાં જે જે બધાં વલણો હતાં, તે બહુ સ્પષ્ટ શબ્દોમાં વર્ણવેલાં છે.

મારાં આ ભજનો જે લખાયેલાં છે, તે ભજનોનું હું સાહિત્યની દૃષ્ટિએ એનું બહુ મૂલ્ય આંકતો નથી. સાહિત્યનો કંઈક મને અભ્યાસ ખરો, અને સાહિત્યની કંઈક સમજણ પણ ખરી, તેમ જ કાવ્યની

પણ સમજણ ખરી, કારણ હું B.A. માં હતો ત્યારે મારો વિષય ગુજરાતી હતો. ગુજરાતી ઑનર્સ મેં લીધેલું હતું. એટલે એ વિશે મને સમજણ તો પડે, પણ મારો નિયમ છે અને મારા ગુરુમહારાજનો મને હુકમ છે કે 'દીકરા, તારે એવું એવું લખવું જે બધાં સામાન્ય ભણેલાં અને ન ભણેલાં માણસોને પણ સમજણ પડે.' એને મૂળથી અને જ્યારથી લખવાની મેં શરૂઆત કરી છે ત્યારથી આ નિયમને હું વળગી રહેલો છું.

આ ભજનો પણ એવી સરળતાથી લખાયેલાં છે કે પહેલા જ વાંચને સામાન્ય માણસને પણ સમજ પડે. એવી રીતે આ લખાયેલું છે. એટલે આ ભજનોને હું કંઈ સાહિત્ય ગણતો નથી, જોડકણાં જ ગણું છું. અને એ રીતે જ જોવા વાચકોને મારી વિનંતી છે. શ્રેયાર્થીને આમાંથી ઘણું સમજવાનું મળશે. પછી જે કોઈ ભગવાનને અનુભવવાને હૃદયથી ખરેખરી જહેમત ઉઠાવતો હશે તેને આમાંથી સમજવાનું તો ઘણું મળશે, એટલું જ નહીં પણ આ બધી રીતરસમો સાધનાની છે તે મેં આ ભજનોમાં લખેલી છે. કેટલાંક ગૂઢ સાધનો વિશે મેં લખ્યું નથી. ગૂઢ સાધનો જેના વિશે મેં ઉલ્લેખ કર્યો નથી, એ ગૂઢ સાધનો મેં કરેલાં છે ખરાં પણ એના વિશે લખવું નકામું છે, કારણ કે અમુક કક્ષા સુધી કે અમુક ભૂમિકા સુધી ગયા ન હોઈએ ત્યારે તથા અમુક પ્રકારની શુદ્ધિ થયેલી ન હોય તો તે ગૂઢ સાધનો થઈ શકે નહિ અને એ માત્ર વાંચવાથી કંઈ આવડી શકે નહિ. એ તો એ પ્રકારની આપણી પરિપક્વ ભૂમિકા થઈ હોય તો જ એ ગૂઢ સાધન આપણાથી થઈ શકે. અને તે પણ બધાંથી જ તેવાં, ધારો કે કોઈની ભૂમિકા તેવી થઈ હોય તોપણ તેવાં, ગૂઢ સાધનો થઈ શકે કે કેમ તે પણ એક વિચારવા જેવો પ્રશ્ન છે. એટલે એ વિશે મેં કંઈ કશાનો ખાસ કંઈ ઉલ્લેખ આ આત્મનિવેદનનાં ભજનોમાં કરેલો નથી. એટલે જે ગૂઢ સાધનો મેં

કરેલાં છે તેનો આમાં ઉલ્લેખ નથી, પણ સામાન્યપણે જે સાધનો છે, સ્મરણ, કીર્તન, ભજન, નિદિધ્યાસન, સમર્પણ આ બધાં સાધનો જે મેં કરેલાં છે તેનો ઉલ્લેખ અંદર આવે છે. સાધના કર્યા વિના અને એ સાધનાનો જે ભાવ છે, સાધનામાંથી પ્રગટતો જે ભાવ છે, તે કર્મ દ્વારા જ સાકાર થાય છે. એ કર્મ-એટલા સારુ સાધકને માટે અનિવાર્ય છે, પણ એ કર્મ પ્રભુપ્રીત્યર્થે છે, એ પોતાને માટે નહિ, પણ પોતાના ભાવને સાકાર કરવાને માટે છે, કારણ ભાવને ઘટ્ટ કરવાને માટે અને પ્રભુપીત્યર્થે એ કર્મ જો થયા કરે અને એમાં હૃદયનો ભાવ પરોવાયેલો હોય તો એ માત્ર સ્થૂળ કર્મ નથી રહેતું પણ એ કર્મ યજ્ઞ થઈ જાય છે અને એ કર્મ તો ખરેખર રીતે કર્મયોગ બની જાય છે.

એટલે મારા જીવનમાં મેં ભક્તિ તો કરેલી જ છે. મારાં જે આટલાં બધાં ભજનો કરેલાં છે અને છપાયેલાં છે, તે રીતે કર્મ પણ એવી જાતનાં મારાથી ભગવાનની કૃપાથી થયેલાં છે, એટલે કર્મયોગ પણ થયેલો છે અને મારું આ સાહિત્ય વાંચતાં વાંચતાં કોઈને પણ સમજાશે કે 'મોટા'ને જ્ઞાન તો છે. એટલે આ તો ત્રિવેણીસંગમ થયેલો છે, એ પણ ભગવાનની મોટામાં મોટી કૃપા છે. કેટલી મોટી કૃપા કે જેનું સાહિત્યિક ભાષામાં વર્ણન થઈ શકે નહિ. એવી એ મોટી કૃપા છે, કારણ કે મારા જેવા સાવ બોથડને આવું આવડવું જ શક્ય નથી. નાનપણમાં જેણે જોયું હોય અથવા તો હું જ્યારે સાબરમતી આશ્રમમાં હતો અને ગુજરાત હરિજન સેવક સંઘનો સહમંત્રી હતો ત્યારે મને બોથડ અને ભોટ કહેતા એ બધી જાણીતી હકીકત છે. ત્યારે મારો વેશ પણ એ જાતનો હતો, કારણ કે મારે નમ્રતાને છેક શૂન્યતાની હદ સુધી લઈ જઈને પહોંચાડવી હતી, કારણ કે એ મારા જીવનની કેળવણીનો, નમ્રતાને કેળવવાનો, એક મોટામાં મોટો તબક્કો હતો, માત્ર એ જાતની

નમ્રતા કેળવવાનો મારો પ્રયાસ ચાલ્યા કરતો હતો અને તેથી બધાંને હું એવો લાગું એમાં કંઈ આશ્ચર્ય નથી. તેમ જ ત્યારે એ જાતનો ભાવ પણ મારા આખા મોઢા ઉપર પ્રવર્તતો હતો. એટલે લોકો મને એવો ભોટ કહે એ તેમની દૃષ્ટિએ તદ્દન વાજબી હતું, એમાં કોઈનો દોષ હું જોતો નથી. મેં કોઈ દિવસ કોઈને સામો જવાબ પણ આપેલો નથી. માત્ર હું ત્યારે હસતો. એટલે એ નમ્રતા અને આવા સાધનાને પંથે જેણે જવું છે તેણે છેક શૂન્ય પારા સુધી પહોંચે ત્યાં સુધી કેળવવી જોઈશે. અને અહમ્ તો સંપૂર્ણપણે ઓગળી જવું જોઈએ, પણ એ ભક્તિ વિના ઓગળવું કદી શક્ય નથી. ભક્તિ, એની છેક પરાકાષ્ઠાએ જ્યારે પહોંચે છે ત્યારે અહમ્ ઓગળે છે. ત્યારે અહમ્ એ ભગવાનના ભાવમાં મળી જાય છે અને ત્યારે જ સાચી ભક્તિ માનવીના દિલમાં લાગેલી છે એમ માની શકાય. બાકી, અહમ્ ઓગળ્યા વિના ભક્તિ પણ એની શૂન્યતાની ટોચે કદી પહોંચી શકતી નથી. એટલે આ બંનેનો પરસ્પર સંબંધ છે. સાચા સાધક કે શ્રેયાર્થીને માટે અહમ્‌ને ઓગાળ્યા સિવાય એ આગળ વધી શકવાનો જ નથી. સાધનાની શરૂઆતથી જ મને દિલમાં લાગી ગયેલું કે અહમ્‌થી મુક્ત થવું એ અનિવાર્ય પગલું છે. સાધનાના પંથમાં અહમ્‌થી મોકળા થવું અને નમ્રતાથી શૂન્યતા સુધી પહોંચવું એ અનિવાર્ય પગલું છે અને એ ભર્યા સિવાય સાચી ભક્તિ આપણા દિલમાં કદી પ્રગટી શકવાની નથી. એનું ભાન સાધનાની છેક શરૂઆતથી મને લાગી ગયેલું હતું. એ પણ ભગવાનની પરમ કૃપા કે મને એવું ભાન સૂઝેલું. જો તે ભાન થયું જ ના હોત તો કદાચ મારાથી એવા પ્રયત્ન પણ ના થયા હોત. અને મને સાધનાને પંથે જતાં જે જે પ્રકારનું ભાન સ્ફુરતું તે માત્ર હું મનમાં કે મારા મગજમાં રહેવા દેતો નહિ, પણ એનો અમલ જ થતો. પ્રત્યક્ષ તેનું અમલીકરણ થતું અને તેને હું કર્મ દ્વારા, તે

પ્રકારનો ભાવ મારા જીવનમાં સાકારપણે પ્રવર્ત્યા કરે એવો જ મારો જીવતોજાગતો પ્રયત્ન ચેતનાત્મક રહ્યા કરતો. અને એમાંથી ઘણાં સારાં ફળ નીપજેલાં મેં અનુભવેલાં છે.

આ જે ભજનો છે, તે ભજનોને રોજ સવારમાં વહેલા બધા ભાઈઓ શહેરમાંથી, સુરતથી આવતા અને ભાઈ ચૂની વાંચી સંભળાવતો અને તેમાં કંઈ ભૂલચૂક હોય તે અમે સુધારતા. અને રોજ એવાં ૧૦-૧૨ ભજનો સવારમાં અમે વાંચતા અને એવી રીતે આ બધાં ભજનો વંચાયેલાં છે અને નજર તળે નંખાઈ ગયેલાં પણ છે. તેમ છતાં એમાં ભૂલચૂક રહી ગઈ હોય તો વાચકો મને ક્ષમા કરશે એવી પ્રાર્થના.

હરિઃૐ તત્સત્

હરિઃૐ આશ્રમ,
સુરત **-મોટા**
તા. ૮-૪-૧૯૭૫

॥ હરિઃૐ ॥

# પ્રકાશકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવવાનું બનશે એવું અમે સ્વપ્નમાં પણ ધારેલું નહિ, તો પછી એમના પુસ્તકના પ્રકાશક બનવાનું સદ્‌ભાગ્ય સાંપડે એવું તો ક્યાંથી જ બને !

અમારો હીરાઘસુનો ધંધો જ એવો છે કે ભાગ્યે જ અમને સમય મળે. અને સમય મળે ત્યારે એવા થાક્યાપાક્યા હોઈએ કે કોઈ સંતસાધુના સમાગમ માટે જવાની ભાગ્યે ઇચ્છા થાય.

પરંતુ ભગવાનની મરજી જ અમને પૂજ્ય શ્રીમોટાના સમાગમમાં લાવવાની હશે. એટલે એક દિવસ અમારી સ્વેચ્છાએ જ અમે તેમના આશ્રમમાં ગયા અને જ્યાં તેમની પાસે ગયા ત્યાં એવા પ્રેમભર્યા સ્વરે અમને આવકાર મળ્યો કે અમારાં દિલ પ્રસન્ન થઈ ઊઠ્યાં. થોડી વાર બેઠા ત્યાં તેમના મુખેથી એક કડી બોલાઈ :-

*'ન જેનું કોઈ બેલી છે, હરિઆધાર તેનો છે,*
*હરિમાં દિલ રમે જેનું નગદ તેને હરિ શો છે !'*

આ સાંભળીને અમને થયું કે 'મોટા'ની વાત તો સાચી છે. 'જેનો કોઈ બેલી નથી, તેનો હરિ બેલી છે.' એ કહેવત જાણીતી છે. પૂજ્ય શ્રીમોટાએ તેને કેવા સુંદર ભાવમાં સાંકળી લીધી છે ?

પછી તો 'મોટા' ફરવા ચાલ્યા તેની પાછળ પાછળ અમો પણ તેમની સાથે ફરવા ગયા. રસ્તામાં તેઓશ્રી ભજનો બોલતા ગયા અને ભાઈ ચૂનીભાઈ તમાકુવાળા તે લખતા ગયા. જેમાંની કેટલીક કડીઓ અમને ખૂબ ગમી ગઈ તે નીચે ટાંકી છે :-

*'કૃપા જો સાથ હરિની છે, થતું પુરુષાર્થથી શું ના ?*
*મથ્યા તેથી કરેલું છે, મળે મથવાથી તો મેવા.*

*જીવનમાં નમ્ર વિવેકે મને શો સાથ આપ્યો છે !*
*જીવનવિકાસમાં આગળ ખરે તેથી ધપાયું છે.*

*હરિસ્મરવાની લત જેને નિરંતરની પડેલી છે,*
*હરિ તેવાની સંભાળ જીવનમાં પ્રેમથી લે છે.'*

ઉપરની કડીઓ વાંચીને જે ભગવાનનું નામ ન લેતો હોય તેને પણ ભગવાનનું નામ લેવાનું મન થઈ આવે છે. અમે જ્યારે જ્યારે પૂજ્ય શ્રીમોટાની પાસે બેઠા હોઈશું ત્યારે અમારા દિલમાં એવું થતું કે જાણે તેમની પાસે બેઠા જ રહીએ અને તેમનાં ભજનો સાંભળ્યા જ કરીએ, પરંતુ તેઓશ્રીનો તો કડક નિયમ કે અમુક સમય પછી કોઈએ મળવા આવવાનું અને રહેવાનું નહિ. એટલે શું થાય ?

પૂજ્ય શ્રીમોટાને મળવા જતાં જેટલો આનંદ થતો એટલો જ આનંદ તેમનાં ભજનો સાંભળવાથી અમને થતો. ભગવાન રામચંદ્રજીને નદી પાર કરાવ્યા બાદ નાવિકને નદી પાર કરાવ્યાનું શું આપવું, એમ પૂછ્યું ત્યારે નાવવાળાએ કહ્યું કે ભગવાન, આપણે તો ધંધાદારી ભાઈઓ. હું લોકોને નદી પાર કરાવું છું અને આપ લોકોને જીવનપાર કરાવો છો. આપણી પાસેથી મારે કંઈ લેવાનું હોય નહિ. એવું જ અમારે અને પૂજ્ય શ્રીમોટાને વિશે પણ છે. અમે હીરાને ઘસી ઘસીને ચમકદાર બનાવીએ અને પૂજ્ય શ્રીમોટા બીજાના જીવનને ઘરી ઘસીને ચમકદાર બનાવે છે. ભગવાન, પૂજ્ય શ્રીમોટાને ખૂબ ખૂબ આયુષ્ય આપો અને તેમના હાથે ભજનનાં આવાં અનેક પુસ્તકો લખાવે એ જ પ્રાર્થના.

તા. ૮-૪-૧૯૭૫, સુરત **કરસનભાઈ મેઘજીભાઈ પટેલ**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

આ **'જીવનપ્રવાહ'** પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવનસાધનાનાં ભજનો લખ્યાં છે. પર્વતારોહણ કરતાં જેમ જુદાં જુદાં ચઢાણો આવે છે, તેમ આ સાધનાપંથે પણ જે ખાડાટેકરા ચઢવા-ઊતરવાના આવ્યા, ટાઢતડકો વેઠવાનો આવ્યો અને બીજી અનેક રીતે જે સંકટો વેઠવાનાં આવ્યાં, તેને શબ્દબદ્ધ કરીને પોતાની સાધનાકથા રજૂ કરી છે. જે ઉપરથી શ્રેયાર્થીને તેનો ખ્યાલ આવશે.

અત્યાર સુધીમાં પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનાકથાનાં અનેક પુસ્તકો લખ્યાં છે. જેમાં તેમણે તેમની સાધનાનાં જુદાં જુદાં પાસાં રજૂ કર્યાં છે. તે ઉપરથી પ્રભુપ્રાપ્તિને માટે કેટલો બધો પુરુષાર્થ કરવો પડે છે, તેનો શ્રેયાર્થીને પરિચય થશે. કુંભાર બધી માટીને ગૂંદી ગૂંદીને એકરસ કર્યા પછી જ તેને ચાકડે ચઢાવીને તેને જે વાસણ બનાવવું હોય તે બનાવે છે, તેમ ઈશ્વરીમાર્ગના શ્રેયાર્થીએ શરીરથી, મનથી અને ઇંદ્રિયોથી એમ ત્રિવિધ રીતે યોગ્ય થતાં થતાં સાધનામાર્ગની કૂચ આદરે છે અને પરમ પદનું ધ્યેય લક્ષમાં રાખીને તેને માટે જુદા જુદા પ્રયાસો કરે છે. એ રીતે પૂજ્ય શ્રીમોટાએ જે જુદા જુદા પ્રયાસો કર્યા છે, તે આ **'જીવનપ્રવાહ'** પુસ્તકમાંથી શ્રેયાર્થીને જાણવા મળશે. પરમાત્મા કેટલો કરુણાળુ છે, તે વિશે ઉલ્લેખ કરતાં તેઓશ્રી લખે છે કે :-

*'કૃપાસિંધુ હરિ પોતે, ન સાહિત્યિક ઉપમા તે,*
*ખરે સાક્ષાત્ એવો તે અનુભવથી પિછાણ્યો છે.*
*વફાદાર હરિ જેવો બીજો કોઈ માનવી ના છે,*
*હરિ, ના માનવી તોયે, બને તે ભક્તને માટે !*
*કળા, કરામત હરિકેરાં કળ્યામાં આવી શકતાં ના,*
*અમર્યાદિત છતાં પાછી શી એને દિવ્ય મર્યાદા !'*

પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના કરતાં કરતાં પરમાત્માનાં જુદાં જુદાં પાસાંનાં જે દર્શન કર્યાં છે, તેને એવી સરસ રીતે રજૂ કર્યાં છે કે અન્ય કોઈને પણ તે પ્રતિ વળવાનું મન થાય. એ રીતે આ **'જીવનપ્રવાહ'** જો શ્રેયાર્થીને પ્રેરણાત્મક બનશે તો તેમણે લીધેલો શ્રમ યથાર્થ થશે. પૂજ્ય શ્રીમોટાના ગુરુમહારાજે એમને આદેશ આપેલો કે ભગવાનને માર્ગે જતાં જતાં તને જે કંઈ મળે તેનો ઉપભોગ તું એકલો ના કરતો, પણ એ પ્રસાદની વહેંચણી સૌને કરજે. આથી જ એમની સાધનાની વાતો એમણે મુક્ત મનથી સમાજચરણે ધરી છે કે જેથી કરીને જેમને ઈશ્વરાભિમુખ થવું છે તેમને બધું જાણવાનું મળે.

પૂજ્ય શ્રીમોટા તેમનાં પ્રગટ થયેલાં પુસ્તકોમાંથી જે કાંઈ આમદાની થાય છે, તે લોકકલ્યાણનાં કાર્યોમાં જ વાપરે છે. આથી, તેમના ચાહકોને વિનંતી છે કે તેઓ તેમનું સાહિત્ય લઈ-લેવરાવીને તેમના પરમાર્થનાં કાર્યમાં મદદરૂપ થાય.

આ પુસ્તક તૈયાર કરવામાં ભાઈ ચૂનીભાઈ તમાકુવાળા તથા ભાઈ રજનીભાઈએ જે મહેનત કરી છે તેની નોંધ લેતાં ખુશી થાય છે. લેખકના બે બોલમાં પૂજ્યશ્રીએ તેમનો ઉલ્લેખ પણ કરેલો છે. બંને આશ્રમનાં સ્વજનો જેવા છે. એટલે તેમનો આભાર માનતા નથી, પરંતુ તેમના ભાવની કદર કરીએ છીએ.

પૂજ્યશ્રી તરફના ભાવથી પ્રેરાઈને એક સ્નેહી સજ્જને આ પુસ્તક છપાવી આપવાનો બધો ખર્ચ આપ્યો છે, તે માટે તેમના ઘણા ઘણા આભારી છીએ.

મે. એલેમ્બિક પ્રેસે પૂજ્યશ્રીનાં પુસ્તકો એક પછી એક ત્વરિત ગતિએ ઉત્સાહપૂર્વક છાપી આપીને સમાજ પાસે ધરવાની જે સુલભતા કરી આપી છે, તે માટે તેમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

હરિઃૐ આશ્રમ, **નંદુભાઈ શાહ**
નડિયાદ મૅનેજિંગ ટ્રસ્ટી,
તા. ૨૨-૪-૧૯૭૫

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનાકથા દરમિયાન અનેક પુસ્તકો લખ્યાં છે અને તેમાં સાધનાનાં જુદાં જુદાં પાસાં રજૂ કર્યાં છે. આ **'જીવનપ્રવાહ'** પુસ્તકમાં પણ શ્રીમોટાએ જીવનસાધનાની ગઝલો રૂપે ભજનો લખ્યાં છે. 'જીવનપ્રવાહ' પૂજ્ય શ્રીમોટાના હૃદય આત્મામાં પ્રવેશવાનો અને પૂજ્યશ્રીના જીવનભરની સાધનાનો ધોધ છે. તેવું સ્પષ્ટ વર્તાય છે.

આ પુસ્તક છપાવવા માટે આર્થિક સહયોગ આપનાર શ્રી કિરીટકુમાર એન. દેસાઈ અને શ્રીમતી નિરંજનાબહેન કે. દેસાઈનાં અમો આભારી છીએ.

આ પુસ્તકના ટાઈટલની આકર્ષક ડિઝાઈન તથા તેની પૉઝિટિવ કરી આપવા બદલ શ્રી તુષાર પટેલનો પણ અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ પુસ્તકનું આવરણ ચાર રંગમાં છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

'જીવનપ્રવાહ' પુસ્તકની પ્રથમ આવૃત્તિ ખલાસ થઈ જતાં, તેની આ બીજી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ. લોકોને કિફાયત દરે પુસ્તકો પૂરાં પાડવાં તે હરિઃૐ આશ્રમની નૈતિક જવાબદારી છે. તેથી, આ ગ્રંથ પ્રગટ કરી અમે કંઈક અંશે ગુણ અને ભાવની ઝંખના સેવતા, આધ્યાત્મિક વિકાસ વાંચ્છુંઓના કરકમલમાં સમર્પિત કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનાં વેચાણમાંથી મળતી રકમ લોકકલ્યાણને અર્થે જ વપરાતી હોય છે. એટલે સૌ કોઈ ગુજરાતી અધ્યાત્મરસિક પ્રજા પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોને ખરીદીને વાંચે અને પોતાના શ્રેયની સાથે સમાજના શ્રેયમાં ભાગીદાર થશે એવી આશા છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **સી. ડી. શાહ**
તા. ૧૫-૬-૨૦૦૧ — મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને સાધનાકાળ દરમ્યાન અતિ વિકટ સંકટો આવ્યાં, જે તેઓશ્રીએ એકમાત્ર શ્રીહરિનું શરણું સેવીને પાર પાડ્યાં. વિપત્તિ, દુઃખ, મુશ્કેલી, અડચણ વેળાએ સંસારી જીવ મન અને બુદ્ધિથી ઉકેલ કાઢવા મથે છે. ઉકેલ કાઢ્યા બાદ સફળ થાય તો વ્યક્તિ અહમ્‌માં ડૂબે છે અને નિષ્ફળ થાય તો નિરાશામાં ડૂબે છે. આમ, બંને સ્થિતિમાં મહદ અંશે પોતાને પાછો પડતો જ અનુભવે છે.

શ્રીહરિચરણે પૂજ્ય શ્રીમોટાની આ પ્રાર્થનાઓ, સરળ ભાષામાં વાચકને પ્રેરણાત્મક સંદેશો આપે છે, કે અન્ય તત્ત્વોના શરણે જવા કરતાં શ્રીહરિને ચરણે સમર્પણ થઈ જાઓ તો શ્રીહરિ જ રાહ બતાવશે અને આપણું સર્વ કાંઈ પાર પાડશે.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિના નિવેદનમાં પૂજ્ય ભાઈ શ્રી નંદુભાઈએ સુંદર રીતે સમજાવ્યું છે. તેથી, વિશેષ વધુ લખવું યોગ્ય ના ગણાય, વાચકોને તે નિવેદનનો અભ્યાસ કરવા નમ્ર વિનંતી છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૫મો જન્મદિન
ભાદરવા વદ ચોથ, સં. ૨૦૬૮
તા. ૪-૧૦-૨૦૧૨

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ,
સુરત

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | સ્મરણચર્યા | ... ... | ૧-૩૬ |
| ૨ | સાધનાસોપાન | ... ... | ૩૭-૮૮ |
| ૩ | સાધનાચઢાણ | ... ... | ૮૯-૧૨૮ |
| ૪ | હરિતલસાટ | ... ... | ૧૨૯-૧૬૮ |
| ૫ | હરિસંબંધ | ... ... | ૧૬૯-૧૯૬ |
| ૬ | હરિઆસ્વાદ | ... ... | ૧૯૭-૨૧૪ |


❑

# જીવનપ્રવાહ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિ:ૐ

# ખંડ - ૧

## સ્મરણચર્યા



હરિના સ્મરણથી કેવું જીવનસૌંદર્ય ખીલે છે !
સ્મરણ, ના છે સ્મરણ માત્ર, સ્મરણ અમૃતસિંધુ છે.

હરિઃૐ

## અને તેને લીધે જીવન ભર્યું ભર્યું દિલ લાગે છે

જીવનમાં તો હરિ સ્મરવા મને મન જે થયેલું છે,
મહદ સદ્‌ભાગ્ય જીવનનું હું માનું છું હૃદય તેને.

કંઈક વેળા કદીક મુજથી હરિને જો ભુલાયો છે,
પછી તેથી કરી મુજને કશે ના જંપ વળિયો છે.

શરૂશરૂમાં મથીમથીને સ્મરણ લેવાયું મુજથી છે,
સતત અભ્યાસ પડતાંમાં સ્મરણ લેવાયું મેળે છે.

સ્મરણમાં દિલ પરોવાતાં હૃદય એકાગ્રતા થઈ છે,
અને તેને લીધે જીવન ભર્યું ભર્યું દિલ લાગે છે.

હરિઃૐ

## હવે બચવાતણો માત્ર સ્મરણ ઉપાય એક જ છે

ગળાબૂડ હું ડૂબેલો તો, નર્યા સંસારને વિશે,
કદી ઊઠવાનું તેમાંથી ન જાગ્યું, મન હતું સહેજે.

નર્યા સંસાર રગડામાં ચૂંથાયા હું જતો'તો શો !
અને વ્યવહારમાં માત્ર હતું ચોંટેલું મુજ મન તો.

ભયંકર આંચકો ત્યારે હરિએ તો દીધેલો છે,
હરિ ગમ વાળવા મુજને સ્મરણસાધન દીધેલું છે.

હવે બચવાતણો માત્ર સ્મરણ ઉપાય એક જ છે,
હૃદય નિશ્ચિત તે ધારી સ્મરણમાં હું ડૂબેલો જે.

હરિઃૐ

## સ્મરણની લગની લાગ્યાથી સ્મરણમાં ભાવ જાગ્યો છે

જીવનસંસારમાં મુજને હરિ વિના ટકાવું તે,
અશક્ય સાવ લાગેલું, વળાયું તેથી હરિમાં છે.

લગાડ્યો છંદ હરિએ શો સ્મરણ વિશે મને હૃદયે !
સ્મરણની લગની લાગ્યાથી સ્મરણમાં ભાવ જાગ્યો છે.

નિરંતરનું સ્મરણ થાતાં પછી ભાવ જીવન વિશે
-સતત તે ફોરવા લાગ્યો, જીવન પલટાયું તેથી છે.

હરિની ભાવના જીવન વિશે તરતી રહ્યા કરીને
-જીવનને ઓપ આપીને, જીવન સુંદર બનાવે છે.

હરિઃૐ

## સ્મરણ લેતાં, સ્મરણ ભજતાં, સ્મરણની ધૂન લાગી છે

હરિના પંથનું ભાન નહોતું કંઈ હૃદય મુજને,
શરીરમાં રોગ પ્રગટાવી રટણ તુજ લેવરાવ્યું છે.

સ્મરણ લેતાં, સ્મરણ ભજતાં, સ્મરણની ધૂન લાગી છે,
જીવનમાં ધૂન ચઢવાથી શું એનો પાસ લાગ્યો છે !

પછીથી તો લગન લાગી મને એની ગયેલી છે,
લગનમાં ને લગનમાં બસ મનાદિ લીન થયેલાં છે.

હરિ શો એકલો માત્ર નજર સામે રહેલો છે,
હરિ વિનાનું બીજું સૌ ભલે સુંદર, ન ગમતું છે.

હરિઃૐ

# હૃદયમાં નેકી શ્રીહરિની શી નોબત જેવી ગગડે છે

શરૂ શરૂમાં સ્મરણ દિલથી થતું નહોતું જરા સરખું,
છતાં ના છોડી દીધું છે કદી મેં સ્મરણ કરવાનું.

સ્મરણને ઝોડની પેઠે સતત વળગ્યા કરી કરીને,
ચહી ચહીને, મથી મથીને, સ્મરણમાં ચિત્ત લગાડ્યું છે.

સ્મરણ લીધે જીવનમાં હું થયેલો સાબદો કેવો ?
સ્મરણનો છે મને કેવો જીવન જીવવા વિશે ટેકો !

કરીને બંદગી હરિની હરિને દિલ વરેલો છે,
હૃદયમાં નેકી શ્રીહરિની શી નોબત જેવી ગગડે છે !

હરિઃૐ

## જીવનની સમગ્રતાનો શો કંઈક દિલ ખ્યાલ જાગ્યો છે

સ્મરણ લીધા જવાયાથી જીવનની ભાળ લાગી છે,
જીવનહાર્દ અનુભવવા શી તાલાવેલી લાગી છે !

અનુભવતાં, અનુભવતાં, જીવનને તો બધી રીતે,
જીવનની સમગ્રતાનો શો કંઈક દિલ ખ્યાલ જાગ્યો છે !

જીવનનો તેથી અભ્યાસ જીવનમાં તો થયા જઈને,
જીવનનિચોડ સંપૂર્ણ થવા મથતો રહેલો જે.

ન અધવચ ક્યાંય અટક્યો છું, ફસાતાં ત્યાંથી જાગીને,
કરેલું દોડવાનું છે પથે મેં ઊંધું ઘાલીને.

હરિઃૐ

## હરિ સ્મરવાતણો દિલમાં નશો મુજને ચઢેલો છે

સતત સ્મરીને હરિને દિલ થયેલું ચાહવાનું છે,
હરિ તેથી જીવનમાં તો થઈ વહાલો પડેલો છે.

જીવનમાં પ્રેમનું મૂર્ત સ્વરૂપ તો શ્રીહરિ પોતે,
હરિનો નાદ લાગેલો છૂટ્યો કેમે ન છૂટે તે.

હરિ, હરિ બસ રટણ દિલમાં ઊંડામાં ઊંડું થતું રહે છે,
ભૂલેચૂકે સ્મરણ દિલમાં કદી અટકી પડે ના તે.

હરિ સ્મરવાની દિલમાંની મજા અદ્‌ભુત ન્યારી છે,
હરિ સ્મરવાતણો દિલમાં નશો મુજને ચઢેલો છે.

હરિઃૐ

# હરિ વિના કશું ડગ પણ જીવનમાં ના ભરાયું છે

હરિનું નામ લઈ લઈને, હરિને મોખરે ધરીને,
હૃદયમાં સંઘરી હરિને, જીવનમાં સૌ થયેલું છે.

હરિની ભાવના વિના જીવન જીવવું ન શક્ય જ છે,
સ્મરણ હરિનું નિરંતરનું થતાં, દિલ ભાવ જાગ્યો છે.

જીવન વિશે પછીથી તો થતું જે જે રહેલું છે,
બધા તે તે વિશે ભાવ પરોવાયેલ, મેળે છે.

અનેકે વાર જીવનમાં હરિને વીનવેલો છે,
હરિ વિના કશું ડગ પણ જીવનમાં ના ભરાયું છે.

હરિઃૐ

## ભજન, કીર્તન, સ્મરણને મેં જીવનસાથી ગણેલાં છે

જીવનમાં વાદળાં કાળાં કદીક ચઢી જ આવ્યાં છે,
થઈ શી ગાજવીજ ભારે ભયંકર બીક લાગી છે.

હૃદય ત્યારે હરિને મેં ભજ્યા ખૂબ કરેલો છે,
સતત સ્મરવું, સતત ભજવું જીવનનો શ્વાસ શો તે છે !

ભૂલેચૂકે કદી પણ મેં સ્મરણને ના મૂકેલું છે,
ભજન, કીર્તન, સ્મરણને મેં જીવનસાથી ગણેલાં છે.

જીવનમાં જાળવી ટેક ધગશ દિલમાં બઢાવીને,
જીવનના ધ્યેયને નજદીક કૃપાથી આણી મૂક્યું છે.

હરિઃૐ

## જરી પણ ના કદી ડગતાં જવા આગળ મથેલો છે

હરિના પંથની લગની હૃદયમાં લાગતાં મુજને,
બધી જીવનતણી ઝંઝટ ઊડી કેવી ગયેલી છે !

પથે હું ચાલી ચાલીને કદીક થાકી ગયેલો છું,
છતાં દિલ તે ન ગણકારી ટટારીથી ટકેલો છું.

ભયંકર કારમી વેળા જીવન જ્યાં આવી પૂગી છે,
જરી પણ ના કદી ડગતાં જવા આગળ મથેલો જે.

હરિ, હરિ ખાલી ના બોલ્યો, સ્મરણ લીધા જવાથી તે,
પરાક્રમ દિલ સ્ફુરેલું જે, ભરાતાં ડગ જણાયું છે.

હરિ:ૐ

## હરિ સ્મરવાનું તો કેવું કૃપાએ શું કરાવ્યું છે

હરિ સ્મરવાનું તો કેવું કૃપાએ શું કરાવ્યું છે !
હરિ સ્મરતાં, હરિ સ્મરતાં, હરિ દિલમાં ઊગેલો છે.

પછી માયા હરિકેરી શી અપરંપાર લાગી છે !
હરિમાં ને હરિમાં બસ સતત ચિત્ત મારું મોહ્યું છે.

મનાદિ તો હવે ક્યાંયે ભટકવા ના જતાં લાગે,
સતત બસ ભાવ મસ્તીમાં મનાદિ એકધારાં છે.

મનાદિને હરિરંગ પૂરો લાગી ગયેલો છે,
હરિની ભક્તિમાં તેથી શું પલળેલાં મનાદિ છે !

હરિઃૐ

# જીવન ખરચીતણી ચિંતા હવે મારે રહી ના છે

તને જોયા વિના મારો જીવનમાં તો ન આરો છે,
તને સ્મરવાથી, ભજવાથી જીવન કેવું સરળ વહે છે !

જીવન જીવવું હવે એ તો કશું પણ અટપટું ના છે,
મળેલો ચીંધનારો જ્યાં પથે તુજ આંગળી મુજને.

જીવનમાં તું નગદ નાણું મને કેવું મળેલું છે !
જીવન ખરચીતણી ચિંતા હવે મારે રહી ના છે.

જીવનનો સર્વ મુજ બોજો હરિ તેં ઉપાડી લીધો છે,
હવે હળવો હું ફૂલ જેવો કૃપા તુજથી થયેલો જે.

હરિઃૐ

## થવા સાકાર અભિલાષા થતો પુરુષાર્થ કીધો છે

સ્મરણ વિણ જીવવું કેવું ખરેખર ભૂલ ભરેલું છે !
થવાનું ભક્ત હરિનો મેં જીવનમાં સ્વપ્ન સેવ્યું છે.

પછી તે સ્વપ્ન રહ્યું છે ના, થયેલું ધ્યેય જીવનનું,
અભિલાષા જીવનની તે ખરે ! સાચી બની ગઈ શું !

થવા સાકાર અભિલાષા થતો પુરુષાર્થ કીધો છે,
જરીક દર્શન થતાં હૈયું ઉછાળા મારતું ધબકે.

ખરેખર વાસ્તવિક કેવી અભિલાષા બનેલી છે !
હવે સંપૂર્ણતામાં તે જરૂર પ્રગટી ગયેલી છે.

હરિઃૐ

## જીવનના પ્રાણ ને આત્મા હરિ મારો ખરેખર છે

જીવનમાં કેટલીક વાર બહુ મૂર્ખામી કીધી છે,
છતાં ત્યારેય મનથી તો સ્મરણને ના ભુલાયું છે.

કદીક તો આડફંટે શું વળાયું છે જીવન વિશે !
મને તેનું હૃદય વિશે કૃપાથી ભાન જાગ્યું છે.

મહત્ત્વે ઝોક જીવનમાં હરિને તો અપાયો છે,
હરિનું ભાન સ્મરવાથી હૃદય તરતું રહેલું છે.

જીવનના પ્રાણ ને આત્મા હરિ મારો ખરેખર છે,
હરિને તેથી તો વળગી સ્વયં રહેવાયું મુજથી છે.

હરિ:ૐ

## જીવનમાં ધ્યેયનું મૂળ પછીથી હાથ લાગ્યું છે

સરળ ને સચોટ ઉપાય હૃદયમાં જે સૂઝેલો છે
-हरि સ્મરવાનો તો માત્ર, પથે ઉપયોગ લીધો જે.

કદી પણ નામ લેવાનું અમે ચૂક્યા નથી સહેજે,
સ્મરણનો નિત્ય અભ્યાસ જીવનને તારવી લે છે.

નિરંતરના સ્મરણમાંથી સૂઝેલાં ગૂઢ સાધન છે,
થતાં રહેતાં હૃદય તે સૌ, થવાયું સૂક્ષ્મતમ પથ છે.

હૃદયથી આચરાતાં તે, જવાતાં સૂક્ષ્મથી સૂક્ષ્મે,
જીવનમાં ધ્યેયનું મૂળ પછીથી હાથ લાગ્યું છે.

હરિઃૐ

## હરિના ભાવની કેવી અલૌકિક સૃષ્ટિ અદ્‌ભુત છે !

હરિની મહેરબાનીથી સ્મરણમાં રત થયેલો જે,
સ્મરણમાં ચિત્ત ચોંટ્યાથી સ્મરણમાં દિલ વળેલું છે.

નિરંતરનું થતાં, ભાવ હૃદયમાં ફૂટી નીકળ્યો છે,
ખરેખર ભાવ એ જીવન, બીજું જીવન ન જાણ્યું છે.

અમારે ભાવની દુનિયા વિશે મશગૂલ ઠરવું છે,
હરિના ભાવની કેવી અલૌકિક સૃષ્ટિ અદ્‌ભુત છે !

હરિ, હરિ બસ હરિ હૃદયે પૂરો ચોંટી ગયેલો છે,
હવે સર્વસ્વ જીવનનું હરિ પૂર્ણ બનેલો છે.

હરિઃૐ

## હરિની ભક્તિ દિલ જામ્યા વિના, ફીટતું અહં ના છે

જીવનમાં ‘હુંપણું’ પૂર્ણ મથેલો ટાળવાને તે,
પરંતુ સફળતા તેમાં મળી ના એકદમ સહેજે.

જુદી જુદી રીતે કેવું અહં તો ફૂટી નીકળે છે !
કદીક છેદું અહં, તોયે અનંત શિર અહંનાં છે.

હરિની ભક્તિ દિલ જામ્યા વિના, ફીટતું અહં ના છે,
મહત્ત્વ ભક્તિને તેથી જીવનમાં મેં દીધેલું છે.

સ્મરણસાધન શરૂ કરીને પથે આગળ બઢેલો જે,
કૃપા થાતાં હરિની જ્યાં બધું જે તે સૂઝેલું છે.

હરિઃૐ

## મથામણ સૂક્ષ્મ કીમિયાથી હરિ-હીરો મળંતો છે

અમારી જાત ઘડવામાં સ્મરણનો ભાગ મોટો છે,
જીવનનો શોધવા સાર હરિસ્મરણે મથાવ્યો છે.

મથામણને, મથામણ તો છતાં ના દિલ ગણેલી છે,
મથામણ સૂક્ષ્મ કીમિયાથી હરિ-હીરો મળંતો છે.

જીવનમંથન મથામણથી થયા ઊંડું કરેલું છે,
ઊંડામાં ઊંડું ચિંતવન પણ મથામણથી થયેલું છે.

મથ્યા વિના જીવનમાં તો ન મેળવી કંઈ શકાતું છે,
સતત મથવાનું તેથી દિલ મને હરિએ કરાવ્યું છે.

હરિઃૐ

## સ્મરણઅમૃત પી-પીને જીવન રળવાનું કીધું છે

હરિને નિત્ય સંભારી અમારે જીવવાનું છે,
હરિની યાદ વિનાનું જીવન અમને નકામું છે.

હરિના સ્મરણથી કેવું જીવનસૌંદર્ય ખીલે છે !
સ્મરણ, ના તે સ્મરણ માત્ર, સ્મરણ અમૃતસિંધુ છે.

સ્મરણઅમૃત પી-પીને જીવન રળવાનું કીધું છે,
'ગરજ લાગી સ્મરણકેરી', કૃપા એ તો હરિની છે.

જીવાદોરી સ્મરણ હાવાં, સ્મરણથી તો જીવાયે છે,
સ્મરણના નિત્ય અભ્યાસે જીવનહાર્દ પમાતું છે.

હરિઃૐ

## हरि અભ્યાસ-વૈરાગ્યે છતો જીવનમાં બનતો છે

જીવન રળવા, જીવન રળવા અમે વેપાર માંડ્યો છે,
કદીક શી ખોટ પણ ગઈ છે, નફોયે મેળવેલો છે.

ભજન, કીર્તન, સ્મરણસાધન જીવન રળવા લીધેલું છે,
સતત બસ એકધારું તે લીધા પ્રેમે કરેલું છે.

નિરંતરનો ઊંડો ઊંડો જહીં અભ્યાસ પડિયો છે,
સતત અભ્યાસમાંથી શો હૃદય વૈરાગ્ય પ્રગટ્યો છે !

हरि અભ્યાસ-વૈરાગ્યે છતો જીવનમાં બનતો છે,
જરાક બિંદુ સ્મરણમાંથી પ્રગટિયો ભાવસિંધુ છે.

હરિઃૐ

## સ્મરણ લેતાં, સ્મરણ લેતાં સમજ મુજને ફૂટેલી છે

જીવનમાં સાધનાપથ તો જહીં અઘરો જ લાગ્યો છે,
કદીક તો શી બધી હિંમત જતી ઓસરતી લાગી છે.

રહ્યો બેસી ન ખાલી હું પથે ત્યારે વિમાસીને,
સ્મરણસાધન કર્યાં કીધું, ન તેમાં ચૂક પડી કંઈ છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં શી આગળની સમજ મુજને
-પડી ઓચિંતી દિલ ગઈ છે, કૃપા એવી હરિની છે.

ભયંકર તો કદીક કેવી નિરાશા સાંપડી દિલ છે !
છતાં ત્યારેય જોડી કર હું બેસી ના રહેલો જે.

હરિઃૐ

# મને તે એકલો ક્યાંયે હવે ના છોડી મૂકવાનો

દિવસ ને રાત મેં તારું સ્તવન દિલથી કરેલું છે,
ભુલાતાં કંઈક દિલ ઊંડો પડેલો ધ્રાસકો મુજને.

પછીથી સડસડાટ જ હું પથે દોડ્યા કરેલો છું.
પથે ના શ્વાસ ખાવાને જરા સરખો ન થોભ્યો છું.

કદીક અથડાઈને પાછો સીધે પંથે વળેલો છું,
શી એવી રીત બહુ વેળા ભુલાવામાં પડેલો છું.

હૃદયમાં શ્રીહરિ પરનો પૂરો વિશ્વાસ બેઠેલો,
-'મને તે એકલો ક્યાંયે હવે ના છોડી મૂકવાનો.'

હરિ:ૐ

## શ્રીહરિની થતાં સોબત શી કૃતકૃત્યતા જીવનની છે

નધણિયાતો જીવન વિશે નહોતો મુજ સમો ક્યાંયે,
સ્મરણ કરવાથી હરિસગપણ કૃપાથી તો ઊગેલું છે,

હરિ વહાલો, હરિ વહાલો હૃદય લાગી ગયેલો છે,
જીવન દિલ જીવવા જેવું હવે તો કેવું લાગ્યું છે !

હૃદય આનંદના કેવા ફુવારા મસ્ત ફૂટ્યા છે !
જીવન તેને લીધે ઊંડું શું રસબસ તો થયેલું છે !

મને ઓથ જબરજસ્ત જીવનમાં શ્રીહરિની છે,
-શ્રીહરિની થતાં સોબત શી કૃતકૃત્યતા જીવનની છે !

હરિ:ૐ

# સતત સ્મરતાં, સતત ભજતાં તને મેં મુજ કરેલો છે

કદીક કદીક હરિ હું તો પથે લટકી પડેલો છું.
ન અહીંનો કે ન ત્યહીંનો હું જીવનમાં ના રહેલો છું.

છતાં પણ દિલથી ભજવાનું તને ના છોડી દીધું છે,
સતત સ્મરતાં, સતત ભજતાં તને મેં મુજ કરેલો છે,

પથે તારી લઈ સોબત હૃદય હૂંફ પ્રગટતાંમાં,
ટટારી દિલ પ્રવર્તીને શક્યો બચી શો હું આફતમાં !

થવા નડતર ઘણું આવ્યું, છતાં ગણકાર્યું મેં ના તે,
હરિનું એકલાનું બસ પથે લક્ષ પરોવ્યું છે.

હરિઃૐ

## ચહી ચહી ભાવભક્તિથી હૃદયમાં ચિંતવેલો છે

કઈ રીતે જીવન જીવવું ગતાગમ કંઈ જ નહોતી ને
ગૂંચાઈ હું ગયેલો શો ! પહોંચ્યા ના કશા ગમ છે.

અવળચંડાઈ જીવનમાં થઈ મુજથી શી ભારે છે !
હવે જ્યારે ખબર પડતાં હું ચોંકી શો ઊઠેલો જે !

કૃપાથી શ્રીહરિનું તે ભજનકીર્તન, સ્મરણ દિલમાં
-સ્ફુરેલું તે લીધા કરતાં, સરળતા શી થઈ પથમાં !

પછીથી શ્રીહરિને તો હૃદયમાં ધારી ધારીને,
ચહી ચહી ભાવભક્તિથી હૃદયમાં ચિંતવેલો છે.

હરિઃૐ

## હૃદયમાં ધારવા હરિને અમારો ટેક જીવતો છે

ભજન કરવાતણો નિત્ય નિયમ જીવંત રાખીને,
મનનચિંતવન હૃદય એનું થયા પ્રેમે કરેલું છે.

અમારા દિલમાં ધરપત હરિ પ્રત્યેની ઊંડી છે,
હૃદયમાં ધારવા હરિને અમારો ટેક જીવતો છે.

હરિ દિલથી રીઝવવાને હૃદયની નેમ પાકી છે,
રટણ તેથી હરિનું દિલ કરે ચાલ્યા નિરંતર જે.

અમોને શ્રીહરિવરનો, જીવનમાં માત્ર ટેકો છે,
જીવનઆધાર તેવાથી શું થનગનતું જીવંતું છે.

હરિઃૐ

## હૃદય આરાધના હરિની સતત દિલથી થયેલી છે

હૃદયથી દાખવી ભાવ હરિની પર પૂરી રીતે,
હરિ પર હેત વર્ષાવી થવા હરિનો મથેલો જે.

હરિને જે ગમે તેવું જીવનવર્તન થવા કાજે
-જીવનમાં કાળજી સઘળી થઈ દિલ દક્ષ રાખી છે.

હૃદય એકીટશે કેવો ભજ્યા હરિને કરેલો છે !
ભજન, કીર્તન, સ્મરણ સાધન સતત લીધાં કરેલાં છે.

હૃદય એથી કરી નેડો મને લાગ્યો હરિ પર છે,
સતત લગની વિશે પછીથી હરિ પાછળ બની ઘેલો
-હૃદય આરાધના હરિની સતત દિલથી થયેલી છે,
હૃદય તેથી જ વરવાનું હરિને દિલ નિશ્ચિત છે.

હરિઃૐ

## જનારા પંથ તે જુદી જુદી રીતે જ ચાલ્યા છે

જીવનમાં કેટલુંયે તો ઊંધું વાળી દીધેલું છે,
કૃપાથી જ્યાં ખબર પડતાં મથ્યો લેવા સુધારી તે.

અજાણ્યો સાવ રસ્તો છે, ન સામું કોઈ મળતું છે,
જનારા પંથ તે જુદી જુદી રીતે જ ચાલ્યા છે.

સ્મરણ ને ભક્તિ આધારે હરિને પ્રાર્થી પ્રાર્થીને,
થતું પથ સૌ નિવેદીને ચહ્યું પ્રેરવવા હરિને છે.

હરિ પર સર્વ આધાર હૃદય ભક્તિથી વિશ્વાસે
-જીવનમાં રાખતો, તેના બધે પોબાર પડતા છે.

હરિ:ૐ

## જવાનું તુજ તરફ મારું થયું તારી કૃપા શી તે !

જવાનું તુજ તરફ મારું થયું તારી કૃપા શી તે !
હું નિરધારેલ ઠેકાણે જવા કેવો મથેલો જે !

મથ્યા કરતો હતો તોયે કદીક આળસ તો આવી છે,
સપૂચું નામ લેવાનું ભુલાઈ તે ગયેલું છે.

ફરી પાછું તો ઓચિંતું સ્મરણ તારું શું ઝબક્યું છે !
સ્મરણ લેતો કરાવીને મને પંથે ચઢાવ્યો છે.

પછીથી ચાલવામાં શો હૃદય ઉત્સાહ વ્યાપ્યો છે.
હરિનું એકલાનું બસ હૃદય ચિંતવન થયેલું છે.

હરિઃૐ

# જીવન જીવવાની જડીબુટ્ટી સ્મરણમાંથી મળેલી છે

નમાલું ના સ્મરણ, કિંતુ સ્મરણ તાકાતવાળું છે.
ન ખાલી વાત ફોકટ આ, અનુભવીને જ ગાયું છે.

સ્મરણ લેવાથી તો ધ્યેય જીવનનું દિલ ઊગેલું છે,
સ્મરણથી ધ્યેયપ્રાપ્તિનાં બધાં સાધન સૂઝેલાં છે.

મને સ્મરણે જીવનપથમાં જતાં ઊંધો જ રોક્યો છે,
સ્મરણ ઉત્કટ થતાં કેવાં બીજાં સાધન થયેલાં છે.

સ્મરણથી માતબર જીવન કૃપાથી તો થયેલું છે,
જીવન જીવવાની જડીબુટ્ટી સ્મરણમાંથી મળેલી છે.

હરિઃૐ

## ખરેખર સભાનતાથી તે જીવનને તો રળાતું છે

નિરંતરની ગતિ જેની સ્મરણમાં એકધારી છે,
સતત દિલ જાગ્રતિ તેની અખંડાકાર બનતી છે.

ટકે છે સભાનતા કેવી સતત બસ જાગ્રતિથી તે !
સતત અભ્યાસથી માત્ર મળે ફળ સભાનતાનું જે.

ખરેખર સભાનતાથી તે જીવનને તો રળાતું છે,
નિરંતર સભાનતામાંથી જીવનતત્ત્વ પમાતું છે.

નિરંતરની હરિકેરી હૃદયમાં સભાનતા જ્યાં છે,
હરિના ભક્ત સંપૂર્ણ ખરે ત્યારે થવાતું છે.

હરિઃૐ

## સ્મરણનો કીમિયો મોટો જીવનને તરી જવાનો છે

સ્મરણના ગૂઢ સાધનને અમે અજમાવી જોયું છે,
હૃદય અજમાવીને એનું અમે જડમૂળ શોધ્યું છે.

સ્મરણ તો સૂક્ષ્મ સાધન છે, સ્મરણ અતિ શક્તિવાળું છે,
જીવનમાં માનવી કેવા સ્મરણથી કંઈક ઊગર્યા છે !

સ્મરણના નિત્ય અભ્યાસે જીવનમાં શક્તિ મળતી છે,
સ્મરણનો કીમિયો મોટો જીવનને તરી જવાનો છે.

હરિ કરતાં હરિનામ જીવનને તારનારું છે,
અમે પ્રત્યક્ષ નાણી તે, પછીથી દિલથી ગાયું છે.

હરિઃૐ

## હરિના રાજીપામાં તો જીવનને ડૂલ કરેલું છે

જીવનમાં જો સ્મર્યા હરિ ના, બધુંએ ધૂળધાણી છે,
હૃદયથી ખાઈખપૂસીને હરિનો છેડો પકડ્યો છે.

હરિને દિલથી ચાહીને હરિને સંઘરેલો છે,
કદી રેઢો જરા સરખો હરિને મેં ન મૂક્યો છે.

કરી કરીને જતન હરિનું, હરિને રાજી કીધો છે,
હરિના રાજીપામાં તો જીવનને ડૂલ કરેલું છે.

ભજન, કીર્તન, સ્મરણ એવાં બીજાં સાધન કર્યાં કરીને,
નિરંતર ભાવ મોરીને હરિને દિલ રળેલો છે.

હરિઃૐ

## હૃદય ઉપકાર હરિનો હું કઈ રીતે શકું માની !

ભજન, કીર્તન સ્મરણથી શી મળી જાહોજલાલી છે !
પ્રતિષ્ઠા પણ જીવન વિશે હરિથી તો મળેલી છે.

તણખલાનો હરિએ શો મને મેરુ બનાવ્યો છે !
વળી બોથડનો વિદ્વાન મને હરિએ બનાવ્યો છે.

ન કૈં આ કાલ્પનિક વાત, લખાવી મુજ કને શાસ્ત્ર
-કરી પ્રત્યક્ષ બતલાવ્યું, જીવંતું કેવું દૃષ્ટાંત !

હૃદય ઉપકાર હરિનો હું કઈ રીતે શકું માની !
હું બહુ રીતે પડું ટૂંકો છું નાચીજ કને તારી.

હરિઃૐ

## હરિ લીધે જીવનમાં હું જીવું છું શો ઊંચે માથે !

નકામો હું હતો કેવો ! ન ગણતું કોઈ પણ મુજને,
હવે તો 'ભાવ પુછાતો' બધામાં મારો લાગે છે.

હરિની ભક્તિ જીવનમાં ઊંડામાં ઊંડી લાગી છે,
બધું પરિણામ તેનાથી જીવન પ્રગટી ચૂકેલું છે.


હરિ લીધે હું પંકાયો પુછાતો ભાવ હરિ લીધે,
સ્મરણથી કેવી જીવનમાં હરિની બોલબાલા છે !

હરિ લીધે જીવનમાં હું જીવું છું શો ઊંચે માથે !
હવે તો માત્ર નમવાનું ચરણ તારે રહેલું છે.

હરિઃૐ

## ખંડ - ૨

# સાધનાસોપાન



પ્રમાણિક જે હૃદયથી છે, વળી મથતો રહે છે જે,
હરિ તેને કૃપા કરીને પથે નિજ હાથ આપે છે.

હરિઃૐ

## નજર સીધી કરાવીને પથે પાછો ચઢાવ્યો છે

જીવનમાં સાવ અણઘડને બધાએ લાત મારે છે,
મને એવી બહુ લાતો જીવનમાં તો પડેલી છે.

પડેલી લાતથી સમજણ હૃદય મુજને ઊગેલી છે,
પથે સીધું જ જોવાયું જીવનમાં તેથી તો મુજને.

કદીક આડી ગઈ દૃષ્ટિ, નજરચૂક થયેલી છે,
ચઢાયું પંથ તો અવળે, મતિ શી બહેર મારી છે !

કૃપા કરી શ્રીહરિએ તો મને લપડાક મારીને,
નજર સીધી કરાવીને પથે પાછો ચઢાવ્યો છે.

હરિઃૐ

## હું અથડાતાં, કુટાતાં પણ ન છોડી પથ દીધેલો છે

જીવનપથની કશી નહોતી સમજદારી હૃદય મુજને,
ચલાયું જેમ આગળ છે, છતી સમજણ થઈ ત્યારે.

પથે બાથોડિયાં બહુ મેં ઘડીઘડી ખૂબ માર્યાં છે,
હું અથડાતાં, કુટાતાં પણ ન છોડી પથ દીધેલો છે.

કદીક અટવાઈ પડેલો છું, કદીક અવળું ચલાયું છે,
છતાં ગભરાઈ ગયો ના છું, પથે ધપવાનું રાખ્યું છે.

જહીં સુધી હૃદયમાં તો ઊંડો સદ્‌ભાવ જીવતો છે,
ત્યહીં સુધી હું નિશ્ચિંતે રહ્યા કરતો જીવન વિશે.

હરિઃૐ

## પથે હોઈશ ડગ ભરતો, બધું તો સૂઝવાનું છે

કશી સમજણ મને તો ના જીવનપથની પડેલી છે,
છતાં પણ મેં જવાનું તો હૃદય નિશ્ચયથી ધાર્યું છે.

પથે કંઈક ચલાયું જ્યાં, ભરાયું એક ડગલું છે,
બીજાં ડગલાંની સમજણ દિલ મને ત્યારે ઊગેલી છે.

ચલાતાં જેમ જવાયું છે બીજું કરવાનું સૂઝ્યું તે,
કૃપાથી કેવું માલૂમ દિલ સ્ફુરંતું ઊગી નીકળ્યું છે !

મને તેથી હૃદય નિશ્ચય પૂરેપૂરો થયેલો કે,
'પથે હોઈશ ડગ ભરતો, બધું તો સૂઝવાનું છે.'

હરિઃૐ

## પથે સુઝાડવા આગળ હરિને પ્રાર્થના થઈ છે

અજાણ્યો પંથ જીવનનો હતો અઘરો જ કેવો તે !
જરા સરખો ડર્યો ના છું કર્યો ચાલ્યા હું સ્મરી હરિને.

કંઈક પથ ખંચકાતાંમાં હરિને દિલ સ્મરી સ્મરીને,
પથે સુઝાડવા આગળ હરિને પ્રાર્થના થઈ છે.

પ્રમાણિક જે હૃદયથી છે, વળી મથતો રહે છે જે,
હરિ તેને કૃપા કરીને પથે નિજ હાથ આપે છે.

હું અથડાતો કુટાતો જ્યાં, હરિએ કર દીધેલાની
-મને દિલ ખાતરી થઈ છે, કદી ના તે ભુસાવાની.

હરિઃૐ

## હરિના આશરાથી પથ પૂરો આખો વટાવાશે

કદી પણ એકડે એક ન આવડતો હતો મુજને,
છતાં પણ ઘૂંટવાનું મેં કદી મૂકી ન દીધું છે.

બહુ ઘૂંટતું રહેવાથી કૃપાથી આવડેલું છે,
કંઈક જે આવડ્યું તેથી હૃદય વિશ્વાસ બેઠો છે.

પછી પથ ડગ ભરેલાં છે બધાં હિંમતથી વિશ્વાસે,
ચલાતાં એ રીતે પથમાં ન કંઈ મુશ્કેલ લાગ્યું છે.

જીવનમાં હોશિયારી શી ગઈ પ્રગટી કૃપાથી છે !
હરિના આશરાથી પથ પૂરો આખો વટાવાશે.

હરિઃૐ

## ભરાતાં એક એક ડગલે નવી સમજણ સ્ફુરી રહી છે

અજાણ્યો પંથ છે તોયે જવા હિંમત ભીડેલી છે,
ભરાતાં એક ડગલું જ્યાં બીજું ડગલું સૂઝેલું છે.

ભરાતાં એક એક ડગલે નવી સમજણ સ્ફુરી રહી છે,
મને તેથી ભરોંસો દિલ જવાનો પથ બઢેલો છે.

કપાતાં પંથ હૈયામાં બઢતી ઉત્સાહની થઈ છે,
જીવન ઉત્સાહ બઢવાથી હૃદય વિશ્વાસ બેઠો છે.

હવે છોને ગમે તેવો ભલે ભારે જીવનપથ હો,
પરંતુ તે કપાવાનો હૃદય નિશ્ચય થયેલો શો !

હરિઃૐ

## પથે ઓચિંતું બળ કેવું પછીથી ફૂટી નીકળ્યું છે

પથે આગળ જવા મુજને હૃદયમાં હોંશ ભારે છે,
જવાતાં પંથ આગળ જ્યાં લથડિયાં ખૂબ ખાધાં છે.

મને ચક્કર શું આવ્યાં છે ! અને પેસી ગયો ડર છે,
ચલાયું ના જરી પણ છે, પથે અટકી પડાયું છે.

મને કેમેય કરતાં તો જરા કળ ના વળેલી છે,
બહુ મહેનત કરું, તોયે ન ડગ એક્કે ભરાતું છે.

પરંતુ એકદમ ધક્કો મને પાછળથી વાગ્યો છે,
પથે ઓચિંતું બળ કેવું પછીથી ફૂટી નીકળ્યું છે !

હરિઃૐ

# જીવનની નાવને મેં તો સમુદ્રે તરતી મૂકી છે

જીવનની નાવને મેં તો સમુદ્રે તરતી મૂકી છે,
ભયંકર કેવું તોફાન પથે વચ્ચે નડેલું છે !

સુકાન સાવચેતીથી દિશાની નેમ રાખીને,
સિફતથી પકડી રાખીને જીવનનાવ ચલાવ્યું છે.

ભયંકર કદીક વંટોળ જીવનના નાવને કેવું
-ઊંધુંચત્તું કરી નાખી, પથે અથડાવી માર્યું છે !

રહ્યો સાવધ હતો તેથી સલામત નાવને દરિયે
-શક્યો રાખી કૃપાથી હું, શી મોટી મહેરબાની તે !

હરિઃૐ

## કૃપા એ તો હરિની કે મને એણે સુઝાડ્યું છે

હરિના પંથમાં કેવું જવાને દિલ ઉત્સુક છે !
પથે ઉત્સુકતા માત્ર પરંતુ ચાલતી ના છે.

જુદી જુદી ભાતનું ભાથું જીવનપથનું અનેરું છે,
ન પડતી એકદમ સમજણ, ચલાતાં કંઈક સૂઝે છે.

કદીક તો ઊંધી સમજણ પણ જીવનમાં સ્ફુરી ઊઠીને,
મને બેભાનને કેવો પથે અફળાવી માર્યો છે !

શી ફેંકાફેંક જીવનમાં મને એવી થયેલી છે !
કૃપા એ તો હરિની કે મને એણે સુઝાડ્યું છે.

હરિઃૐ

# પરંતુ એકદમ મુજથી શું ઓચિંતું જગાયું છે !

જીવનમાં કેટલીક વાર શી લોભામણ થયેલી છે !
હું મોહાઈ, શું લોભાઈ ગયેલો છું હું તે વિશે !

કહીં સુધી હું ખચકાઈ રહેલો શો પડી પંથે !
કશી સમજણ મને એની જરા સરખી ન જાગી છે.

જીવનમાં મૂઢતા એવી શી પ્રસરી દિલ ગયેલી છે !
કશું વિચારવાનું પણ ન તેથી મન થયેલું છે.

પરંતુ એકદમ મુજથી શું ઓચિંતું જગાયું છે !
પછીથી તો ઘડી વાર ઊભો ના થોભવાને તે.

હરિઃૐ

## થઈ જાગ્રત ફરી પાછું પથે સીધું વળાયું છે

અનેકે વાર જીવનમાં ભૂલો મુજથી થયેલી છે,
ચૂક્યો ના સુધારતાં એને, કૃપા એવી હરિની છે.

જુદી જુદી રીતની અડચણ જીવન મુજને નડેલી છે,
છતાં તેથી ન થડક્યો છું, ન કે અટક્યો જતાં રસ્તે.

ભજન, કીર્તન કરી કરીને હૃદય સાતત્ય તે વિશે
-કરી એવાં બીજાં સાધન જીવનમાં ઉપજાવ્યું છે.

કદીક ચસક્યો ભૂલેચૂકે લીધેલા પંથથી ત્યારે,
થઈ જાગ્રત ફરી પાછું પથે સીધું વળાયું છે.

હરિઃૐ

# કદીક શી આંગળી ચીંધી હરિએ પથ બતાવ્યો છે

જીવનમાં સર્વ વ્યવહાર ખરે મારો ચલવવાને
-હરિનો આશરો લઈને બધાં ડગ મેં ભરેલાં છે.

પથે જ્યાં ગૂંચ આવી છે, ત્યહીં અટકી પડાયું છે,
કઈ ગમ માંડવું ડગ તે, ન સમજણ દિલ પડેલી છે.

અજાણ્યો પંથ કેવો આ ! ન ગમ તેના વિશે કોઈને,
જવાનું આશરે મેં તો હરિઆધાર પર ચહ્યું છે.

ભૂલો જ્યારે પડેલો છું, હરિને મેં પૂછેલું છે,
કદીક શી આંગળી ચીંધી હરિએ પથ બતાવ્યો છે !

હરિઃૐ

## શી જ્વાળામુખીના જેવી તમન્ના દિલ સળગતી છે

પથે અધવચ ઊભું રહેતાં મને દિલ લાગી આવ્યું છે,
કડી નબળી જીવનની ત્યાં મને માલૂમ પડેલી છે.

અભિલાષા જહીં બળતી શી ધગધગતી, સળગતી છે !
કદી પડવાનું તો પાછું ભૂલેચૂકે ન બનતું છે.

સતત સાધન કર્યાં કરીને, સચેતન દિલ તમન્નાને
-હૃદયમાં રાખવા અગ્નિ સમી, હું તો મથેલો જે.

શી જ્વાળામુખીના જેવી તમન્ના દિલ સળગતી છે !
હિમાલય પહાડ ઊંચકવો સરળ ત્યારે બને શો તે !

હરિઃૐ

# કૃપા વિના ભરાવું ડગ કદી પણ શક્ય ના કંઈ છે

જીવનમાં એકનું એક જ અમારે ગાણું ગાવાનું,
ન કંટાળો છતાં તેથી જરા પણ દિલ પ્રગટવાનો.

પથે ચમકી કદીક કેવો થઈ સડક ગયેલો છું,
શી ત્યારે મૂઢતા વ્યાપી પથે થંભી ગયેલો છું !

હતી દિલ તટસ્થતા તેથી હૃદય ચેતી જવાયું છે,
બધું સરભર કરી દેવા પછી મુજથી મથાયું છે.

જીવનપથમાં મને ભારે કૃપાનો સાથ નિત્યે છે,
કૃપા વિના ભરાવું ડગ કદી પણ શક્ય ના કંઈ છે.

હરિઃૐ

# પથે બસ એકધારું શું વિના અટક્યા ચલાયું છે

સતત ચાલ્યા છતાં થાક કદી પણ દિલ ન લાગ્યો છે,
હૃદય ઉત્સાહનો વેગ ન મોળો તો પડેલો છે.

સતત મંડ્યો પથે રહેવા ધગશ શી અગ્નિ જેવી છે !
વિપત્તિ, ગૂંચ, મુશ્કેલી વિશે તેથી ટકાયું છે.

પથે કાયર થઈને મેં કદી આંસુ ન પાડ્યાં છે,
હૃદય હિંમત ધરી ધરીને સતત ડગલાં ભરેલાં છે.

પથે બસ એકધારું શું વિના અટક્યા ચલાયું છે,
જવાયું ધ્યેયની સમીપે કૃપા એ શ્રીહરિની છે.

હરિઃૐ

# જવું કઈ ગમ મને તેનો પછી રસ્તો સુઝાડ્યો છે

હરિપદ ચાલવાનું જ્યાં પથે નક્કી થયેલું છે,
જીવનના મુજ બધા વેશ પૂરા પલટાઈ ગયેલા છે.

સતત જોયા જ કરવાનું હરિની એકલા સામે,
હૃદય પાકો જ નિશ્ચય તે થઈ, કામે જ વળગ્યો છે.

કદી ઢીલો પડ્યો ના છું સતત ચાલ્યા કરેલું છે,
પથે ફાંટા જહીં આવ્યા તહીં ઊભો હું અટકીને.

હરિ મુજ ભોમિયો થઈને મને હાથ બતાવીને,
જવું કઈ ગમ મને તેનો પછી રસ્તો સુઝાડ્યો છે.

હરિઃૐ

## હરિનું નામ લઈ લઈને, પથે ચાલ્યા કરેલું છે

જટિલ શો પંથ જીવનનો ! ભુલવણીથી ભરેલો છે,
જુદી જુદી દિશા વચ્ચે શું ફંટાઈ જતો તે છે !

કદીક શો આડફંટો છે ! કદીક શો ચઢાણવાળો છે !
કદીક શો ખીણની વચ્ચે થતો પસાર લાગે છે !

છતાં ના હું બીધેલો છું, થઈને બેધડક નિશ્ચે,
હરિનું નામ લઈ લઈને, પથે ચાલ્યા કરેલું છે.

પથે ત્યાં ચાલતાં મારો પૂરો દમ નીકળી ચૂક્યો છે,
ધીરજ, હિંમત ટકાવીને હરિમાં પ્રાણ પ્રોયા છે.

હરિઃૐ

## મળેલો ભોમિયો હરિ જ્યાં સરળતા સૌ મળેલી છે

કદીક લટક્યો ઊંધે માથે, કદીક શી લાત ખાધી છે !
કદીક શી ભુલભુલવણીમાં ભૂલો અટવાઈ પડેલો જે !

બહુ બાથોડિયાં માર્યાં, છતાં પત્તો ન લાગ્યો છે.
પછીથી ચાલવા માંડ્યું, હરિની બાંય પકડીને.

પછીથી સહુ સુગમ થયું છે, અનુભવથી જણાયું છે,
પડ્યું પૂછવું પછીથી તો ન મારે ક્યાંય પથ વિશે.

સીધોસટ માર્ગ લાગ્યો છે, કુટાવાયું ન આડું છે,
મળેલો ભોમિયો હરિ જ્યાં સરળતા સૌ મળેલી છે.

હરિઃૐ

## ચઢાવી બાંય, કસી કમ્મર, થયેલો સજ્જ લડવાને

મને પથ ચાલતાં ફાવી શકેલું ના પૂરી રીતે,
જીવનમાં ઊથલા ખાધા, જરા જીરવાયું ના દિલ છે.

પથે સંગ્રામ આવ્યા છે ભયંકર કારમા શા તે !
ચઢાવી બાંય, કસી કમ્મર, થયેલો સજ્જ લડવાને.

થયો ઘાયલ, પડ્યો હેઠળ, બધી હિંમત ખૂટી ગઈ છે,
છતાં ત્યારે તને દિલથી સતત પોકાર પાડ્યા છે.

હૃદયના આર્ત ને આર્દ્ર અવાજે મેં હરિપદને,
બહુ વેળા જ ભીંજવ્યા છે, કૃપા ત્યારે થયેલી છે.

હરિઃૐ

## કદમ ઉઠાવતાં પથ પર ઉમળકો દિલ સ્ફુર્યો છે

તિરસ્કૃત હું થયેલો છું થઈ અવહેલના મુજ છે,
શરમ, સંકોચ કૈં તોયે કશાં દિલમાં ન પ્રગટ્યાં છે.

પરંતુ તેથી તો કેવો પરિશ્રમ દિલ બઢેલો છે !
કદમ ઉઠાવતાં પથ પર ઉમળકો દિલ સ્ફુર્યો છે.

કદીક મુજને જીવનપથ તે જતાં સીધો ન લાગ્યો છે,
બહુ બહુ પ્રાર્થના હરિને હૃદય ત્યારે કરેલી છે.

મથંતો જે રવડતો છે સતત બસ એકધારો જે,
પથે ચાલ્યા કરંતો જે, હરિ તેને કૃપા કરી દે.

હરિઃૐ

## લથડતાને દઈ ટેકો પથે પાછો ચલાવ્યો છે

જીવનપથ ખોઈ બેઠો છું બધુંએ ભાન ભૂલીને,
ગીરો અક્કલ મૂકી દઈને બધાં સાધન મૂક્યાં નેવે.

હું નરદમ સાવ લૂલો થઈ, નિરાશા સાંપડી ત્યારે,
કશું આગળનું પાછળનું મને સહેજે ન સૂઝ્યું છે.

અને જ્યારે ન ચાલ્યાં છે, પથે મુજ બાવડાં ત્યારે,
હરિને દિલ સ્મરી સ્મરીને હરિને મેં ભજેલા છે.

ખરી વેળા હરિએ તો જીવનમાં જોમ અર્પ્યું છે,
લથડતાને દઈ ટેકો પથે પાછો ચલાવ્યો છે.

હરિઃૐ

# સરળ સીધું બધું બનતાં હૃદયમાં જોમ વ્યાપે છે

પથે શો આડફંટો હું વળી કેવો ગયેલો જે !
થયું ના ભાન કંઈ તેનું શી મૂર્ખામી ખરેખર તે !

વિચાર, વૃત્તિ તે ઊઠતાં પછી માલૂમ પડેલું છે
-'हरिपंथे नथी', તેથી જણાઈ દિલ ગયેલું છે.

हरिनी प्रार्थनामां તો કરી કરીને મહેનત મેં
-સતત દિલને પરોવીને પછી સાધન કરેલાં છે.

સરળ, સીધું બધું બનતાં હૃદયમાં જોમ વ્યાપે છે,
પથે આગળ ધપાવાને અમે તે જોમ ખર્ચ્યું છે.

હરિઃૐ

## ભરાતાં પંથ ડગલાં શો હૃદય વિશ્વાસ ઝબક્યો છે

જતાં આગળ, જતાં આગળ ભુલવણી પંથ આવી છે,
જવું કઈ ગમ હૃદય તેની મને સૂઝ ના પડેલી છે.

ભજનકીર્તન, સ્મરણ સાધન બીજાં એવાં કર્યાં કરવે
-જરા ના પ્રમાદ સેવ્યો છે, થતું જે તે કરેલું છે.

ભરાતાં પંથ ડગલાં શો હૃદય વિશ્વાસ ઝબક્યો છે !
હૃદયના આત્મવિશ્વાસે ઝપાટાભેર ચાલ્યો જે.

ઊથલપાથલની ઝંઝટ સૌ મટી સઘળી ગયેલી છે,
સીધેસીધો હું પથ સીધે વળી ચૂકેલ છું ખંતે.

હરિઃૐ

## જીવનપથમાં શું અણધાર્યાં કદીક તો વિઘ્ન આવ્યાં છે

જીવનમાં કેટલીક વાર ન સમજી પથ શકાયું છે,
મને તે વેળ ડગ ભરવા વિશે તંગ થવાયું છે.

ઊછળતા દિલ ઉમળકાથી સીધેસીધું જીવનપંથે
-કદી દોડી જવાયું ના, જીવનની કમનસીબી તે.

નિરાશા તેથી મેં દિલમાં જરા સરખી ન સેવી છે,
થતું જે જે થયા કરવા ઉમળકો દિલ ધાર્યો છે.

જીવનપથમાં શું અણધાર્યાં કદીક તો વિઘ્ન આવ્યાં છે,
હૃદયની સાવધાનીથી બધાં વાળી શકાયાં તે.

હરિ:ૐ

## શું જન્મોજન્મનો કેવો હરિનો પંથ અઘરો છે !

શું જન્મોજન્મનો કેવો હરિનો પંથ અઘરો છે !
હું જાણું દિલ ભયંકર તો મને લેમેલ શી થઈ છે !

લીધેલા માર્ગમાં ભૂલું કદીક કેવું પડાયું છે !
મને તે દિલ સમજાતાં તુરંત ચેતી જવાયું છે.

જીવનમાં હું કૃપાથી તે હતો ચેત્યો, છતાં પાછો
-પડી ઢીલા જવાઈને નરમઘેંસ થવાયું છે.

ઊઠી, ઊઠીને ફરી પાછાં પથે ડગલાં ભરેલાં છે,
અને હું એમ કરતાં તો ચરણમાં ઠામ પડિયો જે.

હરિઃૐ

# જીવનમાં સાચવીને મેં કશે આડું ન જોયું છે

પથે ભરમાઈ જવાકેરા પ્રસંગો કંઈક આવ્યા છે,
કદીક તેમાં ફસાઈને ભરાઈ હું પડેલો જે.

શું ચકરાવો ઊંધોચત્તો પથે ખાધા કરેલો છે !
શું કોઠાયુદ્ધને વિશે ભરાઈ હું પડેલો જે !

બહુ ફાંફાં નીકળવાને સતત માર્યાં કરેલાં છે,
છતાં પત્તો ન ખાધો છે, પ્રયત્ન મેં ન છોડ્યો છે.

જીવનમાં સાચવીને મેં કશે આડું ન જોયું છે,
નજર સામે જ પ્રત્યક્ષ જીવનધ્યેય ધરેલું છે.

હરિઃૐ

## કૃપાથી એમ મથવાથી હવે તો આંખ ઊઘડી છે

જીવનમાં જાગતાં વાર મને કેટલી થયેલી છે !
છતાં પૂરું જગાતું ના, શી રામાયણ જીવનની તે !

બહુ ઢંઢોળી, ઢંઢોળી જવા જાગી મથેલો છું,
છતાંયે આંખમાંથી તો જતી ના ઊંઘ કેમે શું !

ઊઠું, પાછો જઉં ઊંઘી, અરે ! ના ઊંઘ ખૂટે છે,
નયનમાં ઊંઘ તો ઓછી થતી માલૂમ પડે ના તે.

પ્રયત્નો તે છતાં મેં તો સતત જારી જ રાખ્યા છે,
કૃપાથી એમ મથવાથી હવે તો આંખ ઊઘડી છે.

હરિઃૐ

# મથ્યો હું ઠામ પડવાને, હરિએ લાજ રાખી છે

જીવનમાં કોઈ પણ રીતે કબૂલ ના હાર કીધી છે,
ભલે ફાવ્યો કદી ના હોઉં, છતાં રસ્તે ટકેલો જે.

કંઈક વેળા મહેનત પણ જતી શી વ્યર્થ લાગી છે !
ઊભો રહી મોં જ ફાડીને કરેલું ખાલી જોયા મેં.

બધા મેં દાવ નાંખ્યા છે, છતાં ના જીત મળતી છે,
પથે રમવાની બાજીને કદી છોડી ન દીધી છે.

અડગ રહી, ટેક ધારીને સતત જહેમત કરી કરીને,
મથ્યો હું ઠામ પડવાને, હરિએ લાજ રાખી છે.

હરિઃૐ

## પથે ખાતાં કંઈક ઠોકર, સીધો પાછો થયેલો જે

કૃપાથી ગમ જતાં ખાઈ શીખેલો હું મથી મથીને,
પથે ખાતાં કંઈક ઠોકર, સીધો પાછો થયેલો જે.

શી અથડામણ થયેલી છે ! શી રવડામણ ઊગેલી છે !
તડાતડ ધાણીની પેઠે ઉકાળા દિલથી નીકળ્યા છે.

પરંતુ ધ્યેય ધગધગતું ધબકતું જે હતું સામે,
મને શો પાંસરો દોર પથે એણે રખાવ્યો છે !

હતું કરવાનું તે પ્રત્યે જીવનમાં નેમ રાખીને,
સતત બસ તે પરત્વેનું ગયા કરવાનું રાખ્યું છે.

હરિઃૐ

## સતત કેવો નજર આગળ શું દેખાયા કર્યો પથ છે !

હું કેટલી વાર જાગીને ફરી ઊંઘી ગયેલો છું,
બહુ વાર રમત એવી રમાઈ છે જીવનમાં શું !

હૃદય અભ્યાસમાંથી તો કંઈ તાટસ્થ્ય પામ્યો જે,
બધું દીવા સમું જે તે મને સ્પષ્ટ જણાયું છે.

પથે તેથી મને કેવું સૂઝેલું ચાલવાનું છે,
સતત કેવો નજર આગળ શું દેખાયા કર્યો પથ છે !

હૃદય નિશ્ચિંતતા તેથી મને વળતી રહેલી છે,
જરૂરથી આજ કે કાલ પથે પહોંચી જવાશે તે.

હરિઃૐ

## પથે સડસડાટ મારું તો થયું ચાલ્યા ન કરવાનું

પથે બહુ વાર લથડ્યો છું, પથે હું ખંચકાયો છું,
પથે સડસડાટ મારું તો થયું ચાલ્યા ન કરવાનું.

ભલે ધીમે ધીમે પથ છો કપાતો હોય જીવનમાં,
છતાં તેમાંથી શી મુજને ઊંડી ધરપત વળે દિલમાં !

પછીથી તો પથે વેગ ગયો બઢતો જ નીરખીને,
પછી પાછળ પડાયાનો કશો ના ખ્યાલ ઊઠ્યો છે.

થઈ ઊઠબેસ ભારે છે, કશો કંટાળો તો મનમાં
-ઊઠ્યો ના, તેથી મારું દિલ ધબકતું છે ઉમળકામાં.

હરિઃૐ

## પછીથી, ડગ પછી ડગ શાં ભરાતાં પથ ગયેલાં છે

પડ્યું ખોટી થવું પથમાં અજંપો તેથી ઊપજ્યો છે,
અજંપા ને અજંપામાં કશું આગળ ન સૂઝ્યું છે.

પથે શો બાવરો થઈને બહુ ફાંફાં શું માર્યાં છે !
જીવનમાં તેથી મારો તો કશો દહાડો વળ્યો ના છે.

થતો ગભરાટ છોડીને જીવનમાં એકઠી કરીને
-બધી હિંમત, પુરુષાર્થ થયો તે તે કરેલો છે,

પછીથી, ડગ પછી ડગ શાં ભરાતાં પથ ગયેલાં છે !
હૃદય નિશ્ચિતતા થઈ કે પથે પહોંચી જવાનું છે.

હરિઃૐ

## પથે નિશાન તાકીને શું મારે ચાલવાનું છે

ભલે ધીમે ચલાતું છો, શું મક્કમ ડગ ભરાતાં છે !
હૃદય એનાથી તો કેવું કંઈક અજવાળું પડતું છે !

ફિકર, ચિંતા નકામી કંઈ હવે તો દિલ થતી ના છે,
થયો શો પક્વ હાવાં તો ભરોંસો દિલ સળગતો છે !

હવે થડકારી દિલ ના છે, પથે પાછું જ પડવાનો
-કશો વિચાર સરખોયે હવે ના આવવાનો છે.

ઊંચે, ઊંચે, પથે ઊર્ધ્વે ઊડ્યા કરવાનું મારે છે,
પથે નિશાન તાકીને શું મારે ચાલવાનું છે !

હરિઃૐ

## પથે મથવા થકી મંથન હૃદયમાં ચંક્રમણ ઊઠે

સતત પથ ચાલવું જેનો હૃદય અભ્યાસ ઊગ્યો છે,
ન તેને કોઈ મુશ્કેલી પથે અડચણ સમી ક્યાંયે.

પથે મથનારનું સાચું ખરેખર દિલ જેનું છે,
પથે મથવા થકી સાધન હૃદયમાં ઊગી નીકળે છે.

પથે મથવા થકી મંથન હૃદયમાં ચંક્રમણ ઊઠે,
મથામણ એવીથી એનું પથે સુતરું શું ચાલે છે !

સતત બસ ખંત, ઉદ્યમથી મથે એકીટશે દિલ જે,
જરૂર તે એક દિવસ, પથતણો છેડો જ પામે છે.

હરિઃૐ

# શું ઝંઝાવાત ઓચિંતા પથે ફૂટી જ નીકળ્યા છે

ઊકળતી રેતી સમ રણ શાં પથે કદીક આવ્યાં છે !
ભયંકર વાયરા ઉગ્ર પથે વંટોળ પ્રગટ્યાં છે.

પસાર પંથ તેમાંથી શું કરવો તો પડેલો છે !
હરિનો આશરો મોટો મને ત્યારે શું લાગ્યો છે !

શું ઝંઝાવાત ઓચિંતા પથે ફૂટી જ નીકળ્યા છે !
પથે પુરુષાર્થીના છક્કા છૂટી જતા જ લાગે છે.

હરિ તેવે સમય સાચો મદદગાર ખરેખર છે,
હૃદયપોકાર પાડીને હરિ તે વેળ વીનવ્યો છે.

હરિઃૐ

## કશે થંભ્યા વિના એને મજલ કાપ્યે જવાની છે

જીવનપથ ચાલવાનું તો સતત બસ એકધારું છે,
ન ક્યાંયે થોભવાનું છે, ન કંઈ આરામ એને છે.

કશે થંભ્યા વિના એને મજલ કાપ્યે જવાની છે,
પથે એને જ પોતાને હૃદય ટકોરવાનું છે.

કદીક ઝોલાં પથે ખાતાં ન એને ચાલવાનું છે,
જરા ઊંઘ્યા વિના એને દોડ્યા પંથે જવાનું છે.

હૃદય બસ નિત્ય અભ્યાસે શું રંગાયેલ જેનું છે !
ન તેને ભય કશો પણ છે, બધે પોબાર તેના છે.

હરિ:ૐ

## જીવનનું પાંદડું મારું હરિ વિના ન હાલે છે

વિપત્તિના જીવન વિશે હરિને દિલ સ્મરી-સ્મરીને,
મને ટેકો પૂરો દેવા હરિની સહાય માગી છે.

બધે જેમાં અને તેમાં મને શો એકલો હરિ છે !
જીવનનું પાંદડું મારું હરિ વિના ન હાલે છે.

હૃદયમાં ગણતરી હરિની ઊંડી ઊંડી ધરી ધરીને,
જીવનપથને વિશે ડગલાં અમે માંડેલ કેવાં તે !

લઈ આશ્રય હરિવરનો પથે ચાલ્યા કરેલા જે,
હરિની આંગળી પકડી અમે સહુ પંથ કાપ્યો છે.

હરિઃૐ

# બીજું કંઈ ના વિચાર્યું છે, સતત ધપવું જ ધાર્યું છે

પથે આગળ ધપાતાંમાં હૃદય વિશ્વાસ ઊગ્યો છે,
વધુ આગળ જવાશે તો જરીક જ્યાં પથ કપાયો છે.

જમીન પરથી ખસાયું છે, વળી પંથે પડાયું છે,
ગતિ પાછી બઢેલી છે, બઢી તેથી શી હિંમત છે !

નિસરણી પર ચઢાતાંમાં પગથિયાં ખ્યાલ આવ્યાં છે,
હજી બાકી બહુ પથ છે, ઉઘાડી આંખ જોયું છે.

કર્યાં કરવા વિશે માત્ર સતત મથવાનું રાખીને,
બીજું કંઈ ના વિચાર્યું છે, સતત ધપવું જ ધાર્યું છે.

હરિઃૐ

## સતત મથતા રહેવાથી જવાવાનું જ આગળ છે

જવું ઊર્ધ્વે, છતાં કેવા જમીન પર પગ રહેલા છે !
ઊંચે ઊડવાપણાનો શો છતાં ફફડાટ થાયે છે !

કદીક પાંખો શી ફફડાવી ગગન ઊડવું ચહેલું છે !
છતાં ઊડવાનું બનતું ના, હજી ના જોશ વધતું છે.

હૃદય મથવા વિશે શ્રદ્ધા અને વિશ્વાસ પાકાં છે,
સતત મથતા રહેવાથી જવાવાનું જ આગળ છે.

'જવાયું કેટલે આગળ' કદી ના તે વિચાર્યું છે,
સતત કરવાનું છે તેનું જીવંતું લક્ષ ધાર્યું છે.

હરિઃૐ

## છતાં આગળ જવાતાંમાં ઊગે છે જ્ઞાન તેથી તે

જતાં આગળ, જતાં આગળ મળ્યું શીખવાનું મુજને છે,
પથે એ શિક્ષણે કેવો મને વર્તંત કીધો છે !

બધું તે વર્તવામાંથી જવું આગળનું પથ ક્યાં તે
-મને સૂઝયાં કરેલું છે, કૃપા એ તો હરિની છે,

શું શું પથ આવવાનું તે કશી ના જાણ એની છે,
છતાં આગળ જવાતાંમાં ઊગે છે જ્ઞાન તેથી તે.

અજાણ્યો તોય સમજણ પથ હૃદય મળતી ગયેલી છે,
પછી પથ દોડતાં કાપી જરૂર મુજથી શકાયો છે.

હરિઃૐ

## છુપાયેલા ખજાનાનો શું ચળકાટ જણાયો છે !

જીવનમાં દૃષ્ટિ ને વૃત્તિ સળગતી શી રહેલી છે !
જીવનની ભવ્ય શી એણે કમાણી તો કરાવી છે !

કમાવામાં ઊંડું ઊંડું ઊંડે જેમ ઊતરાયું છે,
છુપાયેલા ખજાનાનો શું ચળકાટ જણાયો છે !

પછીથી દિલ આકર્ષણ જીવંતું મસ્ત પ્રગટ્યું છે,
પથે આકર્ષણે તેવા કરાવ્યો મુગ્ધ તે પ્રત્યે.

કશાં ના વિઘ્ન ગણકારી ધપાવ્યા શો કરેલો છે !
ધપાતાં આગળે જેમ કૃપાથી જ્યાં જવાયું છે.

હૃદય આગળની પથ સમજણ સ્વયં સ્ફુર્યાં કરેલી છે,
પછી એ રીતથી રસ્તો કપાયા શો કરેલો છે !

હરિઃૐ

## શ્રીસદ્‌ગુરુના ઊંડા દિલનો મદદનો ભાવ મળતો છે

સ્વીકારેલ ધ્યેયનો પથ છો, ભલેને એકલાયે મેં,
ન તોયે એકલો હું છું, પથે સહારો હરિનો છે.

સતત મથનાર ખંતે જે હરિ તેને ઉગાડીને
-હૃદયમાં પંથની સૂઝ, હરિ કેવી બતાવે છે !

હરિમાં દિલ પરોવાતાં ન એકલું દિલ લાગ્યું છે,
હરિ છે સાથમાં, એનો ભરોંસો દિલ ઊગેલો છે,

શ્રીસદ્‌ગુરુના ઊંડા દિલનો મદદનો ભાવ મળતો છે,
હું નોધારો કદી એવું પથે મુજને ન લાગ્યું છે.

હરિઃૐ

## હરિની યારીથી મારું જીવન બદલાયું કેવું તે !

કદીક આંધળિયાં કીધાં છે, પછી પસ્તાવું પડિયું છે,
પથે ખાધા છતાં લાતો શું સંઘરેલ નથી તોયે !

ખરેખરી લત સ્મરણની જ્યાં મને દિલ પાકી લાગી છે,
શી કાનની બૂટ પકડાવી હરિએ મારી, તાવ્યો છે !

સકંચે લઈ મને હરિએ ચસકવા તો ન દીધો છે,
હરિમાં ને હરિમાં શો મને ભજતાં રળાવ્યો છે !

હરિની યારીથી મારું જીવન બદલાયું કેવું તે !
હરિની મોટી બક્ષિસ ખરેખર કેવી મુજને તે !

હરિઃૐ

# જીવનના સાધનાપથનો પૂરો નિશ્ચય દઢાવ્યો છે

કશી મેં ચાલતાં કદી પણ ન છૂટછાટ મૂકેલી છે,
પથે મક્કમ રહી પૂરો, હૃદય સંયમ ધરેલો છે.

કદી મોળો પડ્યો ના, જ્યાં અણી વેળા જ આવી છે,
ઊભો સામો રહ્યો હું તો ખડકની જેમ પંથે જે.

કદી વિહ્‌વળ થયો ના છું, કદી ના ભય હું પામ્યો જે,
કદી આગ્રહ કશી રીતનો ભૂલેચૂકે ન સેવ્યો છે.

મમત મેં તો જીવન વિશે ન રાખ્યો છે કશા વિશે,
જીવનના સાધનાપથનો પૂરો નિશ્ચય દઢાવ્યો છે.

હરિઃૐ

## જીવનમાં ભાવની ગંગા પછી વહેવા શી માંડી છે

હું ઢંગધડા વિનાનો શો ! કશી અક્કલ ન મુજમાં છે,
કદી અક્કલતણો ફાંકો જીવનમાં મેં ન રાખ્યો છે.

કદીક તો 'હુંપણું' ઊઠતાં મને તેં લાત મારીને
-હૃદયમાં ભાન પ્રેરાવી, કૃપા કરીને જગાડ્યો છે.

કૃપાથી જે જગાયું છે, ફરી ના કૈં ઊંઘાયું છે,
જગાયા તે પછીનો શો હૃદય આનંદ ન્યારો છે !

જીવન જાગ્યા પછીનું તો જીવનમુખ ફરી ગયેલું છે.
જીવનમાં ભાવની ગંગા પછી વહેવા શી માંડી છે !

હરિઃૐ

## હરિને હાક પાડી છે ઉપર લેવા પતિત જનને

હતો આધાર વિનાનો ન ક્યાંયે છાંયડી મુજને,
ગરીબીમાં રવડતો'તો, ચઢાવેલો મને ઠેબે.

અરે ! ક્યાં લોકના દોષ જવા હું જાઉં છું ઘેલો,
પડી છે ખાટલે ખોડ બહુ મુજમાં ખરેખર તો.

જગત સંસારમાં ખત્તા બહુ ખાધા કરેલા છે,
કદીક તેથી મને ત્યારે થયેલું વિચારવાનું છે.

વળેલો તેથી મારામાં ઊંડે તળિયે બધી રીતે,
નર્યું પોલાણ મારામાં શું દેખાયું કૃપાથી છે !

ભયંકર ચોંકી ઊઠ્યો છું, બધું મુજ નીરખી નીરખીને
હરિને હાક પાડી છે ઉપર લેવા પતિત જનને.

હરિઃૐ

## મળેલું જે જીવન સઘળું વિના ભાવ નકામું છે

બધી સગવડ થઈ અગવડ ગરીબનું નસીબ વાંકું છે,
છતાં સ્મરણાદિ સાધનમાં ન કંઈ વિક્ષેપ પડતો છે.

બધાં સાધનનો અભ્યાસ થતો શો નિત્ય તે રહે છે !
અને એમાંથી તો ભાવ પ્રગટતો દિલમાં રહે છે.

મળેલું જે જીવન સઘળું વિના ભાવ નકામું છે,
સતત બસ ભાવને રળવા નિરંતર યત્ન કીધો છે.

સતત મથતાં, સતત મથતાં, મથામણનું હૃદય જે છે,
કૃપાથી હાથ લાગે છે, જીવન પછીનું નિરાળું છે.

હરિઃૐ

## હૃદયથી ભજન કરવાનું સદા ગમતું રહેલું છે

નરી પાર્થિવ વૃત્તિનાં શું તાંડવ નૃત્ય ચાલે છે !
કશું તેના વિના બીજું જીવન ના તેમનામાં છે.

નર્યું પાર્થિવ કક્ષાનું તહીં દર્શન થતું રહે છે,
ખરે ! પાર્થિવ વૃત્તિનું નર્યું પ્રાબલ્ય પુષ્કળ છે.

પ્રભુ હું એવી દુનિયામાં કદીક અટવાઈ ગયેલો જે,
કૃપાથી તે છતાં કેવું બચી એથી જવાયું છે !

હૃદયથી ભજન કરવાનું સદા ગમતું રહેલું છે,
સતત મર્દાનગી એમાં કૃપાથી દાખવેલી છે.

હરિઃૐ

## કશી ના જવાબદારી છે, છતાં પણ જવાબદારી છે

કશી ના જવાબદારી છે, છતાં પણ જવાબદારી છે,
શી માથાભારે જીવનની અરે મુજ એવી કથની છે !

કશું તે ભારે પડતું ના બધું ફૂલ જેવું હળવું છે,
સરળ, સરળ વહેતું છે, જીવન રસીલું, મઝેનું છે.

જીવનમાં પ્રાપ્ત કર્મોને પ્રભુપ્રીત્યર્થ જાણીને,
સમજીને અર્ધ્યરૂપે તે કૃપાથી તો કરેલાં છે.

જીવનનાં કર્મમાં ભાવ વળી જ્ઞાન ભરેલાં છે,
ત્રિવેણીનો રૂડો સંગમ જીવનમાં તે થયેલો છે.

હરિઃૐ

## નિરંતર જોશ ટકી રહેવા બધા ઉપાય લીધા છે

જીવનમાં અણસમજ કેવી કદીક પ્રગટેલ છે મુજને !
અને તે વેળ તો ભૂલ થઈ મુજથી ગયેલી છે.

જીવનમાં ધ્યેયનું ભાન ઊંડું જ્યાં દિલ પ્રગટ્યું છે,
કશી પણ અણસમજને ત્યાં કદી ના શક્યતા રહી છે.

સમજી સમજી બધું જે તે કૃપાથી તો થયેલું છે,
પ્રભુપ્રીત્યર્થ કરી તે તે ચરણમાં સૌ સમર્પ્યું છે.

છતાં પણ કોઈક વેળા તો ચૂકી ભાન જવાયું છે,
હૃદયશક્તિ તમન્નાની ઘટી ત્યારે શી લાગી છે !

થતાં સાધન વિશે ત્યારે બધું મેં જોશ ખર્ચ્યું છે,
નિરંતર જોશ ટકી રહેવા બધા ઉપાય લીધા છે.

હરિઃૐ

## કશું પણ એમનું એમ જવા ના મેં દીધેલું છે

જીવનમાં કોઈક વેળા તો શું બળ ઓચિંતું પ્રગટ્યું છે !
મને પણ નવાઈ ત્યારે તો ખરેખર દિલ લાગી છે.

અવર્ણનીય દિલ જુસ્સો ભભૂકતો ફૂટી નીકળ્યો છે,
લગાડી કર્મમાં તેને પૂરો ઉપયોગ લીધો છે.


કશું પણ એમનું એમ જવા ના મેં દીધેલું છે,
સદા ઉપયોગનું ભાન સતત જીવનમાં રાખ્યું છે.

ભૂલેચૂકે કદી પણ મેં ન ઉપભોગ કરેલો છે,
અને ઉપયોગને મેં તો નજર સામે જ રાખ્યો છે.

હરિ:ૐ

## ખંડ - ૩

# સાધનાચઢાણ



જીવનમાં કર્મ, ભક્તિ ને વળી જ્યાં જ્ઞાનનો યોગ,
જીવનસાફલ્ય નિશ્ચય તે, થતાં પ્રત્યક્ષ સાકાર.

હરિઃૐ

## મથેલા પર હરિએ શી કૃપા વર્ષાવી દીધી છે

કંઈક ગોથાં જીવનમાં મેં કદીક ખાધાં કરેલાં છે,
કદીક અડબડિયાં ખાધાં છે, કદીક ઊંધું પડાયું છે.

છતાં હિંમત ન હાર્યો છું, ટટારીથી ટકેલો છું,
નમાલો થઈ કદીય મેં તો જરા ના શિર ઝુકાવેલું.

જવાંમર્દી જ દાખવવા સતત બસ હાથ ને પગને,
અમે કામે પૂરેપૂરા લગાડી ખાસ દીધા છે.

કરીને કર્મ સંપૂર્ણ પડેલો ઠામ નિશ્ચિંતે,
મથેલા પર હરિએ શી કૃપા વર્ષાવી દીધી છે !

હરિઃૐ

# ભટકવાનું પછી ઓછું થઈ કેવું ગયેલું છે

સતત ચાલ્યા કર્યું તોયે પડ્યું ઠેકાણું હજી ના છે,
કદીક હું ભેરવાયો છું, પડી સમજણ શી મોડી તે !

શરૂ શરૂમાં કદી મુજથી જવાતું જાગી ના કેમે,
બહુ વેળા જ અથડાતાં કુટાવાનું થયેલું છે.

પથે શાં આમથી તેમ બહુ ચક્કર લગાવ્યાં છે,
બહુ ચાલ્યો, છતાં ઊંધું અરે ! મુજથી ચલાયું છે.

મને ત્યારે કૃપા કરીને હરિએ ચેતવેલો છે,
ભટકવાનું પછી ઓછું થઈ કેવું ગયેલું છે !

હરિઃૐ

## સતત પુરુષાર્થની એવી નિરંતર હારમાળા છે

જીવનને ડહોળી નાખીને હવેથી સમારવાને તે
-થયો ઉદ્યત કૃપાથી શો ! કરવી મહેનતને જાણી છે.

ન કંટાળ્યો કદી દિલમાં, ભલે ઊથલા ઘણા ખાધા,
જીવનમાં મેં ફરી ફરીને કર્યા કીધા જ ઉધામા.

કદીક મેં હાર ખાધી છે, કદીક પછડાટ ખાધી છે,
છતાં પાછો ઊઠી ઊઠીને કદમ ભરવાનું રાખ્યું છે.

સતત પુરુષાર્થની એવી નિરંતર હારમાળા છે,
નિરાંતે સોડ તાણીને સૂતો છું, પદ ચઢાવી તે.

હરિઃૐ

## કશું આગળનું પાછળનું પછી થોભાયું જોવા ના

મને એણે કૃપા કરીને નિભાવ્યો છે, નભાવ્યો છે,
નિભાવીને, જગાડીને મને જોતો કરાવ્યો છે.

નીરખવાનું થયું છે જ્યાં બધી ભ્રમણા જ ભાંગી છે,
સીધી દિશા વિશે પછીથી થયું સડસડાટ વહેવું તે.

કશું આગળનું પાછળનું પછી થોભાયું જોવા ના,
જીવનમાં દૃષ્ટિ ને વૃત્તિ ઢળ્યાં ધ્યેય પરત્વેનાં.

પછીથી ધ્યેયથી ક્યાંયે બીજે દૃષ્ટિ વળી ના છે,
નજરચૂક ભૂલેચૂકે થવા પામી પછી ના છે,

હરિઃૐ

# ફરી પાછો થઈ બેઠો હું ઉદ્યમથી મથેલો જે

લીધેલાં કર્મમાંથી શાં ખસેડાવે મનાદિને !
અમારી બેવકૂફીની શી એવી વાત કરવી તે !

ઢળાયું જ્યારથી પદમાં સતત તેની પરત્વેની
-નજર શી નાકની દાંડી પથે સામી જ રાખી છે !

અવળચંડી શી ખંધાઈ કદીક તે પ્રગટીને પંથે
-ઊંધાં ચશ્માં પહેરાવી ઊંધું ઊંધું બતાવ્યું છે.

અશાંતિ, ક્લેશ દિલ થાતાં જવાયું ચેતી મુજથી તે,
ફરી પાછો થઈ બેઠો હું ઉદ્યમથી મથેલો જે.

હરિઃૐ

## જીવનમાં તો મને જુસ્સાતણો પાનો ચઢેલો છે

જીવનમાં ચાલવાકેરું સતત મેં ભાન રાખ્યું છે,
કશી ભૂલચૂક પણ તેમાં થવા કદી ના દીધેલી છે.

હૃદયમાં ચાલવામાં તો મને આનંદ વ્યાપ્યો છે,
પથે તેથી જરા સરખો મને ના થાક લાગ્યો છે.

સતત બસ ચાલવામાં શો હૃદય ઉત્સાહ તેથી છે !
અનુભવવાનું તો નૂતન મળ્યા જીવને કરેલું છે.

જીવનમાં તો મને જુસ્સાતણો પાનો ચઢેલો છે,
જીવનની આંટીઘૂંટીને વટાવાઈ શી તેથી છે !

હરિઃૐ

## જીવનમાં આવવા દીધી ન મેં ઓટ ભૂલેચૂકે

हरि ને મારી વચ્ચેનું હતું અંતર મીટવવા તે
-ભયંકર હું મથેલો છું, કશું બાકી ન રાખ્યું છે.

હૃદય એકરસ हरि સાથે થવાને દિલ તોડીને
-પ્રયત્નો સૌ કરેલા છે, हरिને દિલ સ્મરી સ્મરીને.

ધીરજ, સાહસ અને હિંમત બધાં કામે લગાડ્યાં છે,
જીવનમાં આવવા દીધી ન મેં ઓટ ભૂલેચૂકે.

કદીક જુસ્સો જરા ઓછો થતો દિલ લાગતાં મુજને,
સવેળા ચેતીને ત્યારે હૃદય જુસ્સો સ્ફુરાવ્યો છે.

હરિઃૐ

## મથ્યા કરવું નિરંતરનું જીવનનો ક્રમ થયેલો તે

મથ્યા કરવાથી તો નિત્યે બધુંએ શક્ય બનતું છે,
હૃદય ધારેલું જે જે તે મથ્યા કરવાથી મળતું છે.

સતત મથતાં, નિરાશા પણ કદીક તો કેવી આવી છે !
ડૂબી મધમાં જતાં માખ શી હાલત ! એવી મુજ થઈ છે.

છતાં પણ દિલથી મક્કમ રહેલો નિશ્ચયાત્મક હું,
ડગ્યો છું હું, પરંતુ ના ખસેલો ધ્યેયથી હું છું.

ફરી ઊઠતાં, કરી જુસ્સો મને ના વાર લાગી છે,
મથ્યા કરવું નિરંતરનું જીવનનો ક્રમ થયેલો તે.

હરિઃૐ

## થવા ફેરફાર લાગીને જીવન બદલાતું ચાલ્યું છે

ચૂકાચૂક કંઈક જીવનમાં શી કેટલી વાર તો થઈ છે !
અને તેથી બહુ જ મારે સહન કરવું પડેલું છે.

જહીં લેવાનો નિર્ણય છે, શી ગભરામણ વછૂટી છે !
જીવનમાં નિર્ણયાત્મક તો કશું કરી ના શકેલો જે.

હતો એવો હું જીવનમાં પરંતુ જ્યાં કૃપા થઈ છે,
થવા ફેરફાર લાગીને જીવન બદલાતું ચાલ્યું છે.

મને આશ્ચર્ય મુજ પર તે થયેલું કેવું ત્યારે તો !
કરાવેલો પુરુષાર્થ મને ભારે હરિએ શો !

હરિઃૐ

## હવે તો જોતરે ઘાલી મને શો જોતરેલો છે

સદા પુરુષાર્થની દિલ સતત બસ ઝંખના રહી છે,
જીવનમાં તેથી મથવાનું થયા સતત કરેલું છે.

સતત મથતાં રહેવાથી મથામણનો જીવન વિશે
-નિરંતર મહાવરો પડતાં પછી ઉદ્‌ભવતો દિલ રસ છે.

જીવનમાં રસનું આકર્ષણ જહીં જામી ગયેલું છે,
પછીના દિલ મથામણની રસીલી કથની ન્યારી છે.

હવે તો જોતરે ઘાલી મને શો જોતરેલો છે !
સ્થળે નિશ્ચિત લઈ જઈને કરાવી નિરાંત દિલમાં છે.

હરિઃૐ

## પછી મથવા વિશે રસ શો મને પડવા જ લાગ્યો છે

હરિને દિલ મેળવવા હું કૃતનિશ્ચય થયેલો છું,
બધું આકાશ પાતાળ કરી એક, મથેલો હું.

હૃદય મથવા વિશે ભાવ પરોવાયેલ જ્યારે છે,
પછી મથવા વિશે રસ શો મને પડવા જ લાગ્યો છે !

રસે એવા મને કેવો સતત રાખી મથાવીને,
મથામણના હૃદય વિશે મને ખેંચી જ રાખ્યો છે.

હવે ત્યાંથી છટકવાનું થઈ શકવાનું ના કંઈ છે,
પદે આળોટવાનું તો હવે સદ્‌ભાગ્ય મળિયું છે.

હરિઃૐ

## જીવનમાં શક્ય શું ના છે ! પુરુષાર્થ થતો રહે જો

થવાને મુક્ત સંપૂર્ણ પડેલી જે કુટેવો છે,
મથી, મથી યત્ન કીધા છે, કૃપાથી તો ફવાયું છે.

મરણિયો દૃઢ અને મક્કમ થતાં નિશ્ચય પૂરેપૂરો,
જીવનમાં શક્ય શું ના છે ! પુરુષાર્થ થતો રહે જો.

નીચેથી ઊઠવાકેરી અભિલાષા શી જાગીને,
મને એણે મથાવીને ઊંચે શિખર ચઢાવ્યો છે.

સમર્થોમાં બધી રીતે સમર્થ શ્રીહરિ શો છે !
શી લેતાં સહાય એવાની પૂરું ફાવી શકાયું છે.

હરિઃૐ

## નિરાંતે બેસી રહેવાનું કદી સ્વપ્ને ન જાણ્યું છે

ખરેખર મુજ જીવનકેરી ફજેતી શી થયેલી છે !
નિહાળી તેવું પ્રત્યક્ષ હું શરમાયો હૃદયમાં જે.

હું શરમાઈ કદી તેથી રહેલો છું ન બેસી કૈં,
થવા સજીવન થતો સઘળો બધો પુરુષાર્થ કીધો છે.

છતાં ઊંચું અવાયું ના, ચલાવ્યાં બાવડાં બહુ છે,
નિરાંતે બેસી રહેવાનું કદી સ્વપ્ને ન જાણ્યું છે.

કૃપા-પુરુષાર્થનો સંગમ થતાં જીવન વિશે મુજને
-પછી પાકું ફવાયું ત્યાં, અને પદમાં ઢળાયું છે.

હરિઃૐ

## મથંતાં જેવું તેવું પથ હરિને યાદ કીધા છે

ભયંકરમાં ભયંકર જ્યાં નિરાશા આવતાં મુજને,
પથે લથડી પડાયું છે, ન કંઈ બેઠું થવાયું છે.

કપાળે હાથ દઈ ત્યારે નીચે બેસી પડાયું છે,
થવા ઊભું હૃદય હિંમત કશી ત્યારે ન ચાલી છે.

પડેલો હું હતો, તોયે જીવનપથને વિચાર્યાં મેં
-બહુ બહુ દિલ કરેલું છે, ફરી મથવા ચહેલું છે.

મથંતાં જેવું તેવું પથ હરિને યાદ કીધા છે,
હૃદયથી સાદ પાડીને હરિની સહાય માગી છે.

હરિઃૐ

## નજર તુજ સામી રાખીને સતત ચાલ્યા કરેલું છે

ભુલાતાં દિલ ઠપકો તેં મને ઠપકારી દીધો છે,
ન ઠપકાર્યો પરંતુ શો બરાબર છોલી નાંખ્યો છે !

હૃદયમાં તારો તે ઠપકો ઊંડો શો ઊતરેલો છે !
જુદાં જુદાં બધાં સાધન મને એણે કરાવ્યાં છે.

જરા ના જંપવા દઈને, પલાંઠી વાળીને મુજને
-નિરાંતે બેસવા મોકો મને તેં ના દીધેલો છે.

નજર તુજ સામી રાખીને સતત ચાલ્યા કરેલું છે,
પછીથી તો કૃપા કરીને ચરણ બેસાડી દીધો છે.

હરિઃૐ

## સતત મથવું, સતત મથવું જીવન કર્તવ્ય જાણ્યું તે

સતત મથવું, સતત મથવું જીવન કર્તવ્ય જાણ્યું તે,
લીધેલાં કર્મના પથમાં પરોવાઈ ગયો હું જે.

હૃદય રસબસ થઈ પૂરા અમે ડગલાં ભરેલાં છે,
ભયંકર ભીંસ આવી છે, છતાં ખચકાયો ના સહેજે.

કદીક પંથે પડી ધીમો શું ખચકાતાં ચલાયું છે !
મને દિલ વસવસો તેનો સળગતો તીવ્ર જાગ્યો છે.

હું જાગ્યો ત્યારથી કેવું પડેલું સવાર જાણ્યું છે !
પડેલા પ્રકાશથી પંથે પછી ઝટપટ ચલાયું છે.

હરિઃૐ

## ઈધર ઉધર બધે ફરતી અમે દૃષ્ટિ ન રાખી છે

ઈધર ઉધર બધે ફરતી અમે દૃષ્ટિ ન રાખી છે,
હૃદય ધ્યેય પરત્વેની નજરને સીધી ધારી છે.

હૃદયમાં હોંશ ધગધગતી શી પ્રગટેલી કૃપાથી છે !
મને એણે પુરુષાર્થ સતત કેવો કરાવ્યો છે !

ગરજ ને સ્વાર્થ જીવંતાં બઢંતાં જો જીવનમાં છે,
હૃદય ઉત્સાહથી તેથી બધું જે તે થયેલું છે.

થતાં પુરુષાર્થ ઉત્કટ જ્યાં કંઈક પરિણામ પ્રગટ્યું છે,
હૃદય ઉત્સાહનો અગ્નિ ખરો ત્યારે ભભૂક્યો છે.

હરિઃૐ

## સતત મથવાનું તો લમણે લખાયેલું જ એને છે

પરાક્રમી ને પુરુષાર્થીતણો હરિ માર્ગ નિશ્ચે છે,
સતત મથવાનું તો લમણે લખાયેલું જ એને છે.

છતાં એનોય કંટાળો કદી અમને ન લાગ્યો છે,
કદીક ઢીલો પડેલો શો ! ઊંડું શોધન કરેલું છે.

હૃદય ઉત્સાહ થનગનતો ન ચેતનવંત જીવતો છે,
ધીમા પુરુષાર્થનું સાચું ખરું કારણ ખરેખર તે.

ગરજના ભાવની માત્રા બઢી ટોચે પહોંચી જ્યાં,
પછી પુરુષાર્થ ઊછળતો થયા કરતો રહેલો ત્યાં.

હરિઃૐ

## જીવન તો તત્ત્વ ચેતનનું થયેલું વ્યક્ત પોતે છે

થતાં રહેતાં જ પુરુષાર્થ નિરંતર એકધારો તે
-જીવનહેતુ પ્રમાણે તો, જીવનમાં ફાલ ઊતરે છે.

'જીવન તો તત્ત્વ ચેતનનું થયેલું વ્યક્ત પોતે છે,'
જીવનનું ધ્યેય તે રીતનું હૃદય સમજી સ્વીકાર્યું છે.

જીવનમાં ડગલું પ્રત્યેક ભરાતાં, ખ્યાલ એક જ તે,
-અમે દિલમાં ધરાવીને પથે ચાલ્યા કરેલું છે.

જીવનના ધ્યેયને મક્કમ પથે એમ ચાલતાં નિત્યે
-સજીવન રાખી રાખીને હૃદય નિશ્ચિતતા ધરી છે.

હરિઃૐ

# ગરજ, સ્વાર્થ બઢેલાં છે જબરજસ્ત જીવનમાં તે

ઊંધુંચત્તું થતાં કંઈક હૃદય ઉદ્વેગ જાગીને,
ઊંડું કારણ છૂપું તેને મથાવ્યું શોધવા મનને.

હૃદય ચિંતવન થતાં એનું, મળ્યું કારણ ખરેખર છે,
ગરજ ને સ્વાર્થની માત્રા શી ત્યારે દિલ ઘટેલી છે !

પરંતુ જેમ અભ્યાસ બઢંતો તે ગયેલો છે,
ગરજ, સ્વાર્થ બઢેલાં છે જબરજસ્ત જીવનમાં તે.

મને एणे જરા સરખો દીધો પડવા ન નવરો જે,
સતત બસ નાકની દાંડી નજર સામી રખાવી છે.

હરિઃૐ

## થયેલું ઊંધું, તેને શો મથ્યો હું વાળી દેવાને

અહીંથી ત્યહીં જ જીવનમાં શી દોટાદોટ મૂકી છે !
ઊંધે પાટે જીવન તેથી અરે ! મુજથી જવાયું છે.

શી આડીઅવળી વૃત્તિઓ સ્ફુરંતાં મન વિશે ત્યારે !
હૃદય સ્ફુરી ગયેલું કે ન સીધો પંથ આ તો છે.

ભૂલેલો, જાગીને પાછો સફાળો દોટ મૂકીને,
થયેલું ઊંધું, તેને શો મથ્યો હું વાળી દેવાને !

ઝપાટાભેર દોડ્યો છું, છતાં સાવધ રહ્યા કરીને
-લીધા વિના વિસામો દિલ પથે ડગ મેં ભરેલાં છે.

હરિઃૐ

## હૃદયમાં ઊલટો કેવો ઉમળકો ધોધ ઊછળ્યો છે !

જીવનમાં જામતાં પહેલાં ઘણું મથવું પડેલું છે,
કશા કષ્ટતણી છાયા છતાં પડવા ન દીધી છે.

હૃદયમાં ઊલટો કેવો ઉમળકો ધોધ ઊછળ્યો છે !
વળી ઉત્સાહથી કેવું પથે આગળ ધપાતું છે !

ધપાતાંમાં જરીક આગળ, શું તલપાપડ થયું દિલ છે !
પથે દિલ મારવા કૂદકા શું થનગનતું થયેલું છે !

જતાં આગળ, જતાં આગળ રહ્યું દિલ હાથ ઝાલ્યું ના,
હવે મથવાતણો અંત કૃપાથી આવી ચૂક્યો છે.

હરિઃૐ

## મને એમાંથી નવનીત કૃપાથી તો મળેલું છે

જીવનધ્યેયે જીવનપથમાં મથાવ્યો જેમ મુજને છે,
મથાવાનું થતાં ઊંડું, કશુંક એવું જડેલું છે.

નવું નવું એથી જીવનમાં હું મેળવવા મથેલો જે,
ન જેનો અંત આવ્યો છે, સતત તે યજ્ઞ ચાલ્યો છે.

હરિની મહેરબાનીથી ન ઊંધો હું તણાયો છું.
કદીક ધીમો પડેલો હું, છતાં પાછો હું દોડ્યો છું.

સતત બસ ગડમથલ એવી જીવન ચાલ્યા કરેલી છે,
મને એમાંથી નવનીત કૃપાથી તો મળેલું છે.

હરિઃૐ

# હરિ તુજ માર્ગ ધપવાને થતી મહેનત કરેલી છે

લથડિયાં ખાઈ ખાઈને શું અથડાઈ, કુટાઈને,
હરિ તુજ માર્ગ ધપવાને થતી મહેનત કરેલી છે.

કદીક લાગ્યો ભલે થાક છતાં મેં ચાલવાનું જે,
ભલે ધક્કા બહુ વાગ્યા, કદી ના છોડી દીધું છે.

સતત એવો પુરુષાર્થ કૃપા તુજથી થયેલો છે,
કને તુજ આવવા લાયક હું તેથી શો બનેલો જે !

હરિની મહેરબાની જ્યાં જહીં અવતરતી જીવનમાં,
જીવનનાં નૂર ને ખુશબો બઢેલાં લાગતાં શાં તે !

હરિઃૐ

## કૃપા જો સાથ હરિની છે થતું પુરુષાર્થથી શું ના ?

હરિ-ભક્તિતણો રંગ પૂરેપૂરો હૃદય લાગ્યે,
થતી પ્રજ્ઞા મતિ ત્યારે, પછીથી જ્ઞાન સ્ફુરે છે.

હરિની ભક્તિનો એવો શું અપરંપાર મહિમા છે !
પરંતુ ભક્ત થવું એવા કઠિન દુર્લભ અતિશય છે.

કૃપા જો સાથ હરિની છે થતું પુરુષાર્થથી શું ના ?
મથ્યા તેથી કરેલું છે, મળે મથવાથી તો મેવા.

થતું જ્યાં ભાવથી મથવું, મથ્યામાં નવજીવન પ્રગટે,
જીવન એ રીત મથવાથી જીવનને પાંખ ફૂટે છે.

હરિઃૐ

## નરી ડંફાસ મારે છે, નકામા લોક એવા તે

જીવનમાં ઘોર અંધારું ખરે ! રહ્યું જ્ઞાન વિશે તે !
કરે સૌ જ્ઞાનની વાતો, અજાણ્યા ઘોર, જ્ઞાને છે.

છતાં પણ શરમ, સંકોચ કદી ના તેમને આવે,
મને તડફડ થવાતું છે, જગત એવાની આગળ તે.

નરી ડંફાસ મારે છે, નકામા લોક એવા તે,
અવળચંડા પૂરેપૂરા, નર્યા અજ્ઞાની કેવા છે !

પૂરા ડાહ્યા જ ડમરાનો કરે છે ડોળ કેવો તે !
જતાં પકડાઈ વાતોમાં, હરિને તે ન ગણકારે.

હરિઃૐ

## હરિ વહાલો જીવનકેરો ખરેખર બક્ષનારો છે

ઉપાધિ કેટકેટલી શી શિરે મારે પડેલી છે !
નથી ભાગ્યો હું તેનાથી છતાં કાયર થઈ જઈને.

સહ્યા કરી હેતુને જીવતો ધરીને દિલ વિશે સમજી,
ન તેથી ત્રાસ ઊપજ્યો છે જરા સરખોય તે મનથી.

રહેલો હેતુ જ્યાં જીવતો ખરેખર ચેતનાત્મક જો,
જીવનમાં ધ્યેયનું કર્મ બરાબર ચાલતું રહે તો.

હરિ વહાલો જીવનકેરો ખરેખર બક્ષનારો છે,
જીવન બક્ષી, જીવન એણે હરિપદ યોગ્ય બનવ્યું છે.

હરિઃૐ

## સ્વીકારેલ કર્મમાં ટકવા ઊણપ સહેજે ન દીધી છે

બીજી કોઈ વાતમાં સહેજે જરા ના મન પરોવ્યું છે,
સ્વીકારેલ કર્મમાં ટકવા ઊણપ સહેજે ન દીધી છે.

પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મ ચહી ચહીને સ્વીકારીને,
વળી તે કર્મમાં ભાવ હૃદયથી સીંચી દીધો છે.

હૃદયનો ભાવ સંપૂર્ણ પરોવાયેલ કર્મે છે,
પછી તે કર્મ, ના કર્મ કશી રીતે રહેતું છે.

જીવનમાં કર્મ, ભક્તિ ને વળી જ્યાં જ્ઞાનનો યોગ,
જીવનસાફલ્ય નિશ્ચય તે, થતાં પ્રત્યક્ષ સાકાર.

હરિઃૐ

# જીવનમાં ખોટી મગરૂરી કદી મેં તો ન રાખી છે

જીવનમાં ખોટી મગરૂરી કદી મેં તો ન રાખી છે,
જીવનમાં નમ્રતાકેરા શિખરને સર કર્યું મથીને.

જીવનમાં એકરસ તેને કરી દેવા મથ્યો શો જે !
જીવનમાં નમ્રતા સાથે વિવેક સાથી રાખ્યો છે.

જીવનમાં નમ્ર વિવેકે મને શો સાથ આપ્યો છે !
જીવનવિકાસમાં આગળ ખરે તેથી ધપાયું છે.

જીવનમાં આડીઅવળી શી ગલીકૂંચીઓ જ આવી છે !
પથે વટાવવા તેને વિવેક ખપ શો લાગ્યો છે !

હરિઃૐ

# અનુભવવા હરિને મેં શી જબ્બર હોડ બકેલી છે

ધખારા ને ધખારામાં ઊંધું વાળી જ નાંખ્યું છે,
પછીથી ખૂબ પસ્તાવો થયો એનો ઘણો દિલ છે.

બધું રાંડ્યા પછીનું તે ડહાપણ કંઈ ન ખપનું છે,
કપાળે હાથ દઈને હું છતાં બેસી રહ્યો ના કૈં.

ગુમાવેલું ભલે, કિંતુ કમર કસીને હું રળવાને
-કડીતોડ મથી મથીને જહેમત દિલ ઉઠાવી છે.

અનુભવવા હરિને મેં શી જબ્બર હોડ બકેલી છે !
હવે પાછો ગમે તેમ થતાં હું તો ન પડવાનો.

હરિઃૐ

## સતત બસ કામ ને કામતણું લક્ષ ધરેલું છે

ચરણમાં નોકરી રહેવા પૂરી મરજી બતાવી છે,
વફાદારીથી, નિષ્ઠાથી સતત વળગેલ કર્મે તે.

સતત બસ કામ ને કામતણું લક્ષ ધરેલું છે.
વિના કર્મ કશા વિશે અમે ના ચિત્ત પ્રોયું છે.

પછીથી મહાવરો કેવો પડેલો કર્મનો અમને !
શ્રીસદ્‌ગુરુ કર્મને ધારી પ્રભુપ્રીત્યર્થ કીધાં છે.

હૃદયનો ભાવ સંપૂર્ણ પ્રગટતાં કર્મને વિશે,
જીવનમાં કર્મનો યોગ બને શો જ્ઞાનભક્તિએ !

હરિઃૐ

## કદી લોકોત્તરોનાં મન કળી કેમે શકાયે ના

કદી લોકોત્તરોનાં મન કળી કેમે શકાયે ના,
પછી સામાન્ય જનનુંયે ખરે તેથી જ તેવું છે.

અમે મનને પરખવાનું બધું છોડી દીધેલું છે,
સલૂકાઈથી હરિપદ મન અમે ચોંટાડી રાખ્યું છે.

કદી છટકી જતાં મનને અમે જ્યાં જોઈ લીધું છે,
પડી પછી તેની પછવાડે ચરણમાં પાછું વાળ્યું છે.

મને કેવા જ ચકરાવા પથે ખવરાવી દીધા છે !
પરંતુ આખરે કેવું થયું સીધું કૃપાથી તે !

હરિઃૐ

## હુકમ પાલનથી તો ધ્યેય થતું નજદીક લાગે છે

શ્રીસદ્‌ગુરુના હુકમને મેં શિરોમાન્ય ગણેલો છે,
જીવનના જાનના ભોગે હુકમપાલન કરેલો છે.

હુકમ તે ના હુકમ માત્ર, થતાં સાકાર જીવનમાં
-હુકમની વાસ્તવિકતા શી બની પ્રત્યક્ષ ગયેલી ત્યાં !

હુકમને પાળતાં હરિના ઊંડા તે ચિંતવને રહીને,
હુકમ પાલનથી તો ધ્યેય થતું નજદીક લાગે છે,

હુકમનું ભાવનું સાધન સફળ ધ્યેય થવા કાજે,
જીવનના ધ્યેયહેતુના ઊંડા ભાને ગ્રહેલું છે.

હરિઃૐ

# ભયંકર વેદના કેવી અસહ્યાતીત લાગે છે

ભયંકર વેદના કેવી અસહ્યાતીત લાગે છે !
બધું મન વેદના વિશે ભરાયેલ કેવું રહે છે તે !

કશામાં ચેન પડતું ના નર્યો ઉદ્વેગ વ્યાપ્યો છે,
સહેવાયું જતું ના કંઈ પડાતી બૂમ પણ ના છે.

શરીરમાં માત્ર ના એક, પરંતુ રોગ ઝાઝા છે,
બધા તે રોગની પીડા શી એકીસાથ ભારે છે !

પરંતુ વેદના સાથે ભજન, કીર્તન, સ્મરણકેરી
-હૃદય સોબત થયેલી છે, સ્મરણ ટકવાની ચાવી છે.

હરિઃૐ

## જગજ્જન શી રીતે જાણે હૃદયનું પ્રેમસગપણ તે

હરિને મુજ વિશે ખુલ્લું કદી મેં તો ન ગાયું છે,
જવા બેઠું શરીર, ત્યારે કશું છૂપું ન રાખ્યું છે.

કદી પણ મેં કહેલું ના, કદી પણ જે ન ગાયું છે,
હરિસંબંધનું મેં તો છડેચોક કથેલું છે.

પમાડે કંઈક આશ્ચર્ય શું તેવું કહી જ નાંખ્યું છે !
ભલે માને કે ના માને ન પરવા દિલ ધરેલી છે.

હરિ ને હું ઉભય વચ્ચે હૃદયની ગોઠડી જે છે,
જગજ્જન શી રીતે જાણે હૃદયનું પ્રેમસગપણ તે !

હરિઃૐ

## હવે તો જીવવું, મરવું હરિને સોંપી દીધું છે

હવે તો જીવવું, મરવું હરિને સોંપી દીધું છે,
ભયંકર વેદના સહેવી અસહ્યાતીત લાગે છે.

ભયંકર કારમાં દર્દો કરી ઘર સાવ બેઠાં છે,
ચસકવું કોઈ રીતે તો અમારાથી બને ના તે.

રિબામણ ને રિબામણમાં પડે છે ગાળવા દિવસો,
છતાં એના પરત્વે કંઈ ટકે ના વસવસો દિલનો.

ચમત્કારિક તે શક્તિ સ્મરણના ભાવની સાચી,
બધું જે સહેવડાવે છે, કૃપાની તે શી બલિહારી !

હરિઃૐ

## હવે શો ચાર માણસમાં હું 'મોટો' તો ગણાઉં જે !

બહુ રીતની શી નાદારી અમે જીવનમાં કાઢી છે !
જીવનમાં સાવ ધોયેલા મૂળા જેવો બનેલો જે.

કશી ના લાયકાત જ છે ન ગણતરી કશી વાતે,
હૃદયમાં તેથી પસ્તાવો શું ધગધગતો ઊઠેલો છે !

જીવનમાં તેથી હરિપંથે જવાનું દિલ થયેલું છે,
સ્મરી સ્મરીને, ભજી ભજીને જીવન મારું વિતાવ્યું છે.

કમાણી એ રીતે પાછી જીવનમાં મેં કરેલી છે,
હવે શો ચાર માણસમાં હું 'મોટો' તો ગણાઉં જે !

હરિઃૐ

# સતત આકાશમાં કેવું હવે તો ઊડવાનું છે

હતો કેવો ભટકતો તે જીવનમાં આજ ક્યાં હું છું,
હવે સરખામણી તેની થઈ શકવાની ના કંઈ છે.

જવું સરખાવવા શાને ? હવે જ્યાં તે જીવન ના છે,
સતત આકાશમાં કેવું હવે તો ઊડવાનું છે.

વિના આકાશ ક્યાંયે ના હવે ફરવું ગમે અમને,
જીવન આકાશમાં પ્રગટી નીચે અવતરતું લાગે છે.

નીચે તે અવતરી કેવું બધું જે તે બનેલું છે,
અસલ, મૂળ રૂપ તે તેમાં છુપાયેલું રહેલું છે.

હરિઃૐ

## થયેલા દિલ સંકલ્પતણું બળ કેવું જબરું છે

જીવનમાં કંઈક સંકલ્પો મને તેં તો સ્ફુરાવીને,
બધાંએ કર્મ તે દ્વારા મને તેં તો કરાવ્યાં છે.

થયેલા દિલ સંકલ્પતણું બળ કેવું જબરું છે !
કરાવ્યા કર્મ વિના તો ન છૂટકો મુજ થયેલો છે.


અશક્ય લાગતાં એવાં કંઈક કર્મો થયેલાં છે,
બધું સંકલ્પનું તે તો પરિણામ ખરેખર છે !

નિરાકાર શું સંકલ્પ ! થતું કર્મ પ્રમાણે તે,
સ્વરૂપ પ્રત્યક્ષ સાકાર થયા સંકલ્પનું છે તે.

હરિઃૐ

# ખંડ - ૪

# हरितलसाट



કૃપા ના કલ્પના માત્ર, કૃપા ના ભાવના માત્ર,
જીવનની વાસ્તવિકતામાં કૃપા પ્રત્યક્ષ બોલે છે.

હરિઃૐ

## છતાં મુજ પર હૃદય હેત બહુ વરસાવતો રહે છે

તને મેં કરગરી કેવા કરેલા કાલાવાલા છે !
પડી મેં તો ઘૂંટણીએ શી તને કરી કાકલૂદી છે !

તને મેં ખેંચવા લક્ષ બહુ ચાળા કરેલા છે,
છતાં તેં ગણતરીમાં કૈં જરા સરખું ન લીધું છે.

કદીક શા આંખઆડા તેં કરેલા કાન કેવા છે !
ઊભેલો તુજ સામે હું છતાં સામું ન જોયું છે.

કદીક શા કાઢીને ડોળા મને ભડકાવી માર્યો છે !
છતાં મુજ પર હૃદય હેત બહુ વરસાવતો રહે છે.

હરિઃૐ

# મને તારા વિના કોઈનો જગે ના સાથ, ટેકો છે

તને ભૂલી જઈને હું જીવું કેવી રીતે હૃદયે ?
મને દિલ એકલાનો તો ભરોંસો માત્ર તારો છે.

જીવનમાં તુજ વિશ્વાસે કરું હું નાવ હાંક્યા જે,
હરિ સંભાળ મારી તું લીધા કેવી કરે છે જે !

ખરે ! તેથી ગરીબકેરો ટબારો ચાલતો રહે છે,
મને તારા વિના કોઈનો જગે ના સાથ, ટેકો છે.

જીવું તુજ માત્ર આધારે, દિલાસો એક તારો છે,
નિરાધારતણો કેવો મદદગાર મને તું છે !

હરિઃૐ

## થતો પુરુષાર્થ કરવાનું અમે રાખ્યું જિગરથી છે

તને પ્રસન્ન કરવાનો અભરખો દિલ મુજને છે,
તને ગમતું થવા કર્મ પ્રયત્ન મુજ સઘળો છે.

હૃદય કરવો તને રાજી ન સહેલું કર્મ તે તો છે,
કદીક જાન દઈ દેતાં છતાં ના રાજી થાયે તે.

શું જન્મોજન્મનો યોગ જીવનનો આ તરીકાનો !
ફળે કે ના ફળે પૂર્ણ કદી નિશ્ચિત નથી પણ તે.

પરિણામતણી આશા કશી ના દિલ રાખીને,
થતો પુરુષાર્થ કરવાનું અમે રાખ્યું જિગરથી છે.

હરિઃૐ

# જીવનની જવાબદારી સૌ તને મેં મારી સોંપી છે

જીવનની જવાબદારી સૌ તને મેં મારી સોંપી છે,
હવે કોઈ રીતની સહેજે ફિકર, ચિંતા ન મારે છે.

જીવનમાં પ્રાપ્ત સૌ કર્મ પ્રભુપ્રીત્યર્થ કરી કરીને,
હરિચરણે સમર્પીને રહેલો ખાલીખમ હું જે.

મનાદિમાં હરિને મેં હૃદય પ્રસ્થાપી દેવાને,
બધું આકાશ પાતાળ થવા એક મથેલો જે.

હરિનો ભાવ મેળવવા કરી તનતોડ મહેનત છે,
બધો પુરુષાર્થ કરવા તે હૃદય આનંદ પ્રગટ્યો છે.

હરિઃૐ

## કશી ના શિરજોરી મેં હરિ પર તો ચલાવી છે

કશી ના આવડત મુજમાં, ચરી ખાધું ગમે તેમ છે,
હવે જ્યાં ધોંસ આવી છે, તળે ઉપર થવાયું છે.

બહુ ઉપાય કરી જોયા, કશી કારી ન ફાવી છે,
પડેલા હાથ હેઠા છે, હરિ ત્યારે સ્મરેલા છે.

બધી મુસીબત વિશે દિલથી હરિની પ્રાર્થના થઈ છે,
હરિપદમાં નિવેદીને હરિચરણે સમર્પ્યું છે.

કશી ના શિરજોરી મેં હરિ પર તો ચલાવી છે,
હજી નાલાયકી એવી ન કરવાનું સૂઝેલું છે.

હરિઃૐ

## મને કેવી કરામતથી ચરણ તારે દઢાવ્યો છે !

મને કેવી કરામતથી ચરણ તારે દઢાવ્યો છે !
નહિતર બાકી હું મૂર્ખો કદી આવત ન તુજ પાસે.

બતાવ્યાં સાધનો મુજને હૃદય ભાવેથી કરવાને,
પ્રમાદ છોડીને સઘળો મથેલો ખંતથી નિત્યે.

કદીક અટકી પડાયું છે, ઘણું મથતાં છતાંયે તે,
ન ડગ આગળ ધપાયું છે, પરેશાન થવાયું છે.

સ્મરી સ્મરીને હૃદયભાવે તને દિલ યાચના થઈ છે,
મને આગળ ધપવવાને જીવનના ધ્યેય નજદીક તે.

હરિઃૐ

## જીવનને હરિચરણ વિશે મૂકી ભેટ દીધેલું છે

હરિને ધારી ધારીને જીવનને દોરવાને મેં
-ધરીને મનસૂબો દિલમાં, બધાં ડગ ગોઠવેલાં છે.

વ્યવસ્થિત મારું ધારેલું જીવનમાં ના થયેલું છે,
છતાં પણ આવડ્યું તેવું બધું ચિતર્યાં કરેલું છે.

કદીક ફાવ્યો, કદીક નિષ્ફળ જીવનમાં હું ગયેલો છું,
મથ્યા કરવાનું કેમેયે જરા સરખું ન છોડેલું.

સતત જહેમત જીવનમાં તો લગાતાર કર્યાં કરીને,
જીવનને હરિચરણ વિશે મૂકી ભેટ દીધેલું છે.

હરિઃૐ

# હરિને નિજનો કરીને હરિને રીઝવેલો છે

જીવનમાં મહત્ત્વનું સ્થાન હરિને મેં દીધેલું છે,
લીધા વિના હરિનામ કશું ના કર્મ બનતું છે.

હરિ વિના જીવનમાં તો હું ઓશિયાળો બધી રીતે,
સમર્થ શો ધણી મારો જીવનમાં તો હરિ પોતે !

તરવવાનું જીવનને તો હરિ શું મુખ્ય સાધન છે !
હૃદય સાધન વિશે તેવા સતત પરોવી રાખ્યું છે.

જીવનમાં એકલા હરિને ચહ્યાં કરીને, ચહ્યાં કરીને,
હરિને નિજનો કરીને હરિને રીઝવેલો છે.

હરિઃૐ

# હરિ પર વહાલ ઊછળ્યું છે, હરિને દિલ વરેલું છે

બહુ જ ખતરા જીવન વિશે મને શા સાંપડેલા છે !
કૃપાથી, સાવચેતીથી પથે ઊગરી જવાયું છે.

હરિનો કેટલો મોટો થયો ઉપકાર મુજ પર છે,
હૃદયમાં તેથી સંભાર્યાં કરું હરિને ઉમળકાએ.

હરિ પર વહાલ ઊછળ્યું છે, હરિને દિલ વરેલું છે,
હરિમાં ને હરિમાં બસ હૃદય ગુલતાન તો રહે છે.

હરિની ભક્તિનો કેવો ચમત્કાર જીવનમાં છે !
જૂનાને તે નવો સ્વાંગ સજાવી શો કૃપાથી દે !

હરિઃૐ

# હરિને પેટ ભરીને મેં સ્તવેલા છે, ભજેલા છે

હરિને પેટ ભરીને મેં સ્તવેલા છે, ભજેલા છે,
છતાં પણ કોઈક વેળા તો ભુલાયું એને મુજથી છે.

મને એનું હૃદય જ્યારે ઊંડું ભાન થયેલું છે,
પછીથી દિલ પસ્તાવો ભભૂકતો ઉગ્ર જાગ્યો છે.

મને એણે મથાવીને પથે સીધો રખાવ્યો છે,
પથે બસ એકધારી શી નજર સીધી રખાવી છે !

છતાં ભૂલચૂક થયેલી છે જરી ના સળવળાયું છે,
મને ઢંઢોળીને કેવો કૃપાએ ઉથલાવ્યો છે !

હરિઃૐ

## મથામણ દિલ કરાવીને હરિ નિજનો બનાવે છે

હરિ કેવો ! હરિ કેવો ! પતિતને તારનારો છે !
સ્મરંતાં નિત્ય હરિએ શો ગ્રહી મુજ હાથ લીધો છે !

પથે અટવાઈ, મુઝાઈ ગયેલો હું હતો પૂરો,
સૂઝેલી ના હતી મુજને જવાની યોગ્ય દિશા તો.

પરંતુ જે ભજે હરિને, હરિ તેને પકડી લઈને,
મથામણ દિલ કરાવીને હરિ નિજનો બનાવે છે.

હરિનો થઈ જતાં કેવું જીવન બદલાઈ જાયે છે !
હરિની સોબતે જીવન ખરેખર સાબદું થતું છે.

હરિઃૐ

# જીવનમાં ઓથ મળવાથી ઊંચું માથું રખાયું છે

હું હલકારો★ કઈ રીતે શકું આવી હું તુજ પાસે ?
કશી હિંમત ન ચાલી છે, કહીં છેટો ઊભેલો જે.

પછીથી તુજ કરામતથી ચરણ તારાં ગ્રહેલાં છે,
મને તુજ આવતાં પાસે કશી ભોંઠપ ન લાગી છે.

સહારો કેટલો મોટો જીવનમાં શ્રીહરિનો છે !
જીવનમાં ઓથ મળવાથી ઊંચું માથું રખાયું છે.

હવે નાનમ કશી વાતે મને ના દિલ લાગે છે,
હરિની સાનથી મુજ શો જીવનમાં રુઆબ ભારે છે !

★ ખેપિયો

હરિ:ૐ

# જીવનની વાસ્તવિકતામાં કૃપા પ્રત્યક્ષ બોલે છે

જીવનમાં પ્રકૃતિકેરા હું સપડાઈ વમળમાં તે,
નીકળવા બહાર તેનાથી બહુએ શ્રમ લીધેલો છે.

જહીં થાક્યો હું સંપૂર્ણ પછી ચાલ્યા ન મુજ કર છે,
હરિને સાદ દેવાતાં હરિએ બહાર કાઢ્યો છે.

કૃપા એવી બહુ વેળા હરિએ તો કરેલી છે,
કૃપાની પર હવે માત્ર ગુજારું છું જીવન મુજ જે.

કૃપા ના કલ્પના માત્ર, કૃપા ના ભાવના માત્ર,
જીવનની વાસ્તવિકતામાં કૃપા પ્રત્યક્ષ બોલે છે.

હરિઃૐ

## નજરથી દિલથી એને ન ખસવા ક્યાંય દીધો છે

અમારા તે જીવનકેરી કમાણી શ્રીહરિ શો છે !
પછીથી વેડફી દેવા જિગર ચાલે કઈ રીતે ?

હૃદયની કાળજીથી તે અમે જાળવણી રાખીને,
અમે આગળ ધપેલા શા કમાણીને બઢવવાને !

કમાણીથી ઊંડા ઊંડા હૃદય લોભાઈ શા જઈને !
સતત એની જ પછવાડે પછીથી તો પડાયું છે.

સતત પાછળ અને પાછળ નજર તેની જ રાખી છે,
નજરથી દિલથી એને ન ખસવા ક્યાંય દીધો છે.

હરિઃૐ

## કૃપાસિંધુ હરિ પોતે, ન સાહિત્યિક ઉપમા તે

અમારે જિંદગાનીમાં કમાણી સાચી રળવી છે,
દળી દળી કુલડીમાં તો ન તેને વાળી દેવી છે.

રળાતાં તે કમાણી તો બધે વિસ્તાર પામીને,
બધાંના હાર્દનું એથી થતું દર્શન રહે છે જે.

થતાં દર્શન થકી એવાં હૃદય નિરાળું બનતું છે,
ગુણો ને ભાવ ખીલીને હિમાલય ટોચ પહોંચે છે.

કૃપાસિંધુ હરિ પોતે, ન સાહિત્યિક ઉપમા તે,
ખરે ! સાક્ષાત્ એવો તે, અનુભવથી પિછાણ્યો છે.

હરિઃૐ

## સતત બસ એકનું એક જ હૃદય લક્ષ ધરેલું છે

જીવનમાં મૂડી રળવાને અમે વેપાર માંડ્યો છે,
સતત મંડ્યા રહેવાથી કંઈક મૂડી રળાઈ છે.

કંઈક ખોટ જતાં કેવી હૃદય ફાળ પડેલી છે !
થવા સરભર, જહેમતને પૂરી કામે લગાડી છે.

વધુ મૂડી કમાવાને અમે કમર કસેલી છે,
સતત બસ એકનું એક જ હૃદય લક્ષ ધરેલું છે.

સુઝાડેલાં હૃદય મુજને હરિએ ગૂઢ સાધનને
-કર્યાં કરવા વિશે લક્ષ પરોવી પૂર્ણ દીધું છે.

હૃદય એકાગ્રતા પૂર્ણ જતાં જામી, જીવનનું તે
-પતી કામ ગયેલું છે, કૃપા એ તો હરિની છે.

હરિઃૐ

## તને લાયક બનાવીને બધું ઘટતું તું મુજ કરજે

હવે મુજ છટણી કરવાનો સમય તો વહી ચૂકેલો છે,
સ્વીકાર્યા વિણ હવે છૂટકો મને તારો રહ્યો ના છે.

પડી ચૂકેલ તુજ પાલવ, હવે તેને મઠારીને,
તને લાયક બનાવીને બધું ઘટતું તું મુજ કરજે.

ઘટે જો મારવો મુજને, ભરીને પેટ મારી લઈ,
ઘડીને ઘાટ તુજ ગમતો, મને લઈ લે તું સ્વીકારી.

હવે હું પણ પૂરેપૂરો વરી તુજને ચૂકેલો છું,
કર્યાં ચિંતવન કરું ચહીને હૃદયમાં તારું નિશદિન હું.

હરિઃૐ

# સહારો એકલો હરિનો જીવનમાં માત્ર સાચો છે

ન જેનું કોઈ બેલી છે, હરિ આધાર તેનો છે,
હરિમાં દિલ રમે જેનું નગદ તેને હરિ શો છે !

હરિ મથનારને ટેકો પથે શો આપતો રહે છે !
કદી પણ એકલો ના કંઈ હરિ તેને મૂકી દે છે.

સ્વયં દિલના ઉમળકાથી હરિને વરી ચૂકે છે જે,
કદી પથમાંહી અધવચ્ચે હરિ તેને મૂકી ના દે.

સહારો એકલો હરિનો જીવનમાં માત્ર સાચો છે,
હરિના આશ્રયે તેથી પડી રહેવાનું રાખ્યું છે.

હરિઃૐ

## નિરંતરના ભજન-ભાવ થકી રળવાનું રાખ્યું છે

ચહી ચહીને, લળી લળીને તને પદમાં નમી નમીને
-હૃદય પ્રાર્થ્યાં કરી ભાવે, તને ધાર્યા કર્યો દિલ છે.

હૃદયના ભાવની હરિને નવાજેશ કરી કરીને,
હરિનો પ્રેમ મેળવવા ચરણ ઝુકાવી દીધું છે.

નિરંતરના ભજન-ભાવ થકી રળવાનું રાખ્યું છે,
ચરણની એ જ સેવા છે, હૃદય હું એમ સમજ્યો તે.

હરિના ભાવમાં જીવવું, હરિના ભાવમાં ટકવું,
ચરણમાં દિલ રમાડીને હરિ નિજનો ઠરાવ્યો છે.

હરિઃૐ

# હરિથી એકલું ક્યાંયે હવે ના જીવવાનું છે

જીવનમાં શ્રીહરિને મેં શું ભાગીદાર રાખીને !
હરિનો સાથ રાખીને બધાં પગલાં ભરેલાં છે.

શું જોડાજોડ હરિ સાથે જીવનમાં ચાલવાનું છે !
હરિથી એકલું ક્યાંયે હવે ના જીવવાનું છે.

હરિના સાથની સોબત વડે જીવનની મહોબત છે,
જીવન એવાતણી લિજ્જત હૃદય શી મહાલવાની છે !

જીવનમાં મુજને નિજનો પૂરેપૂરો કરી લઈને,
હરિએ તણખલાનો શો બનાવ્યો ઉચ્ચ પર્વત છે !

હરિઃૐ

## हरि તારા પરે મારો હવે ના કોઈ દાવો છે

हरि તારા પરે મારો હવે ના કોઈ દાવો છે,
કર્યા અત્યાર સુધીના બધા હક્કની, ક્ષમા દેજે.

हरि નાદાનિયત મારી ન જેની કોઈ સીમા છે,
કરી મૂર્ખાઈ બેઠેલો, પછીથી ભાન જાગ્યું છે.

પછીથી દિલ કરવાનો નકામો વલવલાટ જ તે,
થવાનો કહ્યાગરો હાવાં હૃદય નિશ્ચય થયેલો છે.

'ચરણનો દાસ થઈ જઈને, ચરણને ચાંપી લેવા છે
-હૃદયમાં હૃદય લગાડીને', हरि તે આશ મુજ પૂરજે.

હરિઃૐ

# તું શો જેમાં અને તેમાં નિવેડો લાવનારો છે !

મને ક્યાંયે હરિ વિના ન સંઘરનારું કોઈ છે,
હરિ તારે ચરણ શોધ્યો મથી મેં તેથી આશ્રયને.

ચરણથી કોઈને કદી પણ વિખૂટા તેં ન પાડ્યા છે,
હૃદય વિશ્વાસ દૃઢ એવો મને તારા તરફનો છે.

સતત તેથી ચરણ તારાં પકડી, પકડી રહ્યો હું જે,
તું શો જેમાં અને તેમાં નિવેડો લાવનારો છે !

હવે મારા હૃદય વિશે પ્રવેશીને નિરંતરનો
-ઠરીઠામ થઈ જઈને થઈ જા, યાચું, વસનારો.

હરિઃૐ

## ભજ્યામાંથી જ ભજવાનો મને દિલ સ્વાદ લાગ્યો છે

હરિને લક્ષમાં ધારી હરિને દિલ ભજેલો છે,
ભજ્યામાંથી જ ભજવાનો મને દિલ સ્વાદ લાગ્યો છે.

ભજનમાંથી હૃદયમાં શો હરિ પરત્વેનો ઊંડો
-જીવંતો ચેતનાત્મક તો ખરેખર ભાવ પ્રગટેલો.

સતત સ્મરવું, સતત ભજવું, હૃદય કીર્તન કર્યાં કરવું,
હૃદયની પ્રક્રિયા એવી વિશે દિલને પરોવ્યું છે.

નિરંતર ભાવધારાને હરિચરણે ચઢાવીને,
હરિને દિલ મેળવવા મથેલો છું ચહી ચહીને.

હરિઃૐ

# હૃદયના ભાવને વહેવા મળેલું કર્મ, તે પટ છે

નજૂમી★ કોણ એવો કે 'મને ક્યારે કહી શકશે
-હરિને ઝંખનારાને હૃદયદર્શન હરિ દેશે ?'

રહ્યું ના ઝંખવું માત્ર પરંતુ કર્મને વિશે
-હૃદયના ભાવને હું તો મથ્યો અવતારવાને તે.

હૃદયના ભાવને વહેવા મળેલું કર્મ, તે પટ છે,
કૃપાથી એ રીતે કર્મ અમે પ્રેમે ગ્રહેલું છે.

પ્રભુપ્રીત્યર્થ જે તે કંઈ સમર્પણ તે થવા કાજે,
જીવંતા હેતુથી એવા અમે કર્મ સ્વીકાર્યું છે.

★ જોશી

હરિઃૐ

## હરિ લીધે જ સર્વાંગ જીવન સુંદર મનોહર છે

જીવનચણતર અને ઘડતરતણા પાયામહીં હરિ છે,
જીવનમાં ટટારીથી તેથી રહી ઊભું શકાયું છે.

હૃદય દૌર્બલ્ય સંપૂર્ણ ટળી તેથી ગયેલું છે,
ઊભેલો સામનો કરવા હવે મર્દાનગીથી જે.

હૃદય ગુણ-ભાવ હરિ લીધે, હરિ લીધે જ બળ મુજ છે,
હરિ લીધે જ સર્વાંગ જીવન સુંદર મનોહર છે.

શું સર્વાધાર જીવનમાં હરિ શો એકલો મુજને !
જીવનના સમુદ્રને વિશે હરિ શો નાવડું મુજ છે !

હરિઃૐ

# હરિને જે ભૂલે છે ના હરિ તેને ન ભૂલે છે

જીવનમાં આડુંઅવળુંયે અમારાથી થયેલું છે,
સમજ પડતાં ધરી ખંત સુધારી તે લીધેલું છે.

હરિને દિલ વિશે ધારે હરિનું લક્ષ ધારી જે,
બરાબર ઠામઠેકાણું હરિ તેવાનું પાડી દે.

ભજે જે રીત હરિને જે સ્તવે હરિને પ્રમાણે જે,
હરિ તેવી રીતે તેનું બધું સાટું શું વાળે છે !

હરિને જે ભૂલે છે ના, હરિ તેને ન ભૂલે છે,
ભૂલે હરિને, છતાં તોયે હરિ તેને ન ભૂલે છે.

હરિઃૐ

## हरि જેમાં અને તેમાં મને દિલ યાદ આવે છે

हरिनो આશરો લઈને થયેલું ચાલવાનું જ્યાં,
જરીક ખચકાઈ જવાતાંમાં, हरि ! શી હાક પાડી ત્યાં !

हरि હોવા છતાં માથે, हरि પ્રત્યક્ષ મદદે છે,
છતાં हरिએ મને કેવો મૂકી છૂટો દીધેલો છે !

ભલે સ્વતંત્ર રીતે મેં પથે ચાલ્યા કરેલું છે.
છતાં हरिने ઘડી પણ ના ભૂલેલો છું જીવન વિશે.

हरि જેમાં અને તેમાં મને દિલ યાદ આવે છે,
ન આવે યાદ તે માત્ર, વળી શો આંખ મારી તે !

હરિઃૐ

# જીવનના નાવનું હરિને અમે સુકાન સોંપ્યું છે

જીવનના નાવનું હરિને અમે સુકાન સોંપ્યું છે,
ભયંકર કેવી પછડાટો સતત બસ વાગતી રહે છે !

શી હાલમડોલ બનતી તે ! શી ઝોલાં ખાતી તરતી છે !
જશે હમણાં ડૂબી જાણે, હૃદયમાં ભય પમાડે છે.

સ્મરણ હરિનું કરી ત્યારે, હૃદયથી પ્રાર્થના થઈ છે,
ભરોંસો, પૂર્ણ વિશ્વાસ હરિ પરનો ભર્યો દિલ છે.

ન તેથી દિલ ગભરાવાપણું કંઈ પણ થયેલું છે,
હરિ અમ છે જહીં નાવિક, હૃદય નિશ્ચિંતતા થઈ છે.

હરિઃૐ

## જીવનનો હેતુ જીવતો જો, બધું તો અર્થવાળું છે

જીવનમાં કીમતી પળ પણ કદીક આવી ગયેલી છે,
હૃદય જાગ્રત રહેવાથી કરી ઉપયોગ લીધો છે.

નકામું કંઈ જ જીવનમાં જવા મેં ના દીધેલું છે,
જીવનનો હેતુ જીવતો જો, બધું તો અર્થવાળું છે.

જતું એળે જીવનને મેં નીરખતાં, ચોંકી ઊઠીને
-સફળ કરવા જહેમતને પૂરી આરંભી દીધી છે.

હરિ જ્યાં એકલો માત્ર જીવનને દોરનારો છે,
હરિ સાથે પછી દિલમાં ખરો સંબંધ પ્રગટ્યો છે.

હરિઃૐ

# ભુલાયો એક પળ હરિ જો મરણ આવેલું લાગે છે

કદી સંગાથ હરિનો જે ભૂલેચૂકે ન છોડે છે,
હરિને કોઈ ને કોઈ રીતે જે યાદ લાવે છે,
હરિ સ્મરવાની લત જેને નિરંતરની પડેલી છે,
હરિ તેવાની સંભાળ જીવનમાં પ્રેમથી લે છે.

લઈ લઈ આશરો હરિનો હરિમાં લય થતા રહે જે,
જીવનમાં કોઈક સદ્‌ભાગી વિરલ શા ભક્ત વીરલા તે !

ભુલાયો એક પળ હરિ જો મરણ આવેલું લાગે છે,
નિરર્થક જીવવું એવું ઊંડું સાલે ઘણું એને.

હરિઃૐ

## કશે તુજ સાથ છોડીને જવાનું દિલ થતું ના છે

હરિની માત્ર સોબતને અમે સોબત ગણેલી છે,
બીજી સોબત વિશે ક્યાંયે અમારું દિલ જતું ના છે.

કશે તુજ સાથ છોડીને જવાનું દિલ થતું ના છે,
જીવનમાં વહાલસોયો તુજ મને સંગાથ ખપનો છે.

બધાંનીયે પરખ તારી ખરેખર સાચી અદ્‌ભુત છે,
ન ગાંજ્યો જાય કો’નાથી, સહુને મહાત કરતો છે.

બરાબરી તુજ સંગાથે ન કો’ની થઈ જ શકતી છે,
ખરાખરી તુજ સંગાથે ન લાયક કોઈ કરવાને.

હરિઃૐ

## હરિ સાથે જ હોવાથી હૃદય હિંમત ટકી રહી છે

હરિ સમ વળાવિયો સાથે મુસાફરીમાં અમે રાખી,
લૂંટારા આવતાં પંથે ન થડકો લાગિયો મનથી.

પડે દિલ ધ્રાસકો એવા શું હાકોટા થયેલા છે !
ચઢાવી બાંય હરિએ ત્યાં મરણિયા હાક પાડી છે.

હરિની સહાયને લીધે ટકી નિશ્ચિંતતા રહી છે,
હરિ સાથે જ હોવાથી હૃદય હિંમત ટકી રહી છે.

પૂરો રમખાણમાં સાથ અમે પણ આપતા રહીને,
મુસીબત નિવારવા કાજે અમે અડીખમ ઊભેલા જે.

હરિઃૐ

## હરિએ દોરડું લાંબું શું મારી સાથ રાખ્યું છે !

મનાદિથી બધી રીતે હરિને ચાહી ચાહીને,
હરિમાં દિલ પરોવીને બનાવ્યો મિત્ર હરિને છે.

કદી કદીક જીભાજોડી હરિ સાથે થયેલી છે,
નકામી જીદ પણ થઈ છે, શરમ તેથી શી આવી છે !

હરિને જ્યાં ગણ્યો મારો હરિ જ્યાં મુજ થયેલો છે,
હૃદય સગપણતણો દાવો પછી ક્યાં રાખવાનો છે ?

હરિએ દોરડું લાંબું શું મારી સાથ રાખ્યું છે !
જવા દઈને ગમે તેમ, છતાં ખીલે જ બાંધ્યો છે.

હરિઃૐ

# હરિ વિના હવે બીજું કશું ખપનું ન મુજને છે

હરિને ભક્તિથી વશ દિલ અમે કરવાનું ધાર્યું છે,
મનન ચિંતવન સદા એના વિશે દિલને પરોવ્યું છે.

ઊંડું ઊંડું મનન ચિંતવન થતાં, મનાદિ પલળ્યાં છે,
હરિ શો એકલો માત્ર પછી દિલને ગમેલો છે !

હરિ વિના હવે બીજું કશું ખપનું ન મુજને છે,
હરિ તો એક આધાર જીવન ટકવા મને શો છે !

નિરાધાર હું સંપૂર્ણ જીવનમાં છું બધી રીતે,
મને સંસારમાં તેથી હરિ સંભાળી શો લે છે !

હરિઃૐ

## સતત મથતાં મને કેવી હરિએ થાબડી પીઠ છે

જીવનમાં બેઉ પાસાંનું ખરેખર લહેણું દેણું છે,
બધું તે દેણું ચૂકવતાં શું કંઠે પ્રાણ આવ્યા છે !

સ્મરણ, કીર્તન, ભજન-ભાવ નિવેદન ને સમર્પણ ને
-નિદિધ્યાસનને જીવનનું અમે તો લહેણું માન્યું છે.

સતત તે સાધનાભ્યાસે જીવનમાં લહેણું મેળવવા,
જરી ખોટી થયા વિના અમે મંડ્યા રહેલા શા !

હરિનો આશરો મોટો અનુભવથી પિછાણ્યું છે,
સતત મથતાં મને કેવી હરિએ થાબડી પીઠ છે !

હરિઃૐ

# હૃદય એની ધીરજનો તો કશો છેડો ન આવે છે

હરિનો કોઈક લાડીલો ખરેખર ભક્ત સાચો જે,
હરિને પ્રસન્ન કરવાનો જીવનવેપાર એનો છે.

જીવનવેપાર કરતાં તે શી એને પ્રસન્નતા દિલ છે !
હૃદય તે રાજી-રાજીમાં બધું આટોપતો જે તે.

શી અપરંપાર જીવનમાં હૃદય નિશ્ચિતતા એને !
બધું શિર આવતું જે જે હરિને સોંપી તે દે છે.

ન માથાકૂટ કશી એને, ન લમણાઝીક કશી પણ છે,
હૃદય એની ધીરજનો તો કશો છેડો ન આવે છે.

હરિઃૐ

## હરિ મોટો, હરિ મોટો બધી રીતે જીવનમાં છે

હરિ નીરખ્યા કરંતો તો છતાં મેં તો ન જોયું છે,
નજર કદી ના ગઈ સામે, નરી મૂર્ખામી કેવી તે !

છતાં જ્યાં ચરણમાં મેં તો લીધો આશ્રય ખરે તેથી
-જીવનમાં ઓટ વિશે પણ રહેવાયું ટકી મુજથી.

વિપત્તિ, ગૂંચમાં ભારે કદીક આવી જ પડતાંમાં,
હરિને હાક દેતાંમાં, સબળતા દિલ પામ્યો ત્યાં.

હરિ મોટો, હરિ મોટો બધી રીતે જીવનમાં છે,
બહુ વેળા જીવનમાં મેં હરિને એમ પરખ્યો છે.

હરિઃૐ

# હરિને ગમતું વર્તીને હરિને દિલ રીઝવવા છે

હરિની દિવ્ય લીલાનું હૃદય દર્શન થવા કાજે,
થવા આદર્શ સાકાર અમે તો ભેખ લીધો છે.

થયા વિના પૂરેપૂરું બધી રીત પોલું સંપૂર્ણ,
કદી પણ વાંસળીથી તો શકે ના નીકળી સૂર.

થવા સંપૂર્ણ પોલું તે જીવનમાંહી બધી રીતે,
સતત તે રીત મથવાનો જીવનનો યજ્ઞ માંડ્યો છે.

હરિને ગમતું વર્તીને હરિને દિલ રીઝવવા છે,
હરિનું વહાલ સર્વોત્તમ જીવન તરવા ઉપાય જ છે.

હરિ:ૐ

## થવા સાકાર અભિલાષા હવે જીવનમાં મંડી છે

સમર્પણ, ત્યાગ, તપાદિનાં થયાં સાધન કરેલાં છે.
બધાંના તે સમુચ્ચયથી અભિલાષા બઢેલી છે.

અભિલાષા હવે તો ના અભિલાષા રહેલી છે.
થવા સાકાર અભિલાષા હવે જીવનમાં મંડી છે.

અભિલાષા સજીવન થઈ પુરાયા પ્રાણ તેમાં છે,
હવે ના કલ્પના રહી તે બનેલી વાસ્તવિકતા છે.


હરિ સ્વપ્નું હવે ના છે, હવે હરિ છેક નજદીક છે,
સહૃદયતાથી હરિકેરી થવી પ્રાપ્તિ સુલભ થઈ છે.

હરિદર્શન થવા કાજે કદમ પર કદમ ઉઠાવ્યાં છે,
હૃદય ઉત્સાહનો પારો ઊંચી ટોચે ચઢેલો છે.

હરિઃૐ

## ખંડ - ૫

# હરિસંબંધ



જીવનમાં ભાવ પ્રત્યક્ષ થતો સાકાર જ્યાં રહે છે,
જીવનનું નવજીવન થાતાં પછી ના વાર લાગે છે.

હરિઃૐ

## ન એને મિત્ર દુશ્મન છે, બધાં સરખાં ગણે છે તે

હરિને રીતરસમ કાંઈ ના, ન ધારાધોરણો પણ છે,
છતાં અતડો, ન અળગો છે, શું હળતો મળતો સહુથી છે !

હૃદયથી મૈત્રી કેળવવા હરિની પાસ જે આવે,
હરિ તેને સ્વીકારીને બનાવી નિજનો લે છે.

ન એને મિત્ર દુશ્મન છે, બધાં સરખાં ગણે છે તે,
છતાં એને બધાંમાંહે સહુથી ભક્ત વહાલા છે.

હરિના ભક્તને કેવો હરિ વહાલો હૃદયથી છે !
પડે સાચી સમજ ઊંડી હૃદય જે ભક્તનું તેને.

હરિઃૐ

## સમજદારીની સંગાથે બઢેલી જવાબદારી છે

સમજદારી જીવન વિશે બઢતી, સ્ફુરતી ગયેલી છે,
મને સભાન તેજસ્વી જીવનમાં શો બનાવ્યો છે !

સમજદારીની સંગાથે બઢેલી જવાબદારી છે,
હરિને તેથી ભજવાની ગરજ મારી વધેલી છે.

સમજ જેમ આવી છે તેમ, જીવનહેતુ ઊંડો હૈયે
-ઊતરી ઊતરી જ સમજાવા હૃદય લાગ્યો બધી રીતે.

સમજ ધ્યેય પરત્વેની ન ખાલી તે પડી રહે છે,
ક્રિયાવંત થતી રહેતી, સમજનું એ જ લક્ષણ છે.

શ્રીહરિની કૃપા શી કે મને એણે ઉપર લઈને !
હવે ક્યાંનોય તે ક્યાંય ઉરાડી દિલ મૂક્યો છે.

હરિઃૐ

## ભૂલેચૂકે કદી તારું થયેલું વિસ્મરણ ના છે

હું નાલાયક પૂરેપૂરો કશા ના ઢંગધડા મુજ છે,
મને એવા નફટને તો છતાં શો તેં નભાવ્યો છે !

કદીક તારી તરફ પીઠ हरि में ફેરવેલી છે,
છતાં જોયા વિના સામું તરફ તારી ન ચાલ્યું છે.

ગમે તેમ ભલે ભટક્યો છતાં ના વીસર્યો તુજને,
ભૂલેચૂકે કદી તારું થયેલું વિસ્મરણ ના છે.

હૃદય એકીટશે તુજને સતત નીરખ્યા કરેલો છે,
કદી તારા તરફની તો નજર મારી હઠી ના છે.

હરિઃૐ

# हरिमां जीव घालीने थयो रसबस हरि विशे

કશી ના આવડત મુજમાં, કશું ડહાપણ ન મુજમાં છે,
જીવનમાં કૈં જ અક્કલની કશી ના હોશિયારી છે.

જીવનમાં કૈં મને લોકે શું લાતે તો ચઢાવ્યો છે !
મને સંસારમાં આંટા નકામા શા મરાવ્યા છે !

અહીંથી ત્યહીં ફગાવ્યો છે, શી ફેંકાફેંક કીધી છે !
હું અથડાયો ભૂંડી રીતે, પછી દિલ સાન આવી છે.

हरिनुं शरणुं शोधीने, हरिपदमां वळी जईने,
हरिमां जीव घालीने थयो रसबस हरि विशे.

હરિઃૐ

# જીવનમાં ઊર્ધ્વ ને ઊર્ધ્વે અમારે ઊડવાનું છે

રખડી, રખડી નકામું તો કંઈ કાંદા ન કાઢ્યા છે,
જહીં સમજાયું દિલમાં તે, તુરંત જાગી ઉઠાયું છે.

ઊઠીને, કામ પર વળગી ગયેલો હું સતત ખંતે,
ન થંભેલો કદી પણ કંઈ કશો આરામ લેવાને.

પરિશ્રમ ખૂબ કરી કરીને સપાટીથી ગગન પર તે
-ઊડ્યા કરવાનું રાખીને, રહ્યો આકાશગામી જે.

જીવનમાં ઊર્ધ્વ ને ઊર્ધ્વે અમારે ઊડવાનું છે,
થયા વિના ઠરીઠામ કદી ના જંપવાનું છે.

હરિઃૐ

# જીવનના સ્રોતની સાથે થઈ રસબસ વહેવું છે

જીવનપ્રવાહની સાથે વહેવાનું અમારે છે,
ખડક વચ્ચેની અથડામણ શી વારંવાર પ્રગટે છે !

ભલે વાગે, તૂટે શિર છો, છતાં ના ગણતરી દિલ છે,
અમારે તો વહેવામાં અમારું લક્ષ પ્રોવું છે.

વહેતા નિત્ય રહેવું છે ન અટકી ક્યાંય પડવું છે,
જીવનના સ્રોતની સાથે થઈ રસબસ વહેવું છે.

જીવન ના સાંકડું ક્યાંયે સમુદ્રથીય મોટું છે,
મપાયું તો જીવન કદી પણ મપાવાનું જરી ના છે.

હરિઃૐ

## ચરણમાં સ્થાન બક્ષીને હૃદય ચાંપી લીધેલો છે

જરા સરખો જીવનમાં ના કશો ઈતબાર મારો છે,
છતાં ઈતબાર મારો તેં કરીને પ્રેમ રાખ્યો છે.

કરેલું આડુંતેડું છે, ચલાયું વાંકુંચૂકું છે,
છતાં તે સામું જરીકે પણ હરિ તેં તો ન જોયું છે.

રઝળતો ને રખડતો હું જહીં આવ્યો છું તુજ પાસે,
હૃદય કેવા ઉમળકાથી શું બેસાડ્યો મને પાસે !

ઊણો બહુ રીતથી હું તો, છતાં તેને કૃપા કરીને,
ચરણમાં સ્થાન બક્ષીને હૃદય ચાંપી લીધેલો છે.

હરિઃૐ

## પ્રભુ તુજ ઓથને લીધે કૂદી ડુંગર જવાયું છે

શરણજનને જીવનમાં તેં મૂકેલો એકલો ના છે,
મને સંગાથ તારાની હૃદય હૂંફ રહેલી છે.

પ્રભુ તુજ ઓથને લીધે કૂદી ડુંગર જવાયું છે,
થતી મુશ્કેલીનો કેવો કરી ઉકેલ દીધો છે !

નજર સામે કદીક ભારે વિપત્તિ આવી ઊભી છે,
મને ત્યારે દઈ ટેકો ઊભો કેવો રખાવ્યો છે !

જીવનમાં એકલો માત્ર હરિને જે વરેલો છે,
હરિ તેને વધારે ને વધારે માતબર કરી દે.

હરિઃૐ

## જીવનમાં ભાવને તેથી મહત્ત્વ જીવતું દીધું છે

અમોએ શ્રીહરિનો શો ચહી છેડો જ પકડીને,
જહીં દોરે હરિ અમને જનારા એની પછવાડે.

હરિ વિના બીજું એવું ન જોવાનું રહ્યું કંઈ છે,
હરિને એકલાને બસ નીરખવાનો રહેલો છે.

ઘૂંઘટપટ ખોલીને એને નીરખવો સાવ દુર્લભ છે,
અશક્ય લાગતા એવા હૃદય કર્મે પરોવ્યું છે.

હૃદયનો ભાવ સંપૂર્ણ પ્રગટતાં કંઈ ન દુર્લભ છે,
જીવનમાં ભાવને તેથી મહત્ત્વ જીવતું દીધું છે.

હરિઃૐ

## ચહ્યા વિના હરિને ના હવે પળવાર ચાલે છે

કરી લેવા હૃદય નિજનો હરિને મેં ચહેલો છે,
ચહ્યા વિના હરિને ના હવે પળવાર ચાલે છે.

હૃદયથી ચાહવામાં તો પડે છે આડખીલી શી !
કંઈક લફરાં બીજાં વચ્ચે નડ્યાં કરતાં જ ઉપરથી.

કરું આકાશ પાતાળ હું એક, હરિ રીઝવવાને,
નમું છું જેમ ઝાઝો હું હરિ ત્યાં ભાવ માંગે છે.

ફરી ફરીને, ઝૂકી ઝૂકીને, હરિને વહાલ કરવાને,
હૃદય નિચોવીને મારું પ્રણામો હું કરું હરિને.

હરિઃૐ

## જીવનનું નવજીવન થાતાં પછી ના વાર લાગે છે

પ્રગટતો ભાવ જો રહે છે, વળી જો ચેતનાત્મક તે,
અસર તેની ફરી વળીને રૂપાંતર તે કરાવે છે.

જીવનમાં ભાવ પ્રત્યક્ષ થતો સાકાર જ્યાં રહે છે,
જીવનનું નવજીવન થાતાં પછી ના વાર લાગે છે.

જીવનમાં ભાવનું મૂલ્ય સમજવાનું મળ્યું તેથી,
હૃદયમાં ભાવની ભરતી થવા, ઉદ્યત થયો દિલથી.

નિરંતર ઊર્ધ્વ મથવાનું થવા લાગ્યું ઉમળકાથી,
સતત દિલ ભાવનું ઊગવું થયા કેવું કર્યું પછીથી !

હરિઃૐ

# હરિ વિના જીવન જીવવું કદાપિ શક્ય તે ના છે

હરિ વિના જીવન જીવવું કદાપિ શક્ય તે ના છે,
વિખૂટા દિલથી પડવાનું હરિથી, કૈં ન ગમતું છે.

હરિની સાથ જીવનનો બધો વ્યવહાર ચાલે છે,
પડું ટૂંકો હરિ સાથે જીવનમાં ચાલવામાં તો.

કદીક ટંટો કરી બેસું, કદીક ઝઘડું હરિ સાથે,
પછી પસ્તાઈને હરિને ચહું રીઝવી હું લેવાને.

કદીક શો મુખ નિજનું તે હરિ તો ફેરવી લઈને !
મને રંજાડવામાં તો હરિ આનંદ લેતો છે.

હરિઃૐ

## અમારે શ્રીહરિ સાથે મહોબતનો જ નાતો છે

અમારે શ્રીહરિ સાથે મહોબતનો જ નાતો છે,
કદીક શી બોલાચાલી કંઈ અમારે થાય હરિ સાથે !

હરિ સાથે ચડાવું છું કદીક હું રીસ ભારે તો,
ઘડીક પળવાર તે કિંતુ ટકી શકતી નથી દિલ તો.

કદીક ગોષ્ઠી શી દિલ દિલથી થતી હરિ સાથ ઉમંગે !
કદીક કાઢું બખાળા હું હરિ સામે તપી જઈને.

હરિ પણ જાય એવો ના સવાયો મુજથી કેવો તે !
મને પોકરાવતો તોબા હું ચુપકીદી ધરું ત્યારે.

હરિઃૐ

## બધો આધાર હરિ પર તો ધરી ધરી પંથ કાપ્યો છે

શું અથડાવા કદીક દીધો ! કશે ના દાવ ફાવ્યો છે,
પછી મેં હારીને હરિને વિનંતી દિલ કરેલી છે.

મને ચોક્કસ હૃદય ભાન નહોતું પથ પરત્વેનું,
બધો આધાર હરિ પર તો ધરી ધરી પંથ કાપ્યો છે.

લઈ ટેકો હરિનો મેં જીવનમાં ચાલવા વિશે
શી આડીઅવળી ગલીકૂંચી મથી મથીને વટાવી છે !

વફાદાર હરિ જેવો બીજો કોઈ માનવી ના છે,
હરિ ના માનવી તોયે, બને તે ભક્તને માટે.

હરિઃૐ

# હરિની યાદગીરીને ગણેલું છે જીવન સાચું

ભૂલેચૂકે ન અમથોયે હરિને હું ભૂલેલો છું,
હરિની યાદગીરીને ગણેલું છે જીવન સાચું.

હરિ વિના જીવન આખું શું ખાલીખમ જણાયું છે !
જીવનની સમગ્રતા વિશે વણાઈ હરિ ગયેલો છે.

હરિ તો કોઈ પણ રીતે હવે છૂટ્યો ન છૂટે છે,
ગળે વળગેલ છે મુજને જીવનમાં એકરસ થઈને.

હૃદય તો મારું ઠાલવવા હરિ તારે ચરણકમળે,
શું જેવો તેવો શ્રમ મુજથી કૃપાથી તે થયેલો છે !

હરિઃૐ

# કરી ગુસ્સો હરિ પર મેં બધી વરાળ કાઢી છે

હરિને કંઈક વેળા મેં કદીક ઊધડો લીધેલો છે,
કરી ગુસ્સો હરિ પર મેં બધી વરાળ કાઢી છે.

પછીથી દિલ પસ્તાવો મને ઊંડો થયેલો છે,
ગણ્યો જેને હૃદયપ્રેમી ન વદવું આડું શોભે છે.

કદીક આડો થઈને શો હરિની સાથ ઝઘડ્યો છું !
શી બોલાચાલી હરિ સાથે થઈ, તતડી ઊઠેલો છું !

વિવેક સાવ વીસર્યો છું, શી ચાલી નમ્રતા ગઈ છે !
અક્ષમ્ય સાવ મૂર્ખામી, શી નફટાઈ કરેલી છે !

હરિઃૐ

## હરિને તેથી વીનવીને કર્યા શા કાલાવાલા છે !

કદીક હરિએ અમો સાથે શું મુખ મોડી દીધેલું છે !
અમારી સાથ તો દૃષ્ટિ હરિએ આડી કીધી છે.

પછી પલવાર તો નભવું કદી પણ શક્ય કંઈ ના છે,
હરિને તેથી વીનવીને કર્યા શા કાલાવાલા છે !

હરિને દિલ રીઝવવાને મથ્યો છું હું બહુ રીતે,
છતાં કેમે કર્યો હરિ તો જરા સરખો ન હાલ્યો છે.

હરિ ને મારી વચ્ચેનો હૃદય ચડભડાટ, તેનો મેં
-ઉકેલ કાઢી દેવાને હૃદય મુજથી મથાયું છે.

હરિઃૐ

# ભજ્યા કરવાનું હરિને મેં સતત દિલમાં કરેલું છે

ભજ્યા કરવાનું હરિને મેં સતત દિલમાં કરેલું છે,
જરીક ચૂકતાં મને મેં તો ઝૂડી નાંખેલ ત્યારે છે.

કદી મુજ ભૂલની મેં તો દયા સહેજે ન ખાધી છે,
મને મેં નિત્ય ને નિત્ય ટકોર્યાં ખૂબ કીધો છે.

જીવનમાં કેટલીક વાર ઊંધું મુજથી ચલાયું છે,
પડી સમજણ જતાં એની મને ના વાર લાગી છે.

જીવનમાં ધ્યેયની રીતનું બધું વર્તન કર્યાં કરીને,
જીવન સાફલ્ય કરવાને થયો ઉદ્યત મથી મથીને.

હરિઃૐ

## હરિ સામું સતત નીરખી થયું મુજ ચાલવાનું છે

હરિને રાહબર મારા જીવનનો મેં ગણેલો છે,
ગણ્યો છે માત્ર ના કિંતુ, સ્વીકારેલો હૃદયથી તે.

પડેલી ગૂંચ કશી પણ છે, હરિને મેં હૃદય વિશે
-પૂછી પૂછીને હૃદયથી મેં સલાહ તો લીધેલી છે.

હૃદય એકાગ્રતા લીધે જીવનમાં ગૂંચવાડાનો
-બધો ઉકેલ આવી તે જતો લાગે જ મેળે શો !

ચીંધેલું જે હરિનું છે, ન તેમાં ખોડખાંપણ છે,
હરિ સામું સતત નીરખી થયું મુજ ચાલવાનું છે.

હરિઃૐ

## હવે કટકા થયા વિના જરી નવ જંપનારા તે

હરિને દિલ અનુભવવા મરણિયો પક્વ નિશ્ચય છે,
હવે તેમાંથી હઠવાનું બની શકવાનું ના કંઈ છે.

ચઢેલા યુદ્ધમાં બંકા જવાંમર્દ થઈ જઈને,
હવે કટકા થયા વિના જરી નવ જંપનારા તે.

વિજયડંકો વગાડીને પ્રકૃતિના સકંચેથી,
થઈ મુક્ત પૂરેપૂરા પછી રણશિંગું ફૂંક્યું છે.

વિજયનો કેફ ના દિલ છે, વિજયનો રંગ મહાલીને,
વિજયનાં પ્રાણ ને હાર્દ અમે નિજનાં કરેલાં છે.

હરિઃૐ

## જીવન જીવવું હરિ વિના કશો ના અર્થ તેમાં છે

હરિના ભાવમાં જીવવું ખરે સાચું જ જીવવું તે,
બીજી રીત જીવવું એને અમે મિથ્યા ગણેલું છે.

જીવન જીવવું હરિ વિના કશો ના અર્થ તેમાં છે,
હરિસોબત થતાં દિલની શી મિત્રાચારી જામી છે !

હરિ કાચા સૂતરધાગા થકી બંધાયેલો શો છે !
છતાં કેમે કરી તૂટ્યો હવે તૂટી શકે ના તે.

હવે તો હૃદય-હૃદય સાથે શું એકાકાર શ્રીહરિ છે !
હૃદય ન્યોછાવરી કરીને વરેલા શા અમે એને !

હરિઃૐ

## હરિ તારા વિના સહેજે કશે ના ડગ ભરાતું છે

સકંચામાં પ્રભુ તારા મને તેં બાંધી રાખ્યો છે,
મને તેં આડોઅવળો તો કશે ખસવા ન દીધો છે.

છતાં સ્વતંત્રતા મુજને પૂરેપૂરી શી બક્ષી છે !
ગુલામ પ્રેમનો તારા બનાવી તેં દીધો મુજને.

મનાદિ એકદમ કેવાં પૂરાં વારી ગયેલાં છે,
તને દિલથી નીરખવામાં હવે શાં મસ્ત બનિયાં છે !

હરિ તારા વિના સહેજે કશે ના ડગ ભરાતું છે,
છતાં લાચારી જીવનમાં કદી મુજને ન આવી છે.

હરિઃૐ

## હૃદય ભીંજવી હરિભાવે હરિપદ સૂઈ રહેવું છે

હરિનાં ચરણને નિજનું હૃદયઘર માની લીધું છે,
હરિપદમાં ભજનભાવ થકી ટકીને જ જીવવું છે.

સતત એ ભાવથી જીવી હરિમાં દિલ લગાડીને,
હૃદય ભીંજવી હરિભાવે હરિપદ સૂઈ રહેવું છે.

હરિમાં એકધારું દિલ લગાડીને લગાડીને,
હૃદયના ભાવનું સિંચન સતત હરિને કરેલું છે.

ચરણની એવી દિલસેવા અમે ભાવે કરેલી છે,
ખરું રળવાનું જીવનનું અમે જેથી રળ્યા છીએ.

હરિઃૐ

# કૃપાથી આશરો આપી પ્રતિષ્ઠા મારી જાળવજે

ન છોડ્યો છોડી શકવાનો અમારાથી કદી તુજને,
પડેલાં તારી સંગાથે હવે પાનાં અમારાં તે.

લગન તુજ સાથ લાગેલી થયેલાં લગ્ન તેથી છે,
છૂટાછેડા હવે મુજથી થઈ શકનાર ના કંઈ છે.

પડ્યાં પાનાં નિભાવી લઈ પદે તારા શરણજનને
-કૃપાથી આશરો આપી, પ્રતિષ્ઠા મારી જાળવજે.

ચહ્યું તુજ કામ કરવાને ઉમળકાથી મથીશ હું તો,
થતાં ભૂલચૂક, માફી તું પતિતને આપજે, યાચું.

હરિઃૐ

## શરણ જેમ જેમ થવાતું છે, હૃદય ખુલ્લું થતું ગયું છે

હું બુડથલ સાવ અજ્ઞાની કશી ના સમજ મુજમાં છે,
છતાં એવો શરણ તારે કૃપાથી તો ઢળેલો છે.

શરણ જેમ જેમ થવાતું છે, હૃદય ખુલ્લું થતું ગયું છે,
હરિ તારો થવા મુજને હૃદયમાં લોભ લાગ્યો છે.

હૃદય આકર્ષણે તારા હવે ખેંચાતું તે રહે છે,
મતિનો ભ્રમ ગયો ભાંગી, પ્રવેશી ભક્તિ મતિમાં છે.

પછી તો પ્રાણ પણ હરિમાં શું રોકાયેલ લાગે છે,
મતિ, પ્રાણ પરોવાતાં શ્રીહરિનાં તે ચરણકમળે,
અહં, મન, ચિત્ત પાછળ તે ઢસેડાતાં થયેલાં છે,
ઢસેડાતાં, સતત લગની હરિમાં ચોંટી ગઈ છે તે.

હરિ:ૐ

## થઈ ખુશ મારી પર તેં તો મને અંકે લીધેલો છે

તને મેં લક્ષમાં ધરીને હૃદયની વાત કીધી છે,
સરળ ને સચોટ ઉપાય ન દર્શાવ્યો મને તેં છે.

છતાં હું મારી મેળે શો મથ્યા કરતો રહેલો છું,
થતાં શ્રમની તપશ્ચર્યા થકી પલળેલ દિલમાં શું.

થઈ ખુશ મારી પર તેં તો મને અંકે લીધેલો છે,
મને શી ઉપરાઉપરી દીધેલી બોકી કેવી તેં !

બધાંના દેખતાં મુજને કર્યું છે વહાલ દિલથી તેં,
શું અંધારા વિશે થયું મુજને જ્યોતિનું દર્શન છે !

હરિઃૐ

## સ્મૃતિ હરિની ઊંડા દિલની જીવનની શક્તિ-લક્ષ્મી છે

હરિ સાથે શી દિલ દિલની અમારે ગોઠડી થઈ છે !
હસાવે કે સતાવે છો, બધુંએ એનું વહાલું છે.

અમારી દૃષ્ટિ ને વૃત્તિ નરી અધકચરી કેવી છે !
જતાં બગડી કશુંક એવું, અમોને સુધરાવે છે.


તને દિલ યાદ કરવાનો જીવન લહાવો અમારો છે,
સ્મૃતિ હરિની ઊંડા દિલની જીવનની શક્તિ-લક્ષ્મી છે.

જીવનમાં તો હરિ વિના અમારું બેલી ના કોઈ છે,
અમારે શિર ગર્જંતો સમર્થ શો ધણી હરિ છે !

હરિ:ૐ

# ખંડ - ૬

# હરિઆસ્વાદ



અમર આશા હરિ મુજ છે, અમર ટેકો હરિનો છે,
અમર વિશ્વાસ, શ્રદ્ધા છે, અવિચળ પ્રેમ હરિનો છે.

હરિઃૐ

## હરિના સાથની કેવી ટકોરાબંધ સોબત છે

હરિની ઓથની ખુશબોતણી લહેજત અનુપમ છે,
હરિના સાથની કેવી ટકોરાબંધ સોબત છે.

કળા, કરામત હરિકેરાં કળ્યામાં આવી શકતાં ના,
અમર્યાદિત છતાં પાછી, શી એને સર્વ મર્યાદા !

હરિ સોબતની જીવનમાં ટટારી ને ખુમારી છે,
હરિ લીધે જીવનનું તે બધું અસ્તિત્વ લાગે છે.

પડે બોલાવવો એને ખરેખર તો કદી પણ ના,
હરિનું એવું સગપણ છે, હૃદય તાદાત્મ્ય કેવું ત્યાં !

હરિઃૐ

# વિના ચાહ્યા જ શ્રીહરિને હવે તો ના જિવાતું છે

હવે ના ખોટ મારે છે, બધું ભરપૂર ભરેલું છે,
હરિ દરબારમાં મારો હવે ભાવ પુછાતો છે.

હરિની નોકરી કરવા મળી, સદ્‌ભાગ્ય મારું તે,
કદીક ભૂલચૂક થતાં મારી ખબર હરિ લઈ જ નાખે છે.

હરિનો છું ભલે નોકર, છતાં હેત હરિ પર છે,
વિના ચાહ્યા જ શ્રીહરિને હવે તો ના જિવાતું છે.

હરિને વહાલ કરવાને ઉમળકો દિલ ઊછળતો છે,
હરિની સાથ સગપણનો હૃદય દાવો અમારો છે.

હરિઃૐ

## હરિની એક મારે તો થઈ સોબત જીવનમાં છે

ન ઊડઝૂડિયા કશું કામ હવે અમથી થવાનું છે,
અમે શા હજૂરિયા એના કહ્યામાં એહના છીએ.

હુકમ તાબે પૂરેપૂરા અમે કેવા રહેલા તે !
હરિ ને એકલો હું જે, બરાબર જાણીએ છીએ.

હરિ સાથે શી દિલ દિલની મહોબત પ્રેમની જાગી !
હરિની સાથ રમવાની પડે મોજ અનોખી જે.

હરિની એક મારે તો થઈ સોબત જીવનમાં છે,
હરિ વિના હવે જીવવું જિવાતું ના ઘડીભર છે.

હરિઃૐ

## બધે જ્યાં ત્યાં શી ગર્જતી હરિની બોલબાલા છે

મને શરણે દઢાવીને પતિતની લાજ રાખી છે,
પતિતને ના પતિત રહેવા દીધેલો છે કૃપા કરીને.

કૃપા જેને શ્રીહરિની છે, પદે શરણે ઢળેલો જે,
મને નિજનો ગ્રહી લઈને પદે બેસાડી દીધો છે.

કમીના કોઈ વાતે ના હવે મારે રહેલી છે,
હરિ હાજરાહજૂર જ્યાં છે, પછી શું પૂછવાનું છે !

બધે જ્યાં ત્યાં શી ગર્જતી હરિની બોલબાલા છે !
હરિના આણ વર્તુળમાં સમાવેશ બધાંનો છે.

હરિઃૐ

# હરિ શો સર્વની સાથે પૂરો તે મેળ પાડે છે

હરિલીલા લીધે અદ્‌ભુત જીવન રંગીલું કેવું છે !
જીવનની ભાત જુદી છે જીવનરંગત રસીલી છે.

પળેપળની કળા નૌતમ જીવનમાં ખીલતી રહે છે,
હરિની હાજરીની તે શી નોબત ગૂઢ, સૂક્ષ્મ જ છે !

હરિ ના એકલો પોતે ભટકતો ક્યાંય ફરતો છે,
હરિ શો સર્વની સાથે પૂરો તે મેળ પાડે છે !

હરિ મુજ ગરીબની કેવી જીવનમાં ભાળ રાખે છે !
કદી ઓશિયાળું તો મુજને જરી ના લાગવા દે છે.

હરિઃૐ

# હરિ સાથેની સોબતમાં ચમત્કારિક મસ્તી છે

હરિની સાથ તો નાતો હવે બંધાઈ ચૂકેલો છે,
હરિને તો હૃદય સાથે ઊલટથી ચાંપી લીધો છે.

ગતકડાં દિલ કરવાની હરિ સાથેની લિજ્જત છે,
હરિને ગેલ કરવાં શો નશો ચઢતો રૂંવે રૂંવે !

રમત રમતાં હરિ સાથે જીવન ટૂંકું પડે છે તે,
હરિ સાથેની સોબતમાં ચમત્કારિક મસ્તી છે.

હરિ બ્રહ્માંડમાં પોતે વણાઈ શો ગયેલો છે !
હરિથી કોઈ જુદું ના, બધું ઓતપ્રોત હરિમાં છે.

હરિઃૐ

## થતાં સોબત હરિ સાથે હરિનો રંગ લાગ્યો છે

હરિમાં જીવવાકેરી મને ચાવી જડેલી છે,
હવે તો જીવવું હરિમાં ખરું જીવવાનું સાચું તે.

હરિની પ્રેમભક્તિમાં વહ્યા કરવાનું ગમતું છે,
હરિ કેવો રમાડે છે, ગગન કેવો ઉરાડે છે !

થતાં સોબત હરિ સાથે હરિનો રંગ લાગ્યો છે,
નધણિયાતો મટી જઈને ધણીવાળો થયેલો જે.

હરિને એકલાને બસ નજર સામે ધરી ધરીને,
સહજ કટાક્ષ શો એનો હૃદય ઉછાળી મૂકે છે !

હરિઃૐ

## જીવનપ્રવાહમાં એના વહેવાનું અમારે તો

હવે તો શી હરિ સાથે અમારી લેણદારી છે !
હતી હરિ સાથ દેણદારી હવે બદલાઈ ગયું સહુ છે.

કશી કોઈ રીતનો દાવો હરિ સાથે ન કરવાનો,
અમારો તે, હું તેનો શો બનેલો છું જીવનમાં તો !

હરિથી ના અમારો તો થવાનો ક્યાંય છુટકારો
જીવનપ્રવાહમાં એના વહેવાનું અમારે તો.

ધણીધોરી જીવનકેરો અમારો માત્ર એક જ છે,
અમોને તેથી તો દિલમાં શી ધરપત વળી ગયેલી છે !

હરિ:ૐ

# જીવનમાં તો બધી રીતના પતી ઝઘડા ગયેલા છે

કશું અડસટ્ટે જીવનમાં હવે ના વિચારવાનું જે,
જીવનમાં તો હવે એના ઈશારે ચાલવાનું છે.

કશા ના તર્કવિતર્ક, દલીલ કોઈ રહી ના છે,
ન શંકા કે કુશંકા ના, ન સંશય કોઈ પ્રકારે છે.

જીવનમાં કોઈ પણ રીતની અમારી ધારણા ના છે,
જીવનમાં ધારણા હરિની હવે બસ એકલાની તે.

જીવનમાં તો બધી રીતના પતી ઝઘડા ગયેલા છે,
જીવનમાં શો હરિ સાથે હવે નેડો જ લાગ્યો છે !

હરિ:ૐ

## હવે હરિથી જિવાતું છે, શું શ્વાસોશ્વાસ હરિ મુજ છે

કુપાત્ર હું પૂરેપૂરો કશી વાતે ન બાકી છું,
હું એવાને છતાં હરિએ ચરણમાં સંઘરેલો શું !

હરિ ઓથ જીવનમાં જ્યાં મળી, ત્યાં જોર વર્ત્યું છે,
શું નબળામાંથી સબળામાં જવાયું ફેરવાઈ છે !

લૂલો કેવો હતો પૂરો ! છતાં જ્યાં ચરણમાં લીધું
-શરણ હરિનું, જીવનમાં તો શહૂર પ્રગટેલ ત્યારે શું !

હવે હરિ માત્ર જીવનમાં જીવાદોરી શી મારી છે !
હવે હરિથી જિવાતું છે, શું શ્વાસોશ્વાસ હરિ મુજ છે !

હરિઃૐ

## જીવનમાં ન્યાલ સંપૂર્ણ હરિથી શા થવાયું છે !

મને જ્યાં ભૂખ લાગી છે, ગમે તેવુંય ભાવ્યું છે,
વળી શો સ્વાદ લાગ્યો છે ! શી અપરંપાર અચરજ છે !

ન દીઠાનું જીવન વિશે કૃપાથી તારી દીઠું છે,
ચમત્કારિક, અદ્‌ભુત, રસીલું ઑર મૌલિક તે.

મળેલું એવું જે, તેનું ન વર્ણન કરી શકાયે છે,
થતાં જમવાનું જ્યાં એને, હૃદય પરખાય છે ત્યારે.

જીવનમાં ન્યાલ સંપૂર્ણ હરિથી શા થવાયું છે !
જૂની આંખે નવાં ચશ્માં મને પહેરાવી દીધાં છે.

હરિઃૐ

## અમર વિશ્વાસ, શ્રદ્ધા છે, અવિચળ પ્રેમ હરિનો છે

મળ્યો જ્યાં તુજ સમો સાથી, બધો ભાંગી ગયો ભ્રમ છે,
થયો નિશ્ચિત સૌ વાતે, હરિની મહેરબાનીએ.

ઊંડા ખાડા વિશે કેવો કદીક હું તો પડેલો જે,
હરિએ હાથ ઝાલીને ઉપર આણી દીધેલો છે.

ઉપર ચઢતાં, ઉપર ચઢતાં પડેલો શ્રમ મને ભારે,
પરંતુ થાક ઊતર્યો છે, જહીં તુજ કર ફરેલો છે.

અમર આશા હરિ મુજ છે, અમર ટેકો હરિનો છે,
અમર વિશ્વાસ, શ્રદ્ધા છે, અવિચળ પ્રેમ હરિનો છે.

હરિઃૐ

## પ્રતિષ્ઠા રાખી છે મારી અણીટાણે જીવન વિશે

ન બળ મારું કશું પણ છે, બધું બળ શ્રીહરિનું છે,
ટકું, જીવું હરિબળ પર, હરિબળનો ભરોંસો છે.

હવે જીવનમાં હું ક્યાંયે કદી પણ એકલો ના છું,
હરિ જીવનનો સંગાથી રહ્યો મારો ખરેખર શો !

વિપત્તિ, ગૂંચ, મુશ્કેલી જીવનમાં આવતી જ્યારે,
લગાડી વાર ના, સૌ તે હરિએ ટાળી નાખી છે.

પ્રતિષ્ઠા રાખી છે મારી અણીટાણે જીવન વિશે,
કૃપા કરી તેં ગરીબડાને બનાવ્યો માલદાર જ છે.

હરિઃૐ

## હરિ પ્રત્યક્ષ તુજ સહાય શી વર્તાઈ જીવનમાં છે !

મને તારા સમો જ્યારે જીવનમાં સાથ મળિયો છે,
કમીના કોઈ વાતે ના પછી મારે રહેલી છે.

બધું જે જોઈતું મારે જીવન મળતું રહેલું છે,
ભૂલેચૂકેય કદી પણ તેં ન પડવા ખોટ દીધી છે.

બધી વાતે જ નિરાંત જીવનમાં તેં વળાવી છે,
हरि પ્રત્યક્ષ તુજ સહાય શી વર્તાઈ જીવનમાં છે !

થઈ બાદશાહ જીવનમાં ફરું છું સાવ નિશ્ચિંતે,
મને કેવા બધા લોકો સલામો નિત્ય ભરતા છે !

हरि તુજ નેકી પોકારું હૃદયના હર્ષ ઉન્માદે,
हरि તુજ વહાલ પેખીને હૃદય રોમાંચ સેવે છે.

હરિઃૐ

## કશો વલોપાત કરવાનો હવે મારે રહ્યો ના છે

કશો વલોપાત કરવાનો હવે મારે રહ્યો ના છે,
કશું ચિંતાનું કારણ પણ જીવનમાં ના રહેલું છે.

ઉપાધિ, ગૂંચ, મુશ્કેલી, વિપત્તિ આવતી મુજને,
કૃપા કરીને હરિએ તો બધી તે ટાળી દીધી છે.

હવે તો માત્ર મુજ ભાગ્યે હરિ ભજવું રહેલું છે,
ભજન, કીર્તન, સ્મરણ એ તો હવે ખોરાક મારો છે.

હરિ ભજતાં, હરિ ભજતાં કદી નવ થાક લાગ્યો છે,
ઊલટું ઉત્સાહનું પૂર હૃદય ત્યારે ચઢેલું છે.

હરિઃૐ

# કૃપાથી તારી શાબાશી મળી ચૂકી જીવનમાં છે

કશું ના ઓછુંવત્તું છે, બધું સરભર થયેલું છે,
હિસાબ મારો જીવનમાં થઈ પાકો ગયેલો છે.

થયેલી નોકરીનો તેં પગાર ચૂકવી દીધો છે,
ભલામણપત્ર ઉપરથી સરસ તેં લખી દીધેલું છે.

કૃપાથી તારી શાબાશી મળી ચૂકી જીવનમાં છે,
છતાં પણ કંઈ જ સિફારસ તને મેં ના કરેલી છે.

નજીકમાં સાવ નજદીક છું, કદીક ભેટી પડાયે છે,
છતાં જાણે ન ઓળખતો હોઉં એમ વર્તતો હું જે.

હરિઃૐ

## હરિના થઈ જ જીવવામાં જીવનની કૃતાર્થતા શી છે !

હરિ વિના હવે પરવા અમારે કોઈની ના છે,
છતાં સંસારની પ્રત્યે અમોને અણગમો ના છે.

બધાંની સાથ સદ્‌ભાવ કૃપાથી શો જીવંતો છે !
હરિની ઓથ હોવાથી શી અલમસ્ત ખુમારી છે !

વિપત્તિ, દુઃખ, મુશ્કેલી અને અડચણ વિશે હરિને
-હૃદયથી યાદ કરી કરીને અમે બળ મેળવેલું છે.

હરિ પોકારતાં કેવો હૃદય આનંદ ઊછળે છે !
હરિના થઈ જ જીવવામાં જીવનની કૃતાર્થતા શી છે !

**॥ હરિઃ ૐ ॥**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હ્દયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

૧૩. આર્તપોકાર ૧૯૫૪
૧૪. અભ્યાસીને ૧૯૬૭
૧૫. જિજ્ઞાસા ૧૯૭૦
૧૬. ભાવ ૧૯૭૧
૧૭. જીવનઝલક ૧૯૭૧
૧૮. જીવનસૌરભ ૧૯૭૧
૧૯. જીવનઅનુભવગીત ૧૯૭૧
૨૦. જીવનસ્મરણ ૧૯૭૧
૨૧. શ્રદ્ધા ૧૯૭૧
૨૨. જીવનલહરી ૧૯૭૧
૨૩. જીવનતપ ૧૯૭૨
૨૪. જીવનરસાયણ ૧૯૭૨
૨૫. જીવનઆહ્લાદ ૧૯૭૨
૨૬. રાગદ્વેષ ૧૯૭૨
૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | |
|---|---|
| ૧૭. દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

॥ હરિઃૐ ॥

જીવનમાં તો હરિ સ્મરવા મને મન જે થયેલું છે,
મહદ સદ્‌ભાગ્ય જીવનનું હું માનું છું હૃદય તેને.

જીવનનો સર્વ મુજ બોજો હરિ તેં ઉપાડી લીધો છે,
હવે હળવો હું ફૂલ જેવો કૃપા તુજથી થયેલો જે.

જીવનમાં જો સ્મર્યા હરિ ના, બધુંએ ધૂળધાણી છે,
હૃદયથી ખાઈખપૂસીને હરિનો છેડો પકડ્યો છે.

ભજન, કીર્તન સ્મરણથી શી મળી જાહોજલાલી છે !
પ્રતિષ્ઠા પણ જીવન વિશે હરિથી તો મળેલી છે.

વિપત્તિ, દુઃખ, મુશ્કેલી અને અડચણ વિશે હરિને,
હૃદયથી યાદ કરી કરીને અમે બળ મેળવેલું છે.

- શ્રીમોટા

*‘જીવનપ્રવાહ’, ત્રીજી આ., પૃ. ૨, ૧૩, ૩૪, ૩૫, ૨૧૪*

કિંમત : રૂ. ૨૦/-